પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮

# બાળવિશ્વ

વર્ષ-૧૨, અંક-૦૧, જાન્યુઆરી, ૨૦૨૪, કિંમત : ₹ ૫૦/-







विकसित भारत अभियान
100 YEARS
1947 TO 2047





# વિકસિત ભારત@2047

Shree Narendra Modi Inspirational Lecture Series

યજ્ઞ વ્યાખ્યાનમાળા અંતર્ગત

# લેક્ચર સિરિઝ

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,** ગાંધીનગર, વિશ્વની એકમાત્ર અને અજોડ યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીની સંકલ્પના અને આકાર દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રી આદરણીય **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** 2009માં કરી હતી. આ યુનિવર્સિટીના કેન્દ્રમાં બાળકોનો સર્વાંગીણ વિકાસ છે. યુનિવર્સિટી સતત એ દિશામાં અગ્રેસર છે. યુનિવર્સિટીનો વ્યાપ આખું વિશ્વ છે અને તે લોકલથી ગ્લોબલ સુધીની યાત્રા ખેડવા સક્ષમ છે. સમાજના દરેક વર્ગને તેની સેવાઓથી લાભાન્વિત કરવા હંમેશાં તત્પર રહે છે. આવી અનન્ય યુનિવર્સિટી સરકારશ્રી સાથે સતત સંકલનમાં રહી લોકજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરે છે.

ભારત દેશના માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** વિકસિત ભારત@2047ની વાત દેશ સમક્ષ મૂકી કે જ્યારે દેશ આઝાદીના અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે. દરેક ભારતીયના રોમેરોમમાં રાષ્ટ્ર પ્રેમ જગાડવા અને ઈતિહાસનું પુનઃસ્મરણ કરીને દેશને નવી દિશા અર્પણ કરવા પ્રધાનમંત્રીશ્રી દ્વારા 'વિકસિત ભારત@2047' યુવાનોને આહ્વાન કર્યું છે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના તમામ અધ્યાપકોએ 'વિકસિત ભારત@2047' અંગે ગુજરાત રાજ્યના મહત્તમ જિલ્લાઓમાં જઈ 'વિકસિત ભારત@2047' સંદર્ભે વ્યાખ્યાન યોજ્યાં હતાં.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરમાં ચાલતા સેન્ટર ઓફ ટ્રેનિંગ અંતર્ગત કાર્યરત 'ગિજુભાઈ એલિમેન્ટરી એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ' (GEET) વિભાગ દ્વારા **'યજ્ઞ'** (શ્રી નરેન્દ્ર મોદી ઇન્સ્પીરેશનલ લેક્ચર સિરિઝ) અંતર્ગત ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વ્યાખ્યાન કરી યુવાનોને રાષ્ટ્ર પ્રતિ જાગ્રત કરવાનો અનન્ય ઉપક્રમ યોજ્યો હતો.

## કાર્યક્રમના હેતુઓ:

1. 'વિકસિત ભારત@2047' અંગે યુવાનોમાં જાગૃતિ લાવવી.
2. આઝાદીના અમૃતકાળમાં ઈતિહાસને અમૂલ્ય સ્થાન આપી દેશની વિકાસયાત્રામાં યુવાનોનું પ્રદાન સમજાવવું.
3. યુવાનોમાં રાષ્ટ્ર ચેતના જગાડવી.
4. 'વિકસિત ભારત'ના લક્ષ્યને હાંસલ કરવા યુવાનોમાં આત્મવિશ્વાસ અને સમર્પણની ભાવના કેળવવી.
5. 2047ના વિકસિત ભારતની સંકલ્પનાને સુદૃઢ કરવી.

## કાર્યપદ્ધતિ:

- ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના સર્વે અધ્યાપકોને ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી હતી.
- અધ્યાપકો દ્વારા ફાળવેલ જિલ્લામાં યુનિવર્સિટી અથવા સંસ્થાનો સંપર્ક કરી વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું.
- 18 થી 26 ડિસેમ્બર-2023 દરમિયાન આ કાર્યક્રમ યોજવાનો પ્રકલ્પ હતો.
- સમગ્ર રાજ્યમાં કાર્યક્રમની રૂપરેખા એક સરખી રહે તે સંદર્ભે SoP આપવામાં આવી હતી.

## ઉપસંહાર:

ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલ 38 અધ્યાપકોએ 45 સ્થાનો ઉપર 'યજ્ઞ' વ્યાખ્યાનમાળા (વિકસિત ભારત@2047) યોજી હતી, જેમાં કુલ 13,294 વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા હતા.

# બાળવિશ્વ

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

**વર્ષ : ૧૨, અંક : ૦૧**

**જાન્યુઆરી, ૨૦૨૪**



તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

સંપાદક મંડળ

**ડૉ. નીતિન પેથાણી**

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**

**ડૉ. ટી.એસ. જોશી**

**ડૉ. નીલેશ પંડ્યા**

**ડૉ. કૃણાલ પંચાલ**

ભાષાશુદ્ધિ

**ડૉ. સંજય પટેલ**

ડિઝાઈન અને ટાઈપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**



**Printed & Published by :**
Shree Amit Jani on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar



**પત્રવ્યવહારનું સરનામું**

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૧
ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઈ-મેલ : balvishva@cugujarat.ac.in
વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar


## આ અંકમાં વાંચીશું...

विकसित भारत अभियान 1947 TO 2047


- માન. વડાપ્રધાનશ્રીનું પ્રવચન — ૦૨ — યોગેન્દ્ર પટેલ (સંકલન)
- સંપાદકીય — ૦૫ — ડૉ. કૃણાલ પંચાલ
- ગુડ ગવર્નન્સ और... — ૦૬ — प्रो. राजुल गज्जर
- સશક્ત શિક્ષણ — ૦૮ — ડૉ. કિશોરસિંહ ચાવડા
- યુવાઓ અને વિકસિત ભારત — ૧૧ — પ્રો. નિલાંબરી દવે
- Securing India — ૧૨ — Prof. Trupti Almoula
- રાષ્ટ્રનિર્માણમાં માતાપિતા — ૧૩ — પ્રો. ડૉ. રક્ષાબેન પ્ર. દવે
- તેજસ્વી બાળક દ્વારા... — ૧૬ — ડૉ. મનહર ઠાકર
- સુદૃઢ પરિવારથી... — ૨૦ — ડૉ. નીલેશ પંડ્યા
- ભારતીય યોગવિદ્યા... — ૨૫ — ડૉ. જિજ્ઞાસા કે. ચાવડા
- યુવાનોની નજરે — ૨૯ — ડૉ. મીનલબા જાડેજા
- વૈચારિક યોગદાન — ૩૨ — ડૉ. કૃણાલ પંચાલ
- પારસમણિનું પોટલું — ૩૬ — દિનેશ લ. માંકડ
- રાષ્ટ્રની આજ અને... — ૩૮ — ડૉ. ધર્માંશુ વૈદ્ય
- શિક્ષકો અને શિક્ષણ... — ૪૦ — કોમલ સચદે
- સ્વતંત્રતાની શતાબ્દિ... — ૪૩ — ડૉ. જય ઓઝા
- સમગ્રતાપૂર્વકનો વિકાસ... — ૪૭ — મિત્તલ પટેલ
- ગાંધી વિચારમાં આર્થિક... — ૫૦ — ડૉ. રાજેશ ચૌહાણ
- બાળઉછેરની પરંપરા... — ૫૨ — ભરત મેસિયા
- પ્લાસ્ટિક મુક્તિથી... — ૫૪ — ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ
- માનવ અધિકારો દ્વારા — ૫૬ — ડૉ. ચેતના બજુડ
- સનાતન ધર્મના મૂળને... — ૫૯ — ડૉ. નરેન્દ્રકુમાર વસાવા
- માતાપિતા અને શિક્ષકો... — ૬૨ — મણિલાલ એમ. શ્રીમાળી


**બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-**
**ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.**

# વિકસિત ભારત @2047 અંતર્ગત
# શ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રેરક પ્રવચન

કેંદ્રીય મંત્રીમંડળમાં મારા સાથી ધર્મેન્દ્ર પ્રધાનજી, દેશભરમાંથી અમારી સાથે જોડાયેલા રાજ્યપાલશ્રીઓ, શિક્ષણ જગતના મહાનુભાવ, દેવીઓ અને સજ્જનો.

વિકસિત ભારતના સંકલ્પોને લઈને આજનો દિવસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હું ખાસ કરીને તમામ રાજ્યપાલોને અભિનંદન આપવા માંગુ છું કે તેઓએ વિકસિત ભારતના નિર્માણ સાથે સંબંધિત આ વર્કશોપનું આયોજન કર્યું છે. દેશની યુવાશક્તિને દિશા આપવાની જવાબદારી જે મિત્રોની છે તેઓને આપ એક મંચ પર લાવ્યા છો. શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા વ્યક્તિ નિર્માણની હોય છે અને વ્યક્તિનિર્માણથી જ રાષ્ટ્રનું નિર્માણ થાય છે. અને આજે જે કાલખંડમાં ભારત છે તેમાં વ્યક્તિનિર્માણનું અભિયાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગયું છે. હું આપ સૌને Voice of yuth workshop ની સફળતા માટે અગ્રિમ શુભેચ્છા પાઠવું છું.

મિત્રો, દરેક દેશને ઈતિહાસ એવો સમયગાળો આપે છે જ્યારે તે તેની વિકાસયાત્રાને અનેકગણી આગળ લઈ જાય છે. તે એક રીતે જોઈએ તો તે તે દેશનો અમૃતકાળ હોય છે. ભારત માટે આ અમૃતકાળ આ સમયે આવ્યો છે. આ ભારતના ઈતિહાસનો એ સમયગાળો છે જ્યારે દેશ એક Quantum jump (હનુમાન કૂદકો) લગાવવા જઈ રહ્યો છે. આપણી આજુબાજુ એવા ઘણા દેશોનાં ઉદાહરણો છે જેમણે ચોક્કસ સમયમાં એવો જ Quantum jump (હનુમાન કૂદકો) લઈને પોતાને વિકસિત બનાવી લીધા. તેથી જ હું કહું છું ભારત માટે પણ આ યોગ્ય સમય છે. સાચો સમય છે. આપણે આ અમૃતકાળની પ્રત્યેક ક્ષણક્ષણનો લાભ ઉઠાવવાનો છે. આપણે એક પણ પળ ગુમાવવાની નથી.

આપણા બધાની સામે પ્રેરણા માટે આઝાદીનો આપણો લાંબો સંઘર્ષ પણ છે. જ્યારે આપણે એક ધ્યેયની સાથે, એક ઉત્સાહના જુસ્સા સાથે આઝાદીને અંતિમ લક્ષ્ય માનીને મેદાનમાં ઉતર્યા, ત્યારે આપણને સફળતા મળી. એ સમયગાળા દરમિયાન સત્યાગ્રહ હોય, ક્રાંતિનો માર્ગ હોય, સ્વદેશી પ્રત્યેની જાગૃતિ હોય, સામાજિક અને શૈક્ષણિક સુધારની ચેતના હોય, આ તમામ પ્રવાહો એકસાથે મળીને આઝાદીના આંદોલનની તાકાત બની ગઈ હતી. એ સમયગાળા દરમિયાન કાશી હિન્દુ યુનિવર્સિટી, લખનૌ યુનિવર્સિટી, વિશ્વભારતી, ગૂજરાત વિદ્યાપીઠ, નાગપુર યુનિવર્સિટી, અન્નામલાઈ યુનિવર્સિટી, આંધ્ર યુનિવર્સિટી, કેરળ યુનિવર્સિટી જેવી અનેક સંસ્થાઓએ દેશની ચેતનાને મજબૂત કરી છે. આ તે કાલખંડ હતો જ્યારે દરેક પ્રવાહમાં યુવાનોની અંદર આઝાદી અંગેની નવી ચેતના પ્રસરી, આઝાદી માટે સમર્પિત એક આખી યુવા પેઢી ઊભી થઈ હતી. એક એવો વિચાર દેશમાં બન્યો કે જે પણ કરવું છે તે આઝાદીના માટે જ કરવું છે અને અત્યારે કરવું છે. કેટલાક ચરખા કાંતતા હતા તે પણ આઝાદી માટે, કેટલાક વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરતા હતા તે પણ આઝાદી માટે, કેટલાક કવિતાપઠન કરતા હતા તે પણ આઝાદી માટે, કેટલાક પુસ્તકો કે અખબારોમાં લખતા હતા તે પણ આઝાદી માટે, કેટલાક અખબારનાં પેજ વહેચતા હતા તે પણ આઝાદી માટે, ઠીક તેવી જ રીતે આજે દરેક વ્યક્તિ, દરેક સંસ્થા, દરેક સંસ્થાએ આ પ્રણ (સંકલ્પ) સાથે આગળ વધવાનું છે કે હું જે પણ કરું તે વિકસિત ભારત માટે હોવું જોઈએ. આપણા લક્ષ્ય, આપણા સંકલ્પોનો ધ્યેય એક વિકસિત ભારત. એક શિક્ષકના નાતે તમે વિચારો એવુ શું કરીશું કે વિકસિત ભારતના ધ્યેયમાં દેશને મદદ થાય. એક યુનિવર્સિટી તરીકે આપ વિચારો કે એવુ શું કરીએ કે ભારત તેજીથી

વિકસિત બને. આપ જે ક્ષેત્રમાં છો ત્યાં એવું શું થાય, કેવી રીતે થાય કે ભારત વિકસિત બનવાના પોતાના માર્ગમાં તેજીથી આગળ વધે.

મિત્રો, આપ જે શૈક્ષણિક સંસ્થાનું પ્રતિનિધિત્વ કરો છો, ત્યાં તમારે દેશની યુવા ઊર્જાને આ એક ધ્યેય સાથે સાંકળવાની છે. તમારી સંસ્થામાં આવનાર દરેક યુવા કોઈ ને કોઈ વિશેષતાઓ સાથે આવે છે. તેમના વિચારો ભલેને કેટલા પણ વૈવિધ્યસભર ના હોય, તે દરેકને વિકસિત ભારતના નિર્માણની ધારાથી જોડવાના છે. હું ઈચ્છું છું કે તમે બધા વિકસિત ભારત@2047ના વિઝનમાં યોગદાન આપવા તમારી મર્યાદાઓથી આગળ વધીને પણ વિચારો. Out of box વિચારો. દેશની દરેક કોલેજ અને યુનિવર્સિટીમાં વધુ ને વધુ યુવાનો આ અભિયાનમાં જોડાઈ શકે તેના માટે પણ તમારે એક ખાસ ઝુંબેશ ચલાવવી જોઈએ. નેતૃત્વ લેવું જોઈએ, સરળ ભાષામાં વસ્તુઓને સમજાવવી જોઈએ.

આજે જ, MY GOV (મારી સરકાર)ની અંદર વિકસિત ભારત@2047 વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. તેમાં વિકસિત ભારતના ધ્યેય માટે ideas એક વિભાગ છે. અને કારણ કે ideaની શરૂઆત આથી જ થાય છે. તેથી, આવા ideaની જરૂર છે જે વર્ણવે કે હું પોતે શું કરી શકું છું અને જેમ ideaમાં I (આઈ) પ્રથમ છે, ભારતમાં પણ I (આઈ) બધાની પ્રથમ છે એટલે કે, જો આપણે સફળતા જોઈતી હોય તો લક્ષ્ય પ્રાપ્ત કરવા માંગતા હોય, યોગ્ય પરિણામ લાવવું હોય તો પોતાના I (આઈ)થી જ શરૂઆત થાય છે. આ MY GOV (મારી સરકાર) પરના ઓનલાઇન આઈડિયાઝ પોર્ટલ પર પાંચ અલગ-અલગ ક્ષેત્રો પર સૂચનો આપી શકાય છે. બધાથી શ્રેષ્ઠ દસ સૂચનો માટે ઈનામની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

મિત્રો, જ્યારે હું સૂચનોની વાત કરું છું ત્યારે તમારી સામે આકાશ ખુલ્લું છે. આપણે દેશમાં એક એવી અમૃત પેઢી તૈયાર કરવાની છે જે આવનારાં વર્ષોમાં દેશની કર્ણધાર બને, જે દેશને નેતૃત્વ અને દિશા આપે. આપણે દેશની એવી યુવા સેના તૈયાર કરવી છે જેઓ દેશ હિતને સર્વોપરી રાખે, જેઓ પોતાની ફરજોને સર્વોપરી રાખે, આપણે માત્ર શિક્ષણ અને કૌશલ્ય સુધી સીમિત નથી રહેવાનું. એક નાગરિક તરીકે 24 કલાક દેશના નાગરિકો કેવી રીતે સજાગ રહે તે દિશામાં પ્રયાસો વધારવા જરૂરી છે. આપણે સમાજમાં તેવી ચેતના લાવવાની છે. કેમેરા લાગેલા હોય કે ન હોય, લોકો ટ્રાફિકની લાલ લાઈટ ઓળંગે નહી. લોકોમાં કર્તવ્યબોધ એટલો ઉચ્ચ હોવો જોઈએ કે તે સમયસર ઓફિસે પહોંચે અને તેની જવાબદારીઓને પૂર્ણ કરવા માટે આગળ વધીને કામ કરે. આપણે ત્યાં જે પણ પ્રોડક્ટનું ઉત્પાદન થાય છે તેની ગુણવત્તા એટલી સારી હોવી જોઈએ કે તેને મેડ ઈન ઈન્ડિયા તરીકે જોઈને ખરીદનારનું ગૌરવ વધી જાય. જ્યારે દેશનો દરેક નાગરિક, જે પણ ભૂમિકામાં હોય પોતાની ફરજો બજાવવાનું શરૂ કરશે તો દેશ પણ આગળ વધશે.

હવે જ્યારે પ્રાકૃતિક સંસાધનોના ઉપયોગ સાથે જોડાયેલો વિષય છે ત્યારે જળસંરક્ષણ અંગેની ગંભીરતા વધશે, જ્યારે વીજળી બચાવવાની ગંભીરતા વધશે, જ્યારે પૃથ્વીમાતાને બચાવવા માટે રસાયણોનો ઉપયોગ ઘટશે, જ્યારે પબ્લિક ટ્રાન્સપોર્ટનો મહત્તમ ઉપયોગ પ્રત્યે ગંભીરતા હશે તો સમાજ પર, દેશ પર, દરેક ક્ષેત્રમાં ખૂબ સારી હકારાત્મક અસર પડશે. હું આવાં ઘણાં ઉદાહરણો આપને ગણાવી શકું છું. તમે પણ માનશો કે આ નાનીનાની બાબતો છે પરંતુ તેની અસર બહુ મોટી હોય છે. સ્વચ્છતા માટેના જનઆંદોલનને નવી ઊર્જા કેવી રીતે આપી શકાય તે માટે પણ તમારાં સૂચનો પણ મહત્ત્વપૂર્ણ રહેશે. આપણા યુવાનો આધુનિક જીવનશૈલીની આડ અસરો સામે લડી શકે તે માટે તમારાં સૂચનો પણ મહત્ત્વપૂર્ણ રહેશે. મોબાઈલની દુનિયા ઉપરાંત બહારની દુનિયાને પણ જોવે એ પણ એટલી જ જરૂરી છે. એક શિક્ષક તરીકે તમારે આવા કેટલાય વિચારોનું બીજ, બીજ વર્તમાન અને આવનારી પેઢીમાં આપવાનું છે અને તમે પોતે પણ તમારા વિદ્યાર્થીઓ માટે રોલ મોડેલ બનવાનું છે. દેશના નાગરિકો જ્યારે દેશના હિત માટે વિચારશે ત્યારે જ એક મજબૂત સમાજનું નિર્માણ થશે. અને તમે પણ જાણો છો કે જેવી રીતે સમાજની માનસિકતા હોય છે તેવી જ ઝલક આપણે સરકારી વહીવટમાં પણ જોઈ શકીએ છીએ. હું જો શિક્ષણ ક્ષેત્રની વાત કરું તો તેને લગતા ઘણા વિષયો છે. ત્રણ-ચાર વર્ષના અભ્યાસક્રમ પછી આપણી

શૈક્ષણિક સંસ્થાઓ પ્રમાણપત્રો અને ડિગ્રીઓ આપે છે, પરંતુ શું આપણે એ સુનિશ્ચિત ન કરવું જોઈએ કે દરેક વિદ્યાર્થી પાસે કોઈ ને કોઈ આવડત અનિવાર્ય પણે હોવી જોઈએ. એવી ચર્ચાઓ, તેને લગતાં સૂચનો જ વિકસિત ભારતની યાત્રાના માર્ગને સ્પષ્ટ કરશે, તેથી તમારે દરેક કેમ્પસ, સંસ્થાન અને રાજ્ય સ્તરે આ વિષયો પર વિચાર-મંથનની વ્યાપક પ્રક્રિયાના રૂપમાં આગળ વધવું જોઈએ.

મિત્રો, વિકસિત ભારતના નિર્માણનો આ એક અમૃતકાલ એવો જ છે, જેમ આપણે પરીક્ષાના દિવસોમાં વારંવાર જોઈએ છીએ. વિદ્યાર્થીઓ તેમના પરીક્ષાના પ્રદર્શનને લઈને ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવતા હોય છે. પરંતુ તેમ છતાં તેઓ છેલ્લી ઘડી સુધી કોઈ કસર બાકી છોડતા નથી. દરેક વિદ્યાર્થીને પોતાનું સર્વસ્વ ઝંપલાવી દે છે. સમયની દરેક ક્ષણો એકજ દોરથી જોડી નાખે છે અને જ્યારે પરીક્ષાની તારીખ આવે છે અને તારીખ જાહેર થાય છે, ત્યારે એવું લાગે છે કે જાણે આખા પરિવાર માટે પરીક્ષાની તારીખ આવી ગઈ છે. માત્ર વિદ્યાર્થી જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર જ એક અનુશાસનના દાયરામાં રહીને દરેક કાર્ય કરે છે. આપણા માટે પણ દેશના નાગરિક તરીકે પરીક્ષાની તારીખ જાહેર થઈ ગઈ છે. આપણી સામે 25 વર્ષનો અમૃતકાળ છે. આપણને 24 કલાક આ અમૃતકાલ અને વિકસિત ભારતના લક્ષ્યો માટે કામ કરવાનું છે. આ વાતાવરણ આપણે એક પરિવારના રૂપમાં બનાવવા માટે આપણા બધાની સામૂહિક જવાબદારી છે.

મિત્રો, આજે વિશ્વની વસ્તી ઝડપથી વૃદ્ધ થઈ રહી છે અને ભારત યુવા શક્તિથી સશક્ત છે. નિષ્ણાતો કહે છે કે આવનારાં 25-30 વર્ષોમાં કાર્યકારી ઉંમરના સંદર્ભમાં ભારત અગ્રેસર બની જશે. તેથી ભારતના યુવાઓ પર સમગ્ર વિશ્વની નજર છે. યુવા શક્તિ પરિવર્તનના વાહક (Agent) અને પરિવર્તનના લાભાર્થી બંને છે. આજ જે યુવા સાથી કોલેજ અને યુનિવર્સિટીમાં છે તેમની કારકિર્દી પણ આ 25 વર્ષ નક્કી કરશે. આ યુવા નવા પરિવારો બનાવવાવાળા છે, નવો સમાજ બનાવવાવાળા છે, તેથી તે નક્કી કરવાનું કે વિકસિત ભારત કેવું હોય તે હક પણ વધારે અધિક આપણી યુવા શક્તિને જ છે. આ ભાવના સાથે સરકાર દેશના દરેક યુવાનોને વિકસિત ભારતના એક્શન પ્લાન સાથે જોડવા માંગે છે. દેશના યુવાનોના અવાજને વિકસિત ભારતના નિર્માણની નીતિ, રણનીતિમાં ઢાળવા માંગે છે. યુવાનો સાથે તમે મહત્તમ સંપર્કમાં રહો છો, તેથી આમાં આપ બધા સાથીઓનું યોગદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેશે.

મિત્રો, આપણે પ્રગતિના જે Road map ને અનુસરવાનું છે, તે એકલી સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે નહીં, તેને દેશ નક્કી કરશે, દેશના દરેક નાગરિકનું તેમાં ઈનપુટ હશે, સક્રિય ભાગીદારી હશે. દરેકનો પ્રયાસ એટલે કે જનભાગીદારી એવો મંત્ર છે કે એમાં મોટામાં મોટા સંકલ્પો પણ સિદ્ધ થાય છે. સ્વચ્છ ભારત અભિયાન હોય, ડિજિટલ ઈન્ડિયા અભિયાન હોય, કોરોના સામેની લડાઈ હોય, વોકલ ફોર લોકલ (સ્થાનિક માટે અવાજ) થવાની વાત હોય. આપણે બધાએ દરેકના પ્રયત્નોની તાકાત જોઈ છે. બધાના પ્રયાસથી જ વિકસિત ભારતનું નિર્માણ થવાનું છે. તમે બધા વિદ્વાનો પોતે પણ દેશના વિકાસના વિઝનને આકાર આપવાવાળા લોકો છો. યુવા શક્તિને ચેનલાઇઝ કરવાવાળા લોકો છો. એટલે તમારી પાસેથી અપેક્ષાઓ ઘણી વધારે છે.

આ દેશનું ભવિષ્ય લખવાનું આ એક મહાન અભિયાન છે. તમારું દરેક સૂચન વિકસિત ભારતના નિર્માણની ભવ્યતાને વધુ નિખારશે. ફરી એકવાર, હું તમને આજના વર્કશોપ માટે શુભેચ્છાઓ પાઠવું છું, પરંતુ આજથી આંદોલન શરૂ થઈ રહ્યું છે અને હું દ્રઢપણે માનું છું કે 2047 સુધીમાં આપણે વિકસિત ભારત બનાવી શકીએ છીએ. સાથે મળીને બનાવી શકીએ છીએ. આજે યાત્રાનો આરંભ થાય છે. નેતૃત્વ શિક્ષણવિદોના હાથમાં છે, નેતૃત્વ વિદ્યાર્થીઓના હાથમાં છે, નેતૃત્વ શિક્ષણ-જગતની સંસ્થાઓના હાથમાં છે અને આ પોતે પોતાનામાં દેશને બનાવવાવાળી અને પોતે સ્વયંને પણ બનાવવાવાળી પેઢીનો કાલખંડ છે. તે બધા માટે મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**વિકસિત ભારત@2047 વિશે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા પ્રેરક પ્રવચનનું ગુજરાતી ભાષાંતર. સંકલનઃ શ્રી યોગેન્દ્ર પટેલ**

# સંપાદકીય



ડૉ. કૃણાલ પંચાલ
મો. 9429297737

વિશ્વના દેશોમાં અનન્ય અને અજોડ રાષ્ટ્ર તરીકે ભારત ખૂબ જ અલગ સ્થાન ધરાવે છે. તેની ભવ્યતા તેના લાંબા અને વૈવિધ્યસભર ઈતિહાસમાં, તેની સમૃદ્ધ સંસ્કૃતિમાં અને તેની સુંદર પ્રકૃતિમાં જોવા મળે છે. ભારતનો ઈતિહાસ લગભગ 5000 વર્ષ જૂનો છે. આ સમયગાળા દરમિયાન, ભારતમાં ઘણી મહાન સંસ્કૃતિઓ અને શાસનો થઈ ગયાં. આ સંસ્કૃતિઓ અને શાસનોએ ભારતની સંસ્કૃતિ અને ભાષાને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ભારતની સંસ્કૃતિ વિશ્વની સૌથી જૂની અને સૌથી વૈવિધ્યસભર સંસ્કૃતિઓમાંની એક છે. તેમાં હિંદુ, બૌદ્ધ, જૈન અને ઈસ્લામિક સંસ્કૃતિઓનો સમાવેશ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, ભાષા, ફિલસૂફી, કળા, સંગીત અને નૃત્યનો સમાવેશ થાય છે. ભારતની પ્રકૃતિ પણ ભવ્ય છે. ભારતમાં ઉષ્ણકટિબંધીય જંગલો, પર્વતો, રણો અને કિનારાઓનો સમાવેશ થાય છે. સંસ્કૃતિ અને પ્રકૃતિની વિવિધતા તથા વિશેષતાને લીધે આજે પણ ભારત અડીખમ રહ્યું છે.

કોરોના મહામારી અને વૈશ્વિક મંદીના માહોલમાં પણ ભારત પોતાના વિકાસની કૂચ આગળ વધારવામાં સફળ રહ્યું છે. વિશ્વનું સૌથી મોટુ વેક્સિનેશન અભિયાન સફળ કરીને ભારતે વિશ્વને પોતાની તાકાતનો પરિચય આપ્યો છે ત્યારે વિકસિત રાષ્ટ્રોની હરોળમાં આપણે સ્થાન બનાવવું જ રહ્યું!

ભારતની વસ્તી 1.4 અબજથી વધુ થઈ છે અને આપણે વિશ્વની સૌથી વધુ યુવા વસ્તી ધરાવતો દેશ બની ચૂક્યા છીએ. આપણી અર્થવ્યવસ્થા ઝડપથી વિકસી રહી છે અને તે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતમાં શિક્ષણ અને આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. વિકસિત ભારતમાં તમામ નાગરિકો માટે સુખાકારી અને સુવિધાઓનો આનંદ માણવાની તક રહેલી છે. આ તકને  અવસરમાં બદલવા માટેનું આહ્વાન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. રાષ્ટ્રની આઝાદીના સો વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધીમાં ભારતની યુવાશક્તિના સામર્થ્યથી વિકસિત ભારત બનવાનું સ્વપ્ન તેઓએ સેવ્યું છે. દેશ આમૂલ પરિવર્તનના અમૃતકાળમાંથી પસાર થઇ રહ્યો છે ત્યારે શિક્ષણ, આરોગ્ય, અર્થતંત્ર, કૃષિ, બાંધકામ, સંરક્ષણ અને કૌશલ્ય વિકાસનાં ક્ષેત્રમાં ભારત અગ્રેસર બનવા જઈ રહ્યું છે. ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર અને તેના વધતા વપરાશકારો આપણી તાકાત બની રહ્યા છે.

વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે શિક્ષણ ખૂબ જ અગત્યનું આયામ છે ત્યારે પ્રસ્તુત અંકમાં શિક્ષણ સાથે નિસબત ધરાવતી શાળાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતાપિતાને ધ્યાનમાં રાખીને વિવિધ દૃષ્ટિકોણથી વિકસિત ભારત નિર્માણનું પાથેય પૂરું પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

'વિકસિત ભારત@2047' વિશેષાંક ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, પ્રોફેસરો, પ્રબુદ્ધ લેખકો અને સારસ્વતોના લેખોથી ખૂબ જ સમૃદ્ધ બન્યો છે. આ અંક આપ સૌ વાંચકોને ખૂબ જ ઉપયોગી બની રહે એ જ અભ્યર્થના સાથે ચાલો વિકસિત રાષ્ટ્રના સ્વપ્નને સાકાર કરીએ..

**બાળદેવો ભવઃ**

# गुड गवर्नन्स और सिक्युरिटी की विकसित भारत 2047 में भूमिका



**प्रो. राजुल गज्जर**
वाईस चान्सेलर, जी.टी.यु.
अहमदाबाद.
**मो. :** 9723460626

''विकसित भारत 2047'' के एक बहोत महत्व पूर्ण मोड़ पे आज हम सब सर उठा के खड़े है. इस चिंतन को आगे ले जाते हुए हमें ये देखना है की इस मोड़ से आगे हम कौनसे महत्वपूर्ण और सूक्ष्म कदम उठाये. हमारे आदरणीय प्रधानमंत्री श्री ने आज हमारे विद्यार्थी गणको - चैम्पयन ऑफ़ चेंज को जो आहवाहन दिया हे उसको हम कैसे इस दिशा में आगे बढ़ा सके, कैसे हम उनके सहयोगी बनके उनका हाथ थामके साथमें आगे ले जा सके उसका मनन चिंतन करने का यह सही अवसर है.

हम आत्मविश्वास से 5 ट्रिलियन डॊलर की अर्थव्यवस्था के बारे में बात कर रहे हैं, हम पहले से ही GDP में सबसे तेजी से आगे बढ़ रहे हैं, इसलिए हमें एक नज़र डालनी होगी कि हम यहाँ तक कैसे पहुँचे हैं. एक बहोत ही सिस्टमेटिक, स्ट्रेटजीक, बहोत ही गहरा चिंतन, स्मार्ट सिरिस ऑफ एक्शन जो गुड गवर्नन्स के स्वरुप में है वह हमें यहाँ तक ले आया हे. हमारे सारे विद्यार्थी, नागरिकों और प्रतिभागियों को क्षमता और विश्वास प्रदान कीया गया है की वह गुणवत्ता में सुधार देखे और सरकार, व्यवसायों, समाज के अन्य सदस्यों के साथ अपने दिन-प्रतिदिन के व्यवहार में सुरक्षित और सुरूप सुशाशन महसूस करे. यही वह जगह है जहाँ से हमने शुरुआत की है, और जैसा कि माननीय प्रधानमंत्री श्री पहले ही कह चुके हैं, यह यात्रा शानदार होगी.

2047 तक हमें सर उठा के बहोत आत्मविश्वास के साथ सुआयोजित चलना है की हमें हम जहा जाना चाहते हे वहा सबसे आगे खड़े रहेंगे. गुड गवर्नन्स आज एक आम शब्द हे परन्तु हमें यह समझना होगा कि इसमें नए युग के कई सुधार शामिल हैं. बहोत नए विचार, आउट ऑफ थॉक्स थिंकिंग, क्रिटिकल थिंकिंग की तरफ हमें जाना हे और इसी तरह से हमारी सरकार हमारे विद्यार्थी और हमारे नागरिकों को जोड़ने के लिए जो सेतु बना रही हे उसके साथ चलनेका संकल्प करना है.

जब हम बात करते हे गुड गवर्नन्स की तो उसमे सबसे पहेले आती हे समावेशिता (inclusivity). समावेशिता से हम समाज के हर एक भाग को इसमें सहभागी बना सकते हे. एक बहोत अच्छा उदाहरण हे हमारा पूरा स्टार्टअप इकोसिस्टम. हालही में हमने एक स्टार्टअप कोंक्लेव भी किया हे. पीछे के चार पांच साल से गुजरात स्टार्टअप इकोसिस्टम में सबसे अग्रेसर रहा हे जो समावेशिता के कारण संभव हुआ हे. स्टार्टअप इकोसिस्टम में ये नहीं देखा जाता है की यह विद्यार्थी कौन है, कहा से या कैसे आया है. वह यही देखता हे की उसकी सोच क्या हे उसका समाधान कितना अलग है, और वह किस तरह से समाज को और इंडस्ट्री को उनकी समस्या का समाधान दे रहा है, यह एक बहोत अच्छा उदाहरण हे. उसी तरह से अगर हम बड़े परिपेक्ष्य में सोंचे तो आज से पहेले समावेशिता सिर्फ फिनान्सिअल समावेशिता तक ही सिमित थी, जिसको हमारी सरकार और समाज ने संजोया हुवा है पर अभी के समय में डिजिटल समावेशन, रोजगार में समान अवसर जैसे समावेशिता के नए स्वरुप हमारे सामने आ रहे हे जो हमारी युवा पीढ़ी ही हमें सिखा रही हे.

गुड गवर्नन्स का एक बहोत एहम पहलु हे सिटिज़न पार्टिसिपेशन. सिटिज़न पार्टिसिपेशन से हम कहातक पहोच सकते है और कौनसे आयामों को हांसिल कर सकते हे उसका एक बहोत ही अच्छा उदाहरण हमारे सामने है. जब हमारे माननीय प्रधानमंत्री श्री ने स्वच्छ भारत अभियान का प्रारंभ किया तब 2016 में हमारे गुजरात एवं जीटीयु के NSS के विद्यार्थीओ ने गुजरात के विविध गावों में 9000

शौचालयों का निर्माण किया. यह सिर्फ विद्यार्थीओ के श्रम से ही नहीं बल्कि स्थानिक ग्रामीण, ग्राम पंचायत, जिल्ला और राज्य सरकार के अधिकारीगण एवं विविध एजेंसीओ के संयुक्त प्रयासों से संभव हो पाया.

इस उपलब्धि को माननीय प्रधानमंत्री श्री ने उनके मन की बात कार्यक्रम में भी सराहा हैं. गुड गवर्नन्स में सिटिज़न पार्टिसिपेशन के पहलु में युवाओ की भागीदारी का यह अत्यंत सुन्दर उदाहरण है. हालही में माननीय प्रधानमंत्री श्री के आहवाहन को सन्मान देते हुए करीबन 5.5 लाख परिवारों ने प्राप्त हो रही LPG सिलिंडर की सबसिडी का स्वैछिक समर्पण किया, जो देश के विकास में जन भागिदारिका एक उत्तम उदाहरण है.

गुड गवर्नन्स के सभी मुख्य पहेलुओ में कहि ना कही टेक्नोलोजी जुडी हुई है. हालही में श्री अमिताभ कांत (G20 Sherpa) ने कहा है की AI की मदद के बगेर हम टेक्नोलोजी एडवांसमेंट नहीं कर सकते हें. हमारे माननीय प्रधानमंत्री श्री ने भी विकसित भारत 2047 अंतर्गत कहा की हमें एक बड़ी छलांग लगानी है और युवा उर्जा को जगाना है. आइंस्टाइन से लेके स्टीव जॉब्स तक जो इस देश की संस्कृति से प्रभावित हुए थे उसी देश के टेक्नोक्रेट्स आज AI और Cyber Security के क्षेत्र में पुरे विश्व फलक पर उनका योगदान दे रहे है. गुड गवर्नन्स को आगे बढ़ाने के लिए टेक्नोलोजी का जो सबसे महत्वपूर्ण उपयोग करेगे वो हमारे युवा ही होंगे. इसके लिए उनको इन सभी नयी टेक्नोलोजी और उससे जुडी सुरक्षा के सभी आयामों में विशेषज्ञता हांसिल करनी होगी जिसमे हम विश्वविध्यालयो का योगदान अति महत्वपूर्ण रहेंगा.

संक्षिप्त में गुड गवर्नन्स और सिक्युरिटी के जितने भी विभिन्न आयामो पे आज बात हुई जैसेकि समावेशिता , सहभागिता और सुरक्षा इन सभीका वहन करने की और आगे बढ़ाने की जिम्मेदारी आज के युवाधन पे है. इसी लिए हम सभी अध्यापको को सभी विश्वविद्यालयो को हमारी युवा पीढ़ी को आउट ऑफ़ थोक्स थिंकिंग, फ्री थिंकिंग के पर्याप्त अवसर प्रदान करने पड़ेंगे. अगर उनको इससे निष्फलता का सामना भी करना पड़े तो भी उस से नयी सिख मिलने का प्रोत्साहन देने वाला उचित वातवरण प्रदान करना चाहिए.

मै सभी को इस संकल्प यात्रा में जुड़ने का और एक दुसरे का सहयोग करते हुए भारत को 2047 तक विकसित भारत बनानेका आह्वाहन देती हु.

NIPUN BHARAT

## વિશિષ્ટ કામગીરી પરિચય પત્રક

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત રાજ્યના પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા સમગ્ર શિક્ષા પ્રકલ્પમાં કાર્યરત કર્મચારીઓ; જેઓ બાળશિક્ષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે લેખન, પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, અભિનયગીત, બાળગીત રચના, શિક્ષક પ્રશિક્ષણ (તાલીમ) સાહિત્યરચના, પરામર્શન, સમીક્ષા તેમજ ગુણવત્તાસભર નવાચારી શૈક્ષણિક સામગ્રી નિર્માણ તેમજ વિવિધ શાળાકીય વિષય શિક્ષણ બાબતે તજજ્ઞતા તેમજ રાજ્યકક્ષાની વિવિધ કામગીરીમાં તજજ્ઞ તરીકે ભવિષ્યમાં સોંપવામાં આવે તે કામગીરી કરવા ઈચ્છતા સારસ્વત ભાઈ-બહેનોએ આ પત્રકમાં વિગતો ભરી teamsskp@gmail.com ઈમેઈલ પર મોકલવું અથવા (1) નીરવભાઈ મિસ્ત્રી (9898580986) (2) હેમલબેન પંડયા (9924208671) અને (3) અતુલભાઈ પંચાલ (9726424464) પૈકી કોઈ એક નંબર પર વાંચી શકાય તેવું વોટ્સએપ કરવું.

**(આપે આ પત્રકમાં સત્ય હકીકતો જ દર્શાવવી. આપેલ માહિતીની ખરાઈ પણ થઈ શકે છે.)**

# વિકસિત ભારત@2047:
# સશક્ત શિક્ષણ




**ડૉ.કિશોરસિંહ ચાવડા**
કુલપતિશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત
મો. : 6357163572


**''શિક્ષણ, ભારતનું ભવિષ્ય''**
**''શિક્ષણ, ભારતની શક્તિ''**
**''ભારત, શિક્ષણનો વિશ્વગુરુ''**

ભારત રાષ્ટ્રને પ્રાપ્ત થયેલ સબળ નેતૃત્વના પરિણામ સ્વરૂપ ભારતે વિક્સિત રાષ્ટ બનવા તરફ મક્ક્મતાપૂર્વક તીવ્ર ગતિએ પ્રયાણ આદર્યું છે. વર્ષ 2047માં ભારત એક વિકસિત રાષ્ટ્ર હશે, તમામ ક્ષેત્રે થયેલ પ્રગતિના પ્રાપ્ય ફળો ભારત રાષ્ટ્રની આવનાર પેઢી પ્રાપ્ત કરશે. 2047 ના વિક્સિત ભારતમાં શિક્ષણ કેવું હશે, શિક્ષણના માધ્યમથી રાષ્ટ્ર કેવાંકેવાં સોપાનો સર કરી ચૂક્યું હશે તેની પરિકલ્પનાનું નિરૂપણ કરવાના પ્રયાસરૂપ પ્રસ્તુત લેખનું પ્રયોજન કરવાનો પ્રયત્ન છે. 2047ના ભારતમાં શિક્ષણની કલ્પના કરતી વખતે, તકનિકી પ્રગતિ અને સામાજિક ફેરફારોની ઝડપી ગતિને જોતાં ઘણા ફેરફારો થઈ શકે છે. અને આપણે સૌ આ પરિવર્તનને વિકાસમાં ફેરવવા સક્ષમ છીએ. આ લેખમાં 2047માં ભારતમાં શિક્ષણની વિભાવનાઓની ચર્ચા કરવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 થી ભારતને 2047માં સમગ્ર વિશ્વમાં ભારતીય શિક્ષણનો ફેલાવો કરવાના બીજ રોપાઈ ચૂક્યાં છે.

**ટૅક્નૉલોજી-સંકલિત શિક્ષણ :**

એઆઈ, વર્ચ્યુઅલ રિયાલિટી અને ઓગમેન્ટેડ રિયાલિટીનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત શિક્ષણ પદ્ધતિઓ સાથે શિક્ષણમાં ટૅક્નૉલોજીનો ઉપયોગ શરૂ થઈ ચૂક્યો હશે. ઇન્ટરેક્ટિવ ડિજિટલ પાઠ્યપુસ્તકો, ઓનલાઇન મૂલ્યાંકન અને ભારતીય ધરોહર રૂપી શિક્ષણ સંસ્કારનો સમન્વય એ ભારતના વિક્સિત અને સક્ષમ શિક્ષણનું ભવિષ્ય હશે.

**કૌશલ્યો અને ક્ષમતાઓ પર ભાર :**

માત્ર યાદ- શક્તિની પરીક્ષા એ જ શિક્ષણ ન રહેતાં ક્રિટિકલ થિંકિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ, સર્જનાત્મકતા અને ભાવનાત્મક બુદ્ધિ પર ભારથી ભારત રાષ્ટ્રે ઊંચાઈઓ સર કરી હશે. ઝડપથી વિકસતું અને બદલાતું જોબ માર્કેટ ધ્યાને લઇ જરૂરી કૌશલ્યોને વધારવા માટે અભ્યાસક્રમો અને શિક્ષણ અને સંશોધનની પ્રણાલીઓ અદ્યતન અને સક્ષમ હશે.

**તસ્માદયોગી ભવાર્જુન ।**
**યોગઃ કર્મસુ કૌશલમ.**

શ્રીમદ ભગવદ ગીતા (અધ્યાય 2, શ્લોક 50)

કૌશલ્યપૂર્ણ કાર્ય, કાર્યમાં કાર્યક્ષમતા અને નિપુણતા, શિક્ષણમાં જ્ઞાન અને કૌશલ્ય વિદ્યાર્થીઓને સમર્પણ અને કાર્યક્ષમતા સાથે તેમના કાર્યમાં નિપુણ બનાવીને વધુ સારા રાષ્ટ્રના નિર્માણ તરફ દોરી જશે.

**વૈવિધ્યપૂર્ણ શિક્ષણ :**

દરેક વિદ્યાર્થીની ગતિ, રુચિઓ અને ક્ષમતાઓને ધ્યાનમાં લઈને, વ્યક્તિગત શિક્ષણ પદ્ધતિઓ પ્રબળ રહેશે. અનુકૂલનશીલ શિક્ષણ પ્રણાલીઓ વિવિધ શિક્ષણ શૈલીઓને અનુરૂપ સામગ્રી અને શિક્ષણ પદ્ધતિઓને અનુકૂલિત કરી શકે છે. સદર બાબતનો સાક્ષાત્કાર કરવા સંચાલકો, શિક્ષકો, પ્રોફેસરો, આચાર્યો, વહીવટી વર્ગો અને વિદ્યાર્થીઓ પરિવર્તનશીલ હોય એ આવશ્યક છે. માટે આ બાબતને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ધ્યાને લેવાઈ છે.

**વસ્તી વિસ્ફોટ :**

2047માં ભારતનું સક્ષમ શિક્ષણ વસ્તી વિસ્ફોટ માટે શક્ષણની ભૂમિકા નિભાવવા તૈયાર હશે. આ માટે

માનવ સંસાધન અને ટેક્નૉલોજીને સંયોજિત કરતી સિસ્ટમની જરૂર પડશે.

**વૈશ્વિક જોડાણ :**

વિશ્વભરના વિદ્યાર્થીઓ સાથે આંતરસાંસ્કૃતિક વિનિમય અને સહયોગી પ્રોજેક્ટની સુવિધા આપતું શિક્ષણ વૈશ્વિક સ્તરે જોડાયેલું હશે. વર્ચ્યુઅલ ક્લાસરૂમ અને શૈક્ષણિક અને સંશોધનોની બાબતમાં આંતરરાષ્ટ્રીય ભાગીદારી એ સામાન્ય બાબત હશે.

**ઈન્ટરનેશનલ રેન્કિંગ :**

ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ગુણવત્તાને મહત્વ આપીને, શિક્ષણનું સ્તર વધારવા અને વિશ્વસ્તરના ધોરણો હાંસલ કરવા સાથે, ઘણી ભારતીય યુનિવર્સિટીઓ 2047માં આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં પોતાનું નામ મેળવશે અને ભારત વિશ્વમાં આગવું સ્થાન મેળવશે.

**શિક્ષણની વ્યાપક પહોંચ :**

ટેક્નૉલોજીનો ઉપયોગ કરીને બધા માટે શિક્ષણની સુલભતા સુનિશ્ચિત કરવા માટે દૂરના વિસ્તારો અને વંચિત સમુદાયો સુધી શિક્ષણની પહોંચ હશે. ઑનલાઇન પ્લેટફોર્મ અને મોબાઇલ લર્નિંગ ગુણવત્તાયુક્ત શિક્ષણને સુનિશ્ચિત કરશે. મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓમાં વધુ ઉચ્ચ ગુણવત્તાવળી યુનિવર્સિટીની સ્થાપના, શાળા અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે વ્યાવસાયિક શિક્ષણનું એકીકરણ, છોકરીઓ/વિકલાંગો વગેરે માટે શિષ્યવૃત્તિ/ફેલોશિપ વગેરે સાથે પૂર્વશાળાથી માધ્યમિક સુધી 100% કુલ નોંધણી અને ઉચ્ચ શિક્ષણમાં 75% નોંધણી ગુણોત્તર (GER) મેળવવામાં આવશે.

**ટકાઉ વિકાસ અને પર્યાવરણીય શિક્ષણ :**

પર્યાવરણીય મુદ્દાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને, શિક્ષણ વિવિધ વિષયોમાં સસ્ટેઇનેબિલિટીને સ્થાન હશે. પર્યાવરણ પ્રત્યેની સભાનતા અને પર્યાવરણમિત્ર જેવી પ્રથાઓ અભ્યાસક્રમમાં અભિન્ન અંગો હશે.

**શિક્ષકોની વધતી ભૂમિકા :**

શિક્ષકોનું માહિતી પ્રદાતાઓ માંથી સગવડકર્તા અને માર્ગદર્શકોમાં સંક્રમણ થઇ ચૂક્યું હશે, જે વિદ્યાર્થીઓને વિચારસરણી અને જ્ઞાન અંગે માર્ગદર્શન પૂરું પાડતા હશે.

**લવચીક અધ્યાપન-અધ્યયન વાતાવરણ :**

ભૌતિક વર્ગખંડો સિવાય શિક્ષણ પ્રણાલી વિકસાવવા ઉપરાંત, પરસ્પર સહયોગનો સમાવેશ, પ્રયોગો અને શીખવાના અનુભવો માટે પૂરતો અવકાશ હશે.

**ભારતીય જ્ઞાન પ્રણાલી :**

ભારતીય જ્ઞાન પ્રણાલી એ શિક્ષણ માટે મહત્ત્વપૂર્ણ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. જ્ઞાનની આ ક્ષિતિજ એ વિચારધારાઓ, ફિલસૂફી અને વિજ્ઞાનની સમૃદ્ધ પરંપરાઓની વ્યાપક શ્રેણીનું સંગમ છે જે શિક્ષણમાં ખાસ કરીને મહત્ત્વપૂર્ણ હશે અને આગવું સ્થાન ધરાવતું હશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભારતીય શિક્ષણ પ્રણાલીને અભ્યાસક્રમનો એક ભાગ બનાવીને, ભારતીય શિક્ષણ પ્રણાલીમાં શાસ્ત્રીય જ્ઞાનની સાથે આધુનિક શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે વેદ, ઉપનિષદ, પુરાણ, યોગ, ધ્યાન અને અન્ય પ્રાચીન જ્ઞાનના સિદ્ધાંતો તેમજ આધુનિક શિક્ષણના ઘટકોનો સમાવેશ કરે છે.

**વૈચારિક પરિવર્તન :**

દરેક માનવી તેની ભૂમિકાને સ્પષ્ટ રીતે સમજશે અને તેના જીવન, વ્યવસાય અને સમાજની તમામ ભૂમિકાઓ ઈમાનદારીથી નિભાવશે.

**આજીવન શિક્ષણ પર ભાર :**

નિરંતર શિક્ષણ એ એક સામાજિક ધોરણ હોઈ શકે છે, જેમાં વ્યક્તિઓ જીવનભર શિક્ષણ મેળવે. જેથી તેઓ બદલાતા નોકરીના બજારો અને તકનીકી પ્રગતિ સાથે અનુકૂલન કરી શકે.

**2014 અને 2047 વચ્ચેની શિક્ષણની સ્થિતિની સરખામણી**

**ઉપલબ્ધતા :** (Accessibility) (2014)

પડકારોમાં ગરીબી અને ગુણવત્તાયુક્ત શિક્ષણની મર્યાદિત પહોંચનો સમાવેશ થાય છે.

**ઉપલબ્ધતા :** (Accessibility) (2047)

વર્ચ્યુઅલ રિયાલિટી (VR) અને ઓગમેન્ટેડ રિયાલિટી (AR) જેવી તકનીકી પ્રગતિમાં શિક્ષણની ઍક્સેસમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા છે, જે તેને દૂરના વિસ્તારો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે વધુ સુલભ બનાવે છે. વધુમાં, ઓપન એજ્યુકેશનલ રિસોર્સિસ (OER) અને ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ્સ જેવી પહેલો ગુણવત્તાયુક્ત શિક્ષણની ઍક્સેસને સરળ બનાવી શકે છે.

**ટૅક્નૉલોજી એકીકરણ :** (Tech. Integration) (2014)

શિક્ષણમાં ટૅક્નૉલોજીનું સંકલન હજુ તેના પ્રારંભિક તબક્કામાં હતું. જ્યારે કેટલીક શાળાઓમાં બેઝિક કોમ્પ્યૂટર લેબ્સ અને ઇન્ટરેક્ટિવ વ્હાઈટબોર્ડનો સમાવેશ થતો હતો, ત્યારે શિક્ષણ અને અધ્યયનમાં ટૅકનૉલોજીનો ઉપયોગ વ્યાપક ન હતો.

**ટૅક્નૉલોજી એકીકરણ :** (Tech. Integration) (2047)

શિક્ષણના તમામ પાસાઓમાં તકનીકી પ્રગતિની અપેક્ષા છે. સ્વ-સંચાલિત વ્યક્તિગત શિક્ષણ, ઇમર્સિવ વર્ચ્યુઅલ લર્નિંગ એન્વાયર્નમેન્ટ્સ અને અનુકૂલનશીલ લર્નિંગ પ્લેટફોર્મ વ્યક્તિગત જરૂરિયાતો અને શીખવાની શૈલીઓ અનુસાર શિક્ષણને અનુરૂપ બનાવશે, શૈક્ષણિક અનુભવને કસ્ટમાઇઝ કરશે.

**અભ્યાસક્રમ અને શિક્ષણ શાસ્ત્ર :** (Curriculum and Pedagogy) (2014)

મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં પરંપરાગત, શિક્ષક-કેન્દ્રિત શિક્ષણશાસ્ત્ર પ્રબળ રહ્યું. અભ્યાસક્રમની સામગ્રી મોટા ભાગે રોટે લર્નિંગ અને પ્રમાણિત પરીક્ષણ પર ધ્યાન કેન્દ્રિત હતું.

**અભ્યાસક્રમ અને શિક્ષણ શાસ્ત્ર :** (Curriculum and Pedagogy) (2047)

આપણે વધુ વિદ્યાર્થી-કેન્દ્રિત અને સહયોગી શિક્ષણના અભિગમો તરફ પરિવર્તન જોઈ શકીશું. પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ, ગેમિફિકેશન અને સમસ્યા હલ કરવાની પ્રવૃત્તિઓ સામાન્ય હશે, વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને સહયોગ કૌશલ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે.

**શિક્ષક તાલીમ અને વિકાસ :** (Teacher Training and Development) (2014)

શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો ઘણીવાર પરંપરાગત શિક્ષણ-પદ્ધતિઓ અને સામગ્રી જ્ઞાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોમાં તકનીકી એકીકરણ અને વ્યક્તિગત શિક્ષણની જરૂરિયાતને સંબોધિત કરવી એ મુખ્ય પ્રાથમિકતા ન હતી.

**શિક્ષક તાલીમ અને વિકાસ :** (Teacher Training and Development) (2047)

ટૅક્નૉલોજી અને નવીન શિક્ષણ પદ્ધતિઓના અસરકારક એકીકરણ માટે શિક્ષકો પાસે જરૂરી કૌશલ્યો અને જ્ઞાન હોવું જરૂરી છે. 2047માં, શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો સતત વ્યાવસાયિક વિકાસ પર ભાર મૂકે તેવા હશે, શિક્ષકોને વિકસતા શિક્ષણને અનુરૂપ કૌશલ્યોથી સજ્જ કરવામાં આવશે.

**વૈશ્વિક સહકાર :** (Global Collaboration) (2014)

શિક્ષણમાં આંતરરાષ્ટ્રીય સહકાર મુખ્યત્વે વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમો અને સંશોધન ભાગીદારી પર કેન્દ્રિત છે.

**વૈશ્વિક સહકાર :** (Global Collaboration) (2014)

વધુ ને વધુ એકબીજા સાથે જોડાયેલા વિશ્વમાં, શિક્ષણમાં વૈશ્વિક સહકારથી સહિયારા પડકારોને સંબોધવામાં અને સામાન્ય શૈક્ષણિક લક્ષ્યો હાંસલ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની અપેક્ષા છે. આમાં સંયુક્ત અભ્યાસક્રમ વિકાસ, સંસાધનોની વહેંચણી અને દેશો વચ્ચે ઑનલાઇન શિક્ષણ વિનિમયનો સમાવેશ થઈ શકે છે.

**જ્યાં જ્ઞાન શુદ્ધ અને શંકામુક્ત હશે,**
**જ્યાં ક્રિયા કાર્યક્ષમ અને સંઘર્ષથી મુક્ત હશે,**
**જ્યાં સંકલ્પ મજબૂત અને અડગ હશે,**
**જ્યાં રાષ્ટ્ર સમૃદ્ધ હશે,**
**તે વિકસિત ભારત હશે.**

# "વિકસિત ભારત@2047 અને યુવાઓ"



**પ્રો. નિલાંબરી દવે**
કુલપતિશ્રી,
સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ
મો. 9099936486

કવિ વિલિયમ વર્ડ્ઝવર્થે કહ્યું છે કે , ''ચિલ્ડ્રન ઈઝ અ ફાધર ઓફ મેન'' બાળક મનુષ્યના પિતા છે. આજે ઘડાતી પેઢી આપણી આવતીકાલનું ભવિષ્ય છે- ભારત ભાગ્યવિધાતા છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનો સંકલ્પ છે કે ભારતની આઝાદીના 100 વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત ભારતનો એક જુદો જ ચહેરો આપણે જોવાનો છે. આ અંતર્ગત બાળવિકાસ અને બાળઘડતર પાયાનો મુદ્દો છે.

આજે ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. સ્વામી વિવેકાનંદે તો માત્ર સો યુવાનો- નચિકેતા હોય તો પણ ભારતની કાયાપલટ થઈ શકે એવા સપનાને પ્રોત્સાહન આપ્યું હતું. તો આપણું આજનું બાળક આવતીકાલનું ભારતનું ભવિષ્ય છે. એને તૈયાર કરવાની પવિત્ર ફરજ આપણા સૌની છે.

બાળકના વ્યક્તિત્વનાં તમામ પાસાઓ ખીલવા દેવાનાં છે. આપણે એની માલિકીનો ભાવ સહેજ પણ લાવવાનો નથી. આપણે એના માળી બનીને માત્ર માવજત જ કરવાની છે. જેમ દરેક છોડનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને જીવન છે એમ દરેક બાળકની ક્ષમતા જુદી છે. આપણે એ બાળકમાં પડેલી કુદરતી ક્ષમતાને પારખીને એ મુજબ માવજત કરવાની છે. એક-એક બાળકને, એક-એક બાળછોડને એની ક્ષમતા પ્રમાણે ઉછરવા દેવાથી જ ભારતનો ભાવિ બાગ વિવિધ ફૂલ-છોડોથી સમૃદ્ધ અને વૈવિધ્યસભર બનશે. 2047 સુધીમાં આપણી પાસે ભારતનું ઊજળું ભાવિ તૈયાર થયેલું હશે.

સરકારશ્રી અને શિક્ષણ વિભાગે નવી શિક્ષણનીતિ મારફતે બાળવિકાસના-બાળકેળવણીના તમામ પાસાઓનું ધ્યાન સુપેરે રાખ્યું છે. મૂલ્યલક્ષી શિક્ષણ તરફ આપણું લક્ષ વધ્યું છે. ભારત-2047 અંતર્ગત એ મુદ્દો પણ એટલો જ અગત્યનો છે. બાળક એ શીખે, જે એ શીખવા માંગે છે.

પોતાનાં રસ-રુચિ મુજબનું શિક્ષણ પામેલો બાળક જ ભારતને- રાષ્ટ્રને પોતાનું શતપ્રતિશત યોગદાન આપી શકશે. માટે જ કેળવણી બાબતે પણ જાગૃક થવાની જરૂર છે. જાગૃક તો છીએ જ, માત્ર આ સજગતાને સતત વળગી રહેવાનું છે; એ પણ એક પવિત્ર ફરજ છે.

માહિતીના વિસ્ફોટના આ યુગમાં બાળકને માત્ર માહિતીનો પટારો નથી બનાવવાનનો. આપણી સંસ્કૃતિમાં સૂઝ અને સૂક્ષ્મ દષ્ટિનું મહત્ત્વ વિશેષ છે. બુદ્ધિ-માત્ર બુદ્ધિ નહિ; વિવેકબુદ્ધિનું મહાત્મ્ય છે. બાળકમાં એ વિવેકબુદ્ધિ વિકસે એ પાયાની જરૂરિયાત છે. પોતાની વિવેકબુદ્ધિથી એ સારું-નરસું, નીર-ક્ષીર જુદું તારવી શકે તો રાષ્ટ્ર એવા ક્ષમતાવાન હાથમાં હંમેશાં સુરક્ષિત રહેશે.

વિશ્વના મહાન કેળવણીકાર મેડમ મોન્ટેસરીએ કહ્યું હતું, 'ટુ એડ્યુકેટ ધ ચિલ્ડ્રન, મીન્સ ટુ લવ ધ ચિલ્ડ્રન'. વિકસિત ભારતના 2047ના માનપત્રમાં આ એક જ દશ્ય સુપેરે દેખાઈ જાય તો પણ આપણી ફરજ, આપણે આપદધર્મ નિષ્ઠાથી નિભાવ્યો જણાશે. આપણે બાળકોને કેળવવાનાં છે, એટલે કે બાળકોને પ્રેમ કરવાનો છે.

બાળકને ગર્ભધાન સંસ્કારથી એની યોગ્ય કેળવણી શરૂ થાય તેની તકેદારી રાખીને બાળકના જન્મથી લઈને યુવાવસ્થા સુધી એનું મનોજગત ભારતીય સંસ્કારમૂલ્યોથી ઘડાયેલું રહે તે બાબતને કાળજીથી સમજીશું તો આવનારું 2047નું ભારત આપણી કલ્પનાનું ભારત હશે. બાળમન પર પડેલા સંસ્કારો જ જીવનને પ્રગટાવતા હોય છે. આથી આપણે બાળકોના મન પર એવું ભારતીય સંસ્કારોનું કામણ કરીએ કે જેથી કરીને આવનારું ભારતનું ભવિષ્ય સુરક્ષિત રહે.

# Securing India's Future: A Comprehensive Approach for Development by 2047



**Prof. Dr. Trupti Almoula**
Dean, Faculty of Management
Director, Narmada College of Management, Bharuch
GTU, Ahmedabad
Mob. : 9723460626

India must prioritize for its journey towards becoming a developed nation by 2047. The comprehensive view includes economic security, energy security, physical security, environmental sustainability, food security, border security, and cyber security.

The government's commitment to achieving these security levels is evident through strategic policies and procedures aimed at fostering good governance and security. The key lies in building capacities at various levels — individual, organizational, and systemic.

At the individual level, the focus should be on creating infrastructure and systems for skill development and knowledge enhancement. Organizational development requires better leadership, enabling policies, optimal resource utilization, and resilience. An enabling ecosystem demands a culture of teamwork, transparency, accountability, and collaboration, all fostered by effective leadership.

The government's initiatives, spanning across society segments, were highlighted, ranging from minimum government-maximum governance policies to initiatives like "Umang" and "Mission Karma Yogi." The speaker also pointed out measures taken at various societal levels, including skill development centers, the Startup India Movement, and the 'Vishwakarma Kaushalya Sammaan Yojana' for traditional artisans.

Knowledge enhancement has been promoted through the opening of tribal universities, IITs, IIMs, and the national education policy. Women empowerment, corporate social responsibility (CSR) initiatives, and cleanliness projects also contribute to societal development. The ease of doing business has attracted foreign direct investments (FDIs), and knowledge consortiums have enhanced human societies.

There are the positive signals, such as India's demographic dividend, increasing women workforce, strategic CSR spending, and India's status as a sought-after manufacturing destination. Acknowledging these signals, the speaker expressed confidence that India is on the right track for development by 2047.

Concluding with insightful suggestions, the speaker emphasized the need for concentrated efforts to include Divyangs in economic contributions.

Proposing the establishment of centers of excellence in all security zones for economic sustainability, the speaker underscored the role of Indian universities in driving development.

In echoing the wisdom of Chanakyaji, the speaker emphasized the transformative power of education, stating that a determined student can overcome all obstacles and contribute to the birth of a developed and prosperous India. The speech encapsulates a vision for a secure and developed India, urging active participation from individuals, organizations, and educational institutions alike.

# વિકસિત રાષ્ટ્રનિર્માણમાં માતાપિતા અને શિક્ષકની ભૂમિકા



**પ્રો. ડૉ. રક્ષાબેન પ્ર. દવે**
કવયિત્રી-લેખિકા
ભાવનગર.
મો. : 7226960900

વિકસિત એટલે વિકસેલું. પ્રથમ તો જે અવિકસિત છે તેને વિકસિત બનવાનું સ્વપ્ન આવવું જોઈએ.

તે ક્યારે આવે ? પોતે અવિકસિત છે તે સમજાય ત્યારે અને તે માટે શું કરવું જોઈએ ? તેણે વિકાસશીલ બનવું જોઈએ. વિકાસશીલ બનતાં બનતાં ક્યાંય અટકવું જોઈએ નહીં, પણ સતત વિકાસશીલ રહેવું જોઈએ. તો આખરે વિકસિત બની શકાય. 20247માં વિકસિત બનવું છે ? તો આજથી વિકાસશીલ બનો અને સતત વિકાસશીલ રહો.

પાતંજલ યોગસૂત્ર 14માં કહ્યું છે કે- स तु दीर्घकालेनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः ॥१४॥ (લાંબા સમય સુધી આદરપૂર્વક સતત પુષ્કળ અભ્યાસ કરવાથી તે દૃઢ બને છે.) બીજી વાત એ છે કે કયા ક્ષેત્રમાં વિકસિત બનવું છે ? તે નક્કી કરો અને એ ક્ષેત્રનો પાઠ્યક્રમ નક્કી કરો. આડેધડ પ્રયત્ન કરવાથી વિકાસ થઈ શકતો નથી.

"બાલઉછેરમાં સમગ્રતાપૂર્ણ અભિગમ તરીકે ભારતીય દૃષ્ટિ" - એવો છઠ્ઠો મુદ્દો છે. તેને દાખલા તરીકે હું પસંદ કરું તો તેનો વિકાસક્રમ આવી રીતે હોવો જોઈએ:

ભારતની દૃષ્ટિ એટલે ઋષિદૃષ્ટિ.

પ્રધાનમંત્રી બન્યા પછી પ્રથમ વખતે સંસદમાં પ્રવેશતી વખતે પ્રધાનમંત્રીશ્રી સંસદની ભૂમિને વંદ્યા હતા તે ઋષિદૃષ્ટિ કહેવાય. સેંગોલ પ્રસ્થાપિત કરતી વખતે એમણે જે કાર્યક્રમ ઘડ્યો હતો તેમાં પણ ઋષિદૃષ્ટિ દેખાય છે.

ઋષિનું વર્તન ધર્મપ્રેરિત અને અધ્યાત્મપ્રેરિત હોય છે. ઋષિ પ્રભાતમાં ઊઠે ત્યારે વિચારે કે ભગવાને મને ઉઠાડ્યો. તે એમનો આભાર માનવા શ્લોક બોલશે.

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्ताम्
संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन्
प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम् ॥ भागवत ४-६-९॥

(જેમણે મારી અંદર પ્રવેશીને મારી સુષુપ્ત વાણીને, મારી હાથ-પગ-કાન-ત્વચા વગેરે ઇન્દ્રિયોને તથા મારા પ્રાણને પોતાના તેજ વડે સજીવન કર્યાં છે તે અખિલ શક્તિધર ભગવાન ! આપને નમસ્કાર.)

આ સ્તુતિ પાંચ વર્ષનો ધ્રુવ બોલેલો. ભારતમાં તો પાંચ વર્ષની ઉંમરથી માણસ ભગવાનને ઓળખતો. નચિકાતેએ પાંચ વર્ષની ઉંમરે પોતાના પિતાને સાચું દાન કોને કહેવાય- એ સમજાવેલું. આજે આવાં બાળકો જોવા મળે છે ? નથી મળતાંને ? તો પચ્ચીસ વર્ષમાં આપણો ઊગરવા વારો નથી. આપણો સાંપ્રત સમાજ ધાર્મિકતાથી અને અધ્યાત્મિકતાથી સુગાળ છે.

મને યાદ આવે છે જ્યારે કોમી રમખાણો થતાં'તાં ત્યારે ભાવનગરમાં બહુ ઓછા બનાવો બનતા'તા, તો પણ બનતા'તા ખરા. ત્યારે મેં મારા પ્રિન્સિપાલને કહેલું કે આપણે વિદ્યાર્થિનીઓને સર્વધર્મપ્રાર્થના શીખવીશું ? તો તેમણે કહેલું કે તમારા વર્ગમાં એવું કરવું હોય તો કરો. સમગ્ર કૉલેજમાં એવું કરવાની જરૂર નથી.

એમની પહેલાંના એક પ્રિન્સિપાલે અમારા એક રામભક્ત પ્રાધ્યાપકને બોલાવીને કહેલું કે વર્ગમાં રામની વાત કરવાની નહીં. પ્રિન્સિપાલ બ્રાહ્મણ હતા અને વર્ગમાં કોઈ મુસ્લિમ વિદ્યાર્થિની પણ ન હતી.

પરંતુ આજના સમાજમાં માણસ જેમ જેમ ભણતો જાય છે તેમ નાસ્તિક થતો જાય છે. પણ એવા સમયે પણ હું મારા પ્રત્યેક તાસમાં તાસ શરૂ કરતાં પહેલાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો એકાદ શ્લોક કે અન્ય કોઈ

સુવાક્ય પર પાંચ મિનિટ ચિંતન પીરસતી. મૂલ્યશિક્ષણનું આ કાર્ય મેં મારી સર્વિસ દરમ્યાન શાળા-મહાશાળામાં હંમેશાં કર્યું છે. એની અસર કેવી થઈ છે તે દેખાડું.

કુંડલા કૉલેજમાં પ્રાધ્યાપિકા હતી ત્યારે એક વખત T.Y.B.A. ના ચાર-પાંચ વિદ્યાર્થીઓ મારે ઘરે આવ્યા. તે લોકો ચોપડા વાપરતા. તેઓ તેમાં અમારાં લેક્ચર્સનું રનિંગ કરતા. તેઓએ પોતાના ચોપડાની વચલી પીન દેખાડીને કહ્યું, ‘‘જુઓ, પહેલે પાનેથી શરૂ કરી આ પીન સુધી આવો તો એમાં એ લખ્યું છે કે જે તમે લેક્ચર્સમાં બોલતાં’તાં તેનું અમે રનિંગ કર્યું છે અને હવે ચોપડાને છેલ્લે પાનેથી વચલી પીન સુધી આવો તો એમાં એ લખાણ મળશે કે જે તમે તાસ શરૂ કરતાં પહેલાં પાંચ મિનિટ્સમાં ભણાવતાં હતાં. આ મૂલ્યશિક્ષણ અમે પ્રાધ્યાપક થશું ત્યારે અમારા વિદ્યાર્થીઓને આપશું. પણ અમારે તો તે કામ ચાલુ રાખવા ઘણું વાંચવું પડશે. તો વાંચશું.’’ લો, મારા વાવેલા ગોટલા ઊગ્યા છે- એનો મને આનંદ થયેલો.

ટૂંકમાં, શિક્ષક સુધરશે તો 2047નું પ્રભાત આવું સ્વર્ણિમ ઊગશે.

પારેખ એન. મહેતા હાઈસ્કૂલ- જાફરાબાદમાં મેં શિક્ષણ લીધેલું છે. ત્યાં શ્રી છોટુભાઈ ત્રિભુવનદાસ મહેતા H. M. હતા. અમારી એ શાળામાં ગાંધીજયંતીની ઉજવણી સરસ રીતે થતી. મારા પિતાજી પ્રહ્લાદરાવ દવે અખંડ કાંતણ કરાવતા અને ગાંધીઝૂંપડી બનાવતા. ગાંધીજી જન્મ્યા ત્યારે જે તિથિ અને તારીખ સાથે હતા તે પછી તો આગળપાછળ થઈ ગયા હોય. તેથી જો તિથિ પહેલાં આવે તો તિથિથી તારીખ સુધી અને તારીખ પહેલાં આવે તો તારીખથી તિથિ સુધી ગાંધીસપ્તાહ મનાવાતું. તે સપ્તાહ સાત કે તેથી વધારે કે ઓછા દિવસનું પણ રહેતું. તે દરમ્યાન અમારા H. M. સાહેબ રાજુલા અને કુંડલાના ખાદીભંડારમાંથી ખાદી મંગાવતા. એ લોકો ખાદીનાં પોટલાં લઈને આવતા અને છોટુભાઈ પ્રાસંગિક પ્રવચન કરી વિદ્યાર્થીઓને ખાદી માટે પ્રેરતા. કહેતા કે છેવટે ‘રૂમાલ તો ખાદીનો જ વાપરશું’- એવો સંકલ્પ લો. કોઈએ સંકલ્પ લીધો કે નહીં મને ખબર નથી. પણ મેં તો લીધેલો. બીજે વખતે છોટુભાઈએ કહ્યું કે હવે ‘અન્ડરવેર ખાદીના વાપરશું’- એવો સંકલ્પ લો. ત્રીજે વરસે કહ્યું કે હવે ‘એકાદ કપડું ખાદીનું વાપરવાનું નક્કી કરો અને એમ કરતાં કરતાં હું આખી ખાદીની બની ગઈ અને ધીમે ધીમે ગાંધીજીનાં અગિયાર વ્રતોનું અનુસરણ પણ શરૂ કર્યું.

મારે કહેવું છે કે વિકસિત શિક્ષક વિદ્યાર્થીઓને વિકસિત બનાવી શકે છે.માતાપિતા આ કામ સરસ રીતે કરી શકે. પણ માતાપિતા ઊંચા આદર્શવાળાં ન હોય તો એમને આપણે કાંઈ મા-બાપ બનવાની ના પાડી શકશું ? જ્યારે શિક્ષકને તો કહી શકશું કે ‘‘આદર્શ બનો અને વિદ્યાર્થીઓને આદર્શન બનાવો. અમારે 2047માં વિદ્યાર્થીઓને આદર્શ બનેલા જોવા છે.’’

માર્કંડેય પુરાણમાં મદાલસા નામની એક રાણી છે. તેણે ‘‘शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि संसार-माया परिवर्चितोऽसि। એવાં હાલરડાં ગાઈને તેનાં ત્રણ બાળકોને સંન્યાસી બનાવી દીધેલાં અને રાજાના કહેવાથી ચોથા બાળકને આદર્શ રાજા બનાવેલો.

શિક્ષક ગણિત, ગુજરાતી વગેરે ભણાવીને વિદ્યાર્થીને નોકરીને લાયક બનાવે છે. અર્થાત્ શિક્ષક શિક્ષણ વાવીને નોકર ઉગાડે છે. જ્યારે માતાપિતા સંસ્કાર વાવીને માણસ ઉગાડે છે. બધાં માતાપિતા આમ સંસ્કાર વાવીને માણસો ઉગાડશે ત્યારે 2047માં આપણે વિકસિત ભારત જોવા પામશું.

સમાસતઃ મને એમ કહેવાનું અભિપ્રેત છે કે 2047માં આજે છે એવું જ બધું યથાવત્ રહશે, જો માતાપિતા, શિક્ષકો નહીં સુધરે તો.

મીડિયા તો જખ મારે છે. માતાપિતા અને શિક્ષકોએ જો બાળકોને સરસ ઊટક્યાં હશે તો મીડિયાનો કોઈ ખોટો રંગ તેમને પડનાર નથી.

बलिहारी गुरु आपने गोविंद दियो बताय। આવા ગુરુ કેટલા કે જેમણે બાળકોને ગોવિંદ દર્શાવ્યા હોય ? સવારના ઊઠીએ ત્યારથી શરૂ કરીને સૂઈ જઈએ ત્યાં સુધી ઈશ્વરને કેવી રીતે યાદ કરી શકાય- તે દર્શાવતું શાસ્ત્ર પૂ. પાંડુરંગ શાસ્ત્રીએ શિખવ્યું છે. તેમના અનુયાયીઓ ‘સ્વાધ્યાય’

નામે એ શીખવવા અભિયાન ચલાવે છે. તેને જોર આપવાની જરૂર છે. મેં ''સંસ્કાર-કાંડ'' નામની મારી પુસ્તિકા દ્વારા એ કાર્ય કર્યું છે.

હમણાં હમણાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં દાખલ કરવાની વાતો સંભળાય છે. પણ તેનો પાઠ્યક્રમ નક્કી કર્યો છે? કહેવાતા પંડિતોને એ સોંપી દેવામાં આવે તો તેઓ ''धर्मक्षेत्रे-कुरुक्षेत्रे'' થી ગોખાવવાનું શરૂ કરશે. વાસ્તવમાં તો શું ખાવું? કેટલું ખાવું? કેટલું સૂવું? એવી સૂચના આપતા શ્લોકો પ્રથમ શીખવવા જોઈએ જેમ કે,

- युवताहारविहारस्य युवतचेष्टस्य कर्मसु।
  युवतस्वप्नावषोधस्य योगोभवति दु:खहा ॥ ६-१७
- तद्‌विद्धि प्रणिपातने परिप्रश्नेन सेवया ॥ ४-३४
- श्रद्धावान् लभते ज्ञानं तत्परः संवतेन्द्रियः ॥ ४-३९

આમ, 'ગીતા અને વિદ્યાર્થીજીવન', 'ગીતા અને કુટુંબજીવન' વગેરેને લગતા શ્લોકો ભણાવવા જોઈએ. પછીનાં ધોરણોમાં ગીતાનો કર્મયોગ સમજાવવો જોઈએ. તેને લગતા શ્લોકો ચૂંટીને શીખવવા જોઈએ. જેમ કે,

**''કર્મ શા માટે કરવું?''**

3-8, 3-5, 18-11, 3-20, 18-45, 18-46, 3-20, 3-22, 3-23, 3-24.

**''કર્મ કયું કરવું?''**

18-47, 3-35, 18-48, 18-47, 3-8, 3-19.

**''કર્મ કેટલા પ્રમાણમાં અને કેવી રીતે કરવું?''**

3-25, 3-8, 5-8, 5-9, 3-26, 9-14, 2-47, 18-13, 18-14, 3-9, 18-17.

**''આવી રીતે કર્મ કરવાથી શો લાભ?''**

2-51, 3-19, 2-49, 2-51.

આમ, વિષયાનુસાર શ્લોકોની પસંદગી કરી નવો પાઠ્યક્રમ રચવો જોઈએ. પછીનો ધોરણમાં બીજા અધ્યાયમાંથી સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોના છેલ્લા અઢાર શ્લોકો, પછીના ધોરણમાં બારમાં અધ્યાયના છેલ્લા આઠ શ્લોક કે જેમાં ભક્તનાં લક્ષણો છે તે શીખવાય. પછીના ધોરણમાં તેરમા અધ્યાયનાં જ્ઞાનનાં લક્ષણો દર્શાવતા પાંચ શ્લોક છે (अमानित्यम् अदंमित्वम् થી શરૂ થાય છે) તે શીખવવા જોઈએ. પછીના ધોરણમાં ચૌદમા અધ્યાયમાં આવતા ત્રિગુણાતીતનાં લક્ષણો શ્લોક નં. 22 થી 25, પછીના ધોરણમાં 16મા અધ્યાયમાં આવતા દૈવી સંપતવાળા મનુષ્યનાં લક્ષણો શીખવવાં જોઈએ. આવી રીતે ગીતાનું શિક્ષણ રસિક બનાવી શકાય અને ગીતાના સિદ્ધાંતોને હાઈલાઈટ કરી શકાશે.

પહેલા અધ્યાયના પ્રથમ શ્લોકથી છેલ્લા અધ્યાયના છેલ્લા શ્લોક સુધી ગોખાવવાનો અર્થ નથી.

છેલ્લે એક વાત યાદ છે કે જહોન રસ્કિન (જેમનું ''અન ટુ ધીસ લાસ્ટ'' પુસ્તક ગાંધીજીને પ્રેરક નીવડેલું તે) સાંજને સમયે પોતાના આંગણામાં આરામખુરશીમાં બેઠાં બેઠાં સામેના ડુંગરાળ પ્રદેશને જોતા'તા. અચાનક એમણે જોયું કે ડુંગરની તળેટીમાં એક દીવો પ્રગટ્યો. પ્રગટાવનાર ન દેખાય એટલું અંધારું થઈ ગયું હતું. થોડીવાર પછી જરા વિશેષ ઊંચાઈએ બીજો દીવો પ્રગટ્યો. પછી જરા વધુ ઊંચાઈએ ત્રીજો દીવો પ્રગટ્યો અને એમ, થોડી વારમાં તો ડુંગરની ટોચ સુધી અસંખ્ય દીવાઓની હારમાળા ઝળકી ઊઠી અને રસ્કિન એકદમ ઊઠ્યા. ઘરમાં ગયા અને પોતાની ડાયરીમાં લખ્યું કે ''દિવેટિયો કેટલે ઊંચે ગયો છે તે ડુંગર પર પ્રગટી ઊઠતા દીવાઓ ઉપરથી સમજી શકાય છે.'' આનું નામ ''લોકસંગ્રહ'' ગીતાકારે આવો ''લોકસંગ્રહ'' કરવાનું કહ્યું છે. ગીતામાંથી ચિનગારીઓ લઈલઈને કુટુંબમાં, શેરીમાં, સમાજમાં, દેશમાં દીવા પ્રગટાવવાના છે. સર્વત્ર આવું થતું રહેશે તો 2047માં રાષ્ટ્ર વિકસિત થઈ ગયું હશે. ઈશ્વરભાઈ પરમારે બે વાક્યની એક સરસ વાર્તા લખી છે, જેમાં એક માણસે બીજા માણસને કહ્યું કે-

''જીવનલાલ આજે મરી ગયા.''

તો તે બીજી વ્યક્તિએ પ્રશ્ન કર્યો કે -

''જીવનલાલ જીવતા હતા?''

તો આમ, મરેલાની જેમ જીવતાં રહેશું તો 2047માં ભારત વિકસિત નહીં બને.

# તેજસ્વી બાળક દ્વારા તેજસ્વી ભારતનિર્માણ : ચાલો, વિકસિત રાષ્ટ્ર બનાવીએ..



**ડૉ. મનહર ઠાકર**
નિવૃત્ત અધ્યાપક
૪૦, શ્રીનાથજીનગર -૩,
ભરતનગર પાછળ, ભાવનગર.
મો. 9426851290

**ભૂમિકા :**

આપણે તેજસ્વી બાળક દ્વારા તેજસ્વી ભારતનું નિર્માણ કરી રાષ્ટ્રને વિકસિત બનાવવાના શ્રીગણેશ બાળ ઘડતરથી કરવા છે. આજના બાળકને આવતીકાલનો તેજસ્વી નાગરિક બનાવવાની આપણી નેમ છે. રાષ્ટ્રમાં બાળકની તેજસ્વિતાનો વિકાસ ઘર, શાળા, સમુદાય-સમાજ અને રાષ્ટ્ર વિધાયકોનાં વ્યક્તિત્વોની અસર વચ્ચે થાય છે. ઘર પણ એક નાનકડો સમાજ છે. એવી રીતે શાળા પણ સમાજની જ એક લઘુ આવૃત્તિ છે. આપણે જે માનવ સમુદાયમાં રહેતા હોઈએ એ પણ સમાજનું જ અંગ છે. નવજાત શિશુના જન્મથી તેનો ઉછેર કે વિકાસ ઘરમાંથી શરૂ થાય છે. સૌથી પહેલી છાપ તેના ચિત્ત પર પોતાની માતાની પડે છે. ત્યાંથી શરૂ થઈ તેની તેજસ્વિતાના વિકાસમાં ઘરના દરેક સભ્યો,સગા સંબંધીઓનાં વર્તન વ્યવહારોની છાપ તેના ચિત્ત પર ઝિલાતી હોય છે, જે તેની તેજસ્વિતાના વિકાસ માટે અવૈધિક એવા અધ્યયન અનુભવો બની રહે છે. આ રીતે ઘરમાંથી તેના વિકાસની શરૂઆત થતી હોય છે. શાળામાં દાખલ થયે તેને વૈધિક શિક્ષણ તથા શાળાના ભાવાવરણ સાથે આચાર્ય, શિક્ષકો, સહાધ્યાયીઓ વગેરેના અનુભવોની છાપ તેની તેજસ્વિતાના ઘડતર માટે કામિયાબ બને છે. વળી, તે પાડોશીઓ, મિત્રો, સાથીદારોની ટોળકીઓ અને સમાજના નાગરિકો એમ સમુદાય-સમાજના સંપર્કમાં આવે છે. જેમનાથી પોતાને જે અનુભવો પ્રાપ્ત થાય છે તે તેજસ્વિતાના વિકાસ માટે કારગત નીવડે છે. ઉપરાંત રાષ્ટ્રના વિધાયકોનાં વ્યક્તિત્વની છાપ પણ બાળકોની તેજસ્વિતા પર પ્રેરણારૂપ બનતી હોય છે. આમ, બાળકની તેજસ્વિતાના વિકાસ માટે ઘર, શાળા, સમુદાય-સમાજ તેમજ રાષ્ટ્રના વિધાયકોનાં વ્યક્તિત્વોનો ફાળો મહત્ત્વનો બની રહે છે.

**ઘર કે કુટુંબમાં થતું બાળકની તેજસ્વિતાનું ઘડતર :**

ઘર એ જીવનની સાતત્યપૂર્ણ અને ઉત્કૃષ્ટ એવી સંસ્થા છે, જ્યાં કુટુંબનું ભાવાવરણ રચાય છે. કુટુંબના સભ્યો વચ્ચેની આંતરક્રિયાઓ - વર્તન વ્યવહારોની એકબીજા પર છાપ પડતી હોય છે; જે બાળકની તેજસ્વિતાના ઘડતર માટે ઉપકારક બને છે.

ઘરમાં યુવાન તથા વૃદ્ધ સાથે, પુરુષ અને સ્ત્રી સાથે, વૈવિધ્યપૂર્ણ સ્વભાવવાળા અનેક સભ્યો સાથે રહેવાનું શક્ય બનાવનાર એ તેનું કુટુંબ છે. જે બાળકની તેજસ્વીતાના વિકાસની પીઠિકા બને છે. બાળક માટે ઘરના સભ્યો સાથે તેમજ બહારના સભ્યો સાથે જવાબદારીપૂર્વક વર્તવાના પ્રથમ પાઠ શીખવનાર એ તેનું ઘર છે. માબાપ બાળકોને અનેક પ્રકારની કામગીરી સોંપે છે. તેઓ ઉત્સાહથી તે કાર્ય કરે છે અને માબાપનો સ્નેહભીનો આશીર્વાદ કે તેમની પ્રશંસા પામે છે .

નૈતિક વ્યવહારના બુનિયાદી પાઠોનું શિક્ષણ બાળક પોતાના ઘરઆંગણેથી પ્રાપ્ત કરે છે. નાગરિકતાની કેટલીક સુટેવોનું અનૌપચારિક શિક્ષણ પણ બાળક ઘરમાં મેળવે છે. કોઈ સ્વજન કે સ્નેહીજન પોતાને ઘેર આવે ત્યારે તેની સાથે વિનય અને વિવેકપૂર્વક કેમ બોલવું, કેમ વર્તવું, કેમ વાતચીત કરવી ઇત્યાદિ ઘરમાંથી બાળક સફળતાથી શીખી શકે છે. ઘરમાં સ્વચ્છતા કેમ જાળવવી, પાડોશી સાથે ભાવપૂર્ણ વ્યવહાર કરવો, સમૂહમાં કેવું વર્તન દાખવવું વગેરે પાઠ બાળક પોતાના ઘરમાં જેટલો પ્રસન્ન ચિત્તે શીખી શકે તેટલું અન્ય સ્થળે શીખી ન શકે. પ્રામાણિકતા અને નીતિના પવિત્ર પાઠનો મૂળસ્રોત ગૃહગંગામાંથી વહેવો જોઈએ, જેમાં બાળક વારંવાર અવગાહન કરીને પૂર્ણતઃસમાજોપયોગી તત્ત્વો સાથે

બહાર આવે છે. આજના બાળકો ભવિષ્યે રાષ્ટ્રના સારા નાગરિક તરીકે ઊભરી આવે છે. પરિવાર એ સામાજિક જૂથ છે જે સામાન્ય નિવાસ, અર્થશાસ્ત્ર, સહકાર અને પ્રોત્સાહન દ્વારા એકબીજા સાથે જોડાયેલ છે. કુટુંબ એક સમાજવ્યવસ્થાનું એકમ હોવાથી એક કુટુંબવાદની વિચારધારા જે સમાજના વિવિધ પાસાંઓ પર પોતાની અસર ઉપજાવે છે; જેમાં બાળકની તેજસ્વિતા ઘડાતી જાય છે.

કુટુંબના દરેક સભ્યોને પોતાની ફરજપાલનનો ખ્યાલ અહીંથી જ ઊભો થાય છે. વડીલો, યુવાનો, ભાઈબહેનોને પરિવારના સભ્ય તરીકે કોઈ ને કોઈ ફરજ બજાવવાની હોય છે અને એની ટેવ બાળકને પડે છે, જેનું સ્થળ કુટુંબ છે. ઘરમાં સૌ એકબીજા સાથે સંપ, સહકાર, સહાનુભૂતિ, કદર અને સલામતીથી રહેતા હોય છે. વિચારોમાં મતભેદ થતા હોય પણ મનભેદ ન થાય એવું બાળકનું હકારાત્મક વલણ કુટુંબમાંથી કેળવાય છે. કુટુંબના સભ્યો સૌ સાથે રહીને ઘરવ્યવહારનાં અનેક કામો પાર પાડતા હોય છે. એ કાર્યો સફળતાપૂર્વક પાર પડે એવો આત્મવિશ્વાસ બાળકને કુટુંબ-જીવનમાંથી શીખવા મળે છે.

નાસીપાસ થયા વગર એકમેકના સથવારે પ્રયત્નો દ્વારા કાર્યોમાં સફળ થવાથી આત્મવિશ્વાસ બેવડાયો હોય છે, જે કુટુંબના કારણે શીખાય છે. ઘરમાં જે પ્રવૃત્તિઓ થતી હોય તેનાં સાધનો, રીત, માનવશ્રમ, પ્રક્રિયા અને પરિણામના નિરીક્ષણ પરથી કામ કરવાની રીતભાત કે આવડત શીખવા મળે છે. એ રીતે કાર્ય અંગેનાં જ્ઞાન, સમજ, આવડત અને તેના માટે મથવાની ધગશ શીખાય છે. જેના વડે એવું કરવાની, સર્જવાની, કશુંક પેદા કરવાની સર્જનાત્મકતાનો વિકાસ કુટુંબના પરિસરમાંથી બાળકમાં આવે છે.

કુટુંબના પ્રત્યેક સભ્ય વચ્ચે જે સ્નેહ, સદ્ભાવ, સહાનુભૂતિ, સહસંવેદના ને લાગણીનું ગઠબંધન છે, એ જ આત્મીયતા છે. જુદાપણું ન અનુભવાય અને એકબીજા પ્રત્યે ન્યોછાવર થવાની તત્પરતા હોય એવી આત્મીયતાનું શિક્ષણ તો કુટુંબમાંથી પ્રાપ્ત થતું હોય છે. કુટુંબમાં માતાપિતા, ભાઈબહેનો, દાદાદાદી, કાકાકાકી, મામામાસી વગેરેનો મેળાવડો હોવાનો. એ દરેકમાં કુદરતી રીતે શરીર રચનાની ભિન્નતા હોવા છતાં એમનાં વચ્ચે ક્યાંય જાતિગત ભેદભાવની ભાવના સબબ વિચારો કે વર્તનમાં વિકૃતિ જોવા મળતી નથી. કુટુંબમાં સૌ એવી જાતિગત સમાનતાની શુદ્ધ અને ઊંચી ભાવના શીખી લે છે. જે પરિવારમાંથી બાળકમાં સહજપણે વિકસે છે.

દરેક કુટુંબને પોતાની સંસ્કૃતિ હોવાની. પછી તે જે તે રાષ્ટ્ર, રાજ્ય, સમાજ, જ્ઞાતિમાંની સંસ્કૃતિને જાળવી રાખીને પણ પરિવારની રીતભાત, ખાનપાન, રહેણીકરણી, વેશભૂષા, રાચરચીલું, રિવાજ, રૂઢિ, માન્યતાઓ પ્રમાણેના સંસ્કારોની છાપ પાડે છે; જેના થકી બાળકનાં સાંસ્કૃતિક મૂલ્યો ઘડાય છે.

દરેક કુટુંબમાં સ્વાસ્થ્ય સુખાકારી માટેનું આગવું જતન થતું હોય છે. જેથી સૌ પરિવારજનોનું આરોગ્ય જળવાઈ રહે. એ માટે વડીલો અને સૌ અરસપરસ એકબીજા માટે ખાસ કાળજી લેતાં હોય છે. દરેકના સ્વાસ્થ્ય માટેની ખેવના, ચિંતા, ચીવટ વગેરે થકી સ્વાસ્થ્ય સુખાકારીનું રક્ષણ કરતા બાળક શીખી લે છે.

**શાળાઓ દ્વારા થતું બાળકની તેજસ્વિતાનું ઘડતર :**

બાળકની તેજસ્વિતાના ઘડતરમાં ઘર કે કુટુંબ જે ફરજો બજાવવામાં ઊણું ઊતરે અગર થોડેવત્તે અંશે શૈથિલ્ય દાખવે તે ફરજોની પુરવણી શાળા કરી શકે છે. શાળા બાળકના સર્વાંગી વિકાસનો ખ્યાલ રાખે છે. શાળા રાષ્ટ્ર કે સમાજને શિસ્તબદ્ધ કેળવાયેલા, જવાબદારીની ભાવનાવાળા અને નિષ્ઠાવાન નાગરિકો ભેટ ધરે છે. આકસ્મિક રીતે બાળકમાં જો કોઈ સમાજવિરોધી તત્ત્વોનું પોષણ થઈ જવા પામ્યું હોય તો શાળાના સંસ્પર્શથી તે દૂર થઈ શકે છે. નકારાત્મક વલણોને સુધારવા અને હકારાત્મક વલણોનું સંવર્ધન કરવા માટે શાળા એક પરિબળ છે. શાળા દ્વારા જ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે છે. શાળા બાળકોનો માનસિક, ચારિત્રિક, સામુદાયિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય

વિકાસ કરે છે અને સ્વસ્થ રહેવાનું પ્રશિક્ષણ આપે છે. બાળકમાં સ્વજાગૃતિ, પરાનુભૂતિ, સંવેગાનુકૂલન વગેરે બાબતોનું શાળા દ્વારા પ્રસ્થાપન થાય છે.

બાળકની શિસ્ત એ અંતઃનિહિત આચાર છે. જે શાળાના ભાવાવરણમાં આવતા બાળકના જીવનમાં પ્રેરિત થાય છે. કારણ કે, શાળા કાર્યક્રમો દ્વારા બાળકોમાં જ્ઞાન, ભાવ અને ક્રિયાનો વિકાસ કરવાનો હેતુ છે. જેથી બાળકના જ્ઞાનાત્મક, ભાવાત્મક આને ક્રિયાત્મક પાસાંઓનો વિકાસ થાય. શિસ્ત વિશેનું જ્ઞાન, ભાવ અને ક્રિયા શાળા દ્વારા બાળકમાં સંપન્ન થાય છે.

શાલેય શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનો હેતુ છે. એમાંયે તરુણાવસ્થાએ શાળાશિક્ષણ થકી, અધ્યેતાના શારીરિક વિકાસ માટેનાં કાર્યક્રમો થકી શરીર સૌષ્ઠવ અને શારીરિક ક્ષમતાઓના વિકાસ માટેના આયોજનો થતાં હોય છે. શારીરિક શિક્ષણ અને આરોગ્ય વિષય પર અહીં ખાસ ધ્યાન આપવામાં આવે છે. વ્યાયામ, ખેલકૂદ, યોગાસનો, પ્રાણાયામ જેવી શાલેય પ્રવૃત્તિઓ થકી શારીરિક વિકાસ સન્દર્ભે બાળકની તેજસ્વીતાનો વિકાસ કરવાનો અભિગમ છે.

શાળાશિક્ષણ વડે બાળકની માનસિક શક્તિઓનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તરુણાવસ્થાએ આ શક્તિઓનો મહત્તમ વિકાસ થતો હોવાથી શાળા દ્વારા તેને માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવે છે. વિભિન્ન માનસિક શક્તિઓ જેવી કે; બુદ્ધિ, ભાષા, સંકલ્પના, સ્મૃતિ, વિચાર કે તર્ક, સમસ્યા ઉકેલ, કલ્પના, સર્જનાત્મકતા વગેરેનો વિકાસ એ શાળા દ્વારા બાળકોની માનસિક તેજસ્વિતાનો વિકાસ થાય તેવા પ્રયત્નો છે.

બાળકો પોતે મનુષ્ય હોવાને નાતે સામાજિક સન્દર્ભે તેજસ્વિતાનો વિકાસ કરે તેવો હેતુ છે. આ માટેના શાળાકાર્યક્રમો દ્વારા તેને નાગરિકતાના તથા નેતૃત્વના પાઠ ભણાવાય છે. અહીં એક સામાજિક વ્યક્તિ તરીકે અને સમાજના જવાબદાર નાગરિક તરીકેની કેળવણી પ્રાપ્ત થાય છે. જે શાળા થકી બાળકોને સામાજિક સંદર્ભે તેજસ્વિતાના વિકાસની તાલીમ અપાય છે.

શાળાના મિત્ર વર્તુળમાં રહેનાર વ્યક્તિ એના વર્તુળોમાંથી પ્રત્યક્ષપણે કે પરોક્ષ રીતે દરેકનાં વર્તન-વ્યવહારોમાંથી ઘણું બધું શીખે છે. એનાથી વ્યક્તિના રસ, વલણ, મૂલ્યો અને આદર્શો ઉપર અસર થતી હોય છે. વળી, મિત્ર વર્તુળમાંના સભ્યોની રહેણીકરણીની પણ પોતાની તેજસ્વિતા પર અસર જોવા મળે છે. એના આધારે કેટલીક ટેવોનો પણ વિકાસ થતો હોય છે.

દરેક શાળાને પોતાનું આગવું વાતાવરણ - ભાવાવરણ હોવાનું. એની અસર બાળકની તેજસ્વિતા પર પડ્યા વિના રહેતી નથી. શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, અન્ય કર્મચારીઓ, આ બધાંનાં વર્તન-વ્યવહારોની છાપ બાળકના ચિત્ત પર પડતી હોય છે. જે તેની તેજસ્વિતાના વિકાસને પ્રેરે છે.

**સમાજ અથવા સમુદાય દ્વારા થતું બાળકની તેજસ્વિતાનું ઘડતર :**

સમાજ એટલે પરસ્પર સમાન પરંતુ અન્યોથી વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતા, નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં રહેતા, એકતાની લાગણી ધરાવતા અને પોતાને બીજાથી અલગ માનતા એક જૂથના લોકો. માનવીની જરૂરિયાતો પૂરી કરવા માટે પાયાની તમામ સંસ્થાઓ સમાજ ધરાવતી હોય છે. એવા સામાજિક સંબંધોનું માળખું એટલે સમાજ. સમાજ અને સમુદાયમાં થોડો ભેદ રહેલો છે. સમાજ એ સર્વવ્યાપી છે, તેને કોઇ નિશ્ચિત પ્રાદેશિક વિસ્તારની મર્યાદા નથી. સમાજ, જેને સામાજિક સંબંધોની વ્યવસ્થા કહીએ છીએ તેમાં સમુદાયના સભ્યો વચ્ચેના પારસ્પરિક સંબંધોની વ્યવસ્થાનો પણ સમાવેશ થઈ જાય છે. સમાજમાં કૌટુંબિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજકીય-એમ કુલ છ પ્રકારનાં જુદાં જુદાં જૂથો અને તેના વિભાગો અનિવાર્ય રીતે જોવા મળે છે.

સમાજ દ્વારા બાળકની સામાજિક તેજસ્વિતાનો વિકાસ થાય છે. બાળક માટે વિકાસની દિશામાં આગળ વધવા માટેના ઘણા પ્રેરણાસ્રોત હોય છે, જેને આધારે જ બાળક આગળ વધીને કંઇક વિશેષ સ્થાન પ્રાપ્ત કરે છે અને

સમાજને નવી રાહ ચીંધી શકે છે. બાળકની તેજસ્વિતાના વિકાસ માટે શીખાઉપણું, પ્રારંભિકતા, કુશળતા, સક્ષમતા અને નિષ્ણાતપણું એ વિકાસની પાંચ કક્ષાઓ છે. આમ, વિકાસ એ ક્રમાનુસાર ચાલતી એક પ્રક્રિયા છે જેમાંથી પસાર થઈને બાળક સર્વાંગી વિકાસ કરે છે.

બાળકની તેજસ્વિતાના વિકાસમાં રાષ્ટ્ર વિધાયકોનાં વ્યક્તિત્વની અસર.

દરેક રાષ્ટ્ર વિધાયકોનાં વ્યક્તિત્વને પોતાની આગવી સંસ્કૃતિ હોવાની. જેની સમાજ પર આગવી અસર ઊભી થતી હોય છે. બાળકમાં એવાં વ્યક્તિત્વોની સંસ્કૃતિનો પ્રાદુર્ભાવ થાય છે. સમાજમાં સંસ્કૃતિનાં જે લક્ષણો હશે, તે જે તે સમાજમાં ઉછરીને પ્રસ્થાપિત થનાર રાષ્ટ્ર વિધાયકોના વ્યક્તિત્વમાં પ્રગટ થાય છે. જે બાળકની તેજસ્વિતાના વિકાસમાં યોગદાન આપે છે.

દરેક સમાજ; પછી તે કુટુંબ હોય, શાળા હોય, સમુદાય હોય, રાજ્ય હોય, રાષ્ટ્ર હોય, જ્ઞાતિ હોય, જાતિ હોય, ભાષા હોય એ દરેકનાં ચોક્કસ સંસ્કાર રાષ્ટ્ર વિધાયકોના વ્યક્તિત્વમાં હોવાના. એટલે બાળક આ પ્રકારના વ્યક્તિત્વનાં વર્તન -વ્યવહારો જુએ ત્યારે તેના સંસ્કાર પોતાની તેજસ્વિતાના વિકાસ પર અસર કરતા હોય છે.

એકતા અને અખંડિતતા એ આપણા લોકશાહી રાષ્ટ્રના બંધારણ મુજબ રાષ્ટ્ર વિધાયકોની નેમ બને છે. તે એક નાગરિક તરીકે એમનું બંધારણીય મૂલ્ય છે. આપણી સમાજવાદી લોકશાહી શાસનપ્રણાલી મુજબ એકતા અને અખંડિતતાને વરેલો આ દેશ છે અને તે દેશના પોતે વિધાયક છે.

સત્કર્મ કરવામાં નીતિપાલન જોડાયેલું છે. એટલે રાષ્ટ્ર વિધાયકોમાં આ પ્રકારનું આચરણ બાળકની તેજસ્વિતાના વિકાસને પ્રેરણા આપીને બળવત્તર બનાવે છે.

નીતિ વગરનો ધર્મ નકામો, એટલે આચરણ નકામું. એટલે આપણા સમાજમાં નૈતિકતાના આચરણને પ્રાધાન્ય અપાયું છે. નૈતિકતાના બળે જ આદર્શ સમાજ ટકી રહે છે. આ રીતે આદર્શ સમાજની નૈતિકતાનું આચરણ જ રાષ્ટ્ર વિધાયકોને પ્રેરણામૂર્તિ બનાવે છે, જેની પ્રેરણાનું બાળકની તેજસ્વિતાના વિકાસમાં પ્રદાન ગણાય.

**ઉપસંહાર :**

બાળકની તેજસ્વિતાના વિકાસને કેન્દ્રમાં રાખીને કરેલી પ્રસ્તુત ચર્ચામાં એટલું સ્પષ્ટ છે કે માનવ તરીકે અવતરેલ એક નવજાત શિશુથી શરૂ કરીને તેની બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, તરુણાવસ્થા, યુવાવસ્થા એમ દરેક તબક્કે તેજસ્વિતાના વિકાસની બાબત પાયાની છે. એટલે તેની તેજસ્વિતાના વિકાસમાં કુટુંબ, શાળા, સમુદાય-સમાજ અને રાષ્ટ્ર વિધાયકોનાં વ્યક્તિત્વોનો ફાળો નાનોસૂનો નથી. બાળકની તેજસ્વિતાના વિકાસને પ્રેરતી આ સંસ્થાઓ સમાજની લઘુ આવૃત્તિ છે. એટલે કહી શકાય કે એ નાનકડા સમાજથી શરૂ કરીને બૃહદ સમાજ પર્યન્ત આપણાં બાળકોની તેજસ્વિતાનો વિકાસ થતો રહે તો આજનું બાળક આવતી કાલનો તેજસ્વી નાગરિક બને. રાષ્ટ્રના દરેક બાળક માટે તેજસ્વિતાના વિકાસની ખેવના રાખીએ તો ભવિષ્યનું ભવ્ય ભારત, વિકસિત રાષ્ટ્ર બનાવવા માટેના નાગરિકોનું ઘડતર થાય.

**સંદર્ભો :**


- Bandura,Albert (1979). Principles of behaviour modification. New Yourk : Rinchart and Winston INC.
- Dewey, J. (1899). The school and society. Chicago : University of Chicago press.
- Dewey, John (1902). Child and curriculum. Chicago : University of Chicago Press.
- પટેલ, મો.મ. અને અન્ય (1995). વિકસતા ભારતમાં શિક્ષણ અને શિક્ષક. અમદાવાદ : બી.એસ. શાહ પ્રકાશન.
- મ. મુખોપાધ્યાય (2002). શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન. ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ.
- શાસ્ત્રી, જે. કે. દવે અને પટેલ મો. તથા અન્ય (1984-85). શિક્ષણની મનોવૈજ્ઞાનિક આધારશિલા (ત્રીજી આવૃત્તિ). અમદાવાદ : બી. એસ. શાહ પ્રકાશન, ગુજરાત રાજ્ય.

# સુદૃઢ પરિવારથી સુવિકસિત રાષ્ટ્ર@2047



**ડૉ. નીલેશ પંડ્યા**
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. 94263 37432

1947થી સ્વતંત્રતા મેળવીને ભારત વિકાસના પંથે અગ્રેસર થવા પ્રયત્નશીલ છે. ભારતને સ્વતંત્ર બને આજે સાત દાયકા ઉપરનો સમય વીતી ચૂક્યો છે. વિશ્વ કક્ષાએ અન્ય દેશોની તુલનામાં ભારત હજુ વિકાસશીલ દેશની શ્રેણીમાં આવે છે. એક તરફ ભારતના પ્રાચીન ભવ્ય ઇતિહાસની સાથે સાથે અનેક વર્ષોનો સંઘર્ષકાળ છે, તો સ્વતંત્રતા પછી વિકાસ માટેના પરિશ્રમનાં વર્ષો પણ છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતની વિકાસ ઝંખનાએ ગાંભીર્ય ધારણ કર્યું છે ત્યારે 2047 સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવા કમર કસીએ. આ સંદર્ભે પાયાના એકમ તરીકે પરિવારની ભૂમિકાને પણ સમજવાનો પ્રયત્ન કરીએ.

'વિકાસ' શબ્દ એ બહુપરિમાણીય અર્થછાયા ધરાવે છે. 'વિકાસ' શબ્દ સંદર્ભ અને પરિપ્રેક્ષ્યની સાથે જુદા જુદા અર્થના વાઘા ધારણ કરે છે. પરંતુ આપણે રાષ્ટ્રના વિકાસની વાત કરીએ છીએ ત્યારે તેમાં અનેક સંદર્ભોનો વિચાર કરવો ઘટે. અર્થપ્રધાન દૃષ્ટિકોણ વિકાસને જીડીપી, રોજગાર અને બજારને અનુલક્ષીને મૂલવે છે તો રાજકીય પરિપ્રેક્ષ્ય વૈશ્વિક કક્ષાએ દેશની રાજકીય ઉપસ્થિતિને ધ્યાને લે છે. મનોવિજ્ઞાન વ્યક્તિઓની માનસિક સુખાકારીને મહત્ત્વ આપે છે. માનવતાવાદી અભિગમ વ્યક્તિઓની જીવનની ગુણવત્તાના આંકને લક્ષમાં રાખે છે. સાંસ્કૃતિક અંગને અગત્ય આપવામાં આવે તો સાંસ્કૃતિક મૂલ્યો અને પરંપરાઓનું નિર્વહનના ઘટકને પ્રાધાન્ય આપવામાં આવે છે. વાણિજ્ય ક્ષેત્રની દૃષ્ટિએ જોવામાં આવે તો આયાત-નિકાસની તુલા અને વિદેશી હૂંડિયામણ અને દેશમાં વેપાર-ઉદ્યોગને ધ્યાને લઈને વિકાસનો ગ્રાફ દોરી શકાય છે. આ બધાં પાસાંઓને એક તાંતણે ગૂંથીને વિકાસનો હાર તૈયાર થાય છે. વિકાસનાં આવાં જુદાં જુદાં ફૂલોથી મંડિત હાર જે તાંતણે બંધાય છે તે સૂત્ર શું હોઈ શકે તેનો વિચાર કરવો પડે. આ સૂત્ર એ વ્યક્તિ અને પરિવાર છે. પરિવાર એ વ્યક્તિ કરતાં ઉપરના સ્તરનું સૂત્ર છે. વ્યક્તિઓથી પરિવાર બને છે, પરિવારથી સમાજ અને સમાજથી રાષ્ટ્રનું ઘડતર થાય છે. આ અનુક્રમ સહજ અને સુવિદિત છે. પરંતુ આવો સર્વલક્ષી વિકાસ સાધવા માટે પરિવારની ભૂમિકા શું હોઈ શકે તે બાબતનો વિચાર કરીએ.

વિશ્વના અન્ય દેશો સ્વતંત્ર બન્યા પછી વિકાસના ક્ષેત્ર હરણફાળ ભરી શક્યા છે તેનાં કારણોનો વિચાર કરવામાં આવે તો કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે તે પૈકી એક બાબત ખૂબ જ પ્રભાવક રીતે ઉપસી આવે છે તે છે રાષ્ટ્રના નાગરિકોનું રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ. રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવના જેટલી પ્રબળ એટલો રાષ્ટ્રનો સારો વિકાસ શક્ય બને છે. ભારતના પ્રત્યેક નાગરિકોમાં આ પ્રકારના ગુણોનો વિકાસ કેવી રીતે કેળવાય તે વિચારવા જેવું ખરુ. આ મનોમંથમાંથી પણ જે બાબત તરી આવે છે તે સુદૃઢ પરિવાર છે. પરિવારને સુદઢ વિશેષણ હેતુસર લગાવવામાં આવ્યું છે. ભગવદ્ગોમંડલ અનુસાર સુદૃઢનો અર્થ ઘણું દૃઢ, ખૂબ મજબૂત, ન તૂટે કે ભાંગે એવું તેવો થાય છે. આ દૃષ્ટિએ જોઈએ તો પરિવાર અત્યંત મજબૂત હોવા જરૂરી છે. અત્યારે પરિવારો તૂટી રહ્યા છે, નબળા પડી રહ્યા છે તે સ્થિતિમાં પરિવાર સુદૃઢ હોવા આવશ્યક છે.

**સુદઢ પરિવાર એટલે....**

- મનુષ્યનિર્માણનું કેંદ્ર હોય.
- રાષ્ટ્રનું લઘુરૂપ અને શક્તિકેંદ્ર
- સામાજિક ચેતનાનો આધાર

- સંસ્કૃતિના જતન-સંવર્ધનનું કેંદ્ર
- ભારતીય જીવનમૂલ્યોનું રક્ષક
- પ્રેમ, સંસ્કાર અને શિક્ષણનો ત્રિવેણીસંગમ

આમ, પરિવાર એ રાષ્ટ્રની મૂડી છે, જેના આધાર પર વિશ્વકક્ષાએ ભારત વિકાસના ડગલાં માંડી શકે છે. પરિવાર એ વ્યક્તિનિર્માણ માટેની પ્રાથમિક અને અગત્યની સંસ્થા છે. વ્યક્તિ પરિવારમાં પોષણ, સંરક્ષણ અને વિકાસ સાધે છે.

પરિવાર બાળકને બાલ્યાવસ્થાથી સંભાળે અને કેળવે છે. પરિવારની સંસ્થા જેટલી મજબૂત તેટલી શિક્ષણવ્યવસ્થા પણ મજબૂત અને સામાજિક સંસ્થાઓ પણ સમૃદ્ધ બની શકે છે. ભારતની પરિવાર- વ્યવસ્થા વિશ્વમાં વિશિષ્ટ અને અજોડ છે. અનેક વર્ષોનો ગુલામીકાળ અને વિદેશી પ્રભાવે આ વ્યવસ્થા પર કુઠારાઘાત કર્યો છે, જેની સામે સમાજ સાથેના સંવાદની જડીબુટ્ટીનો ઉપયોગ પણ જરૂરી બને છે.

સુદૃઢ પરિવાર કેવી રીતે સુવિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે તેના મુદ્દા નીચે પ્રમાણે હોઈ શકે.

1. પરિવાર વ્યક્તિનું જતન-સંવર્ધન કરે છે તેની સાથે સાથે તેનામાં મૂલ્યોનું આરોપણ પણ કરે છે. પરિવાર બાળકના બાળપણમાં જો રાષ્ટ્રભાવનાનું સિંચન કરી શકે તો ઉત્તમ નાગરિકોનું નિર્માણ શક્ય બને છે. ભ્રષ્ટાચારમુક્ત ભારતનું સ્વપ્ન સિદ્ધ કરવા માટે પરિવારની ભૂમિકા પાયાની બની રહે છે.
2. આમ તો પ્રત્યેક વ્યક્તિનું સમગ્ર જીવન પરિવારમાં વ્યતીત થાય છે. તેમાંય ખાસ કરીને બાળપણનો મોટા ભાગનો જીવનકાળ પરિવારમાં જ વીતે છે. બાળપણમાં બાળકનું પોષણ જેટલું ઉત્તમ રીતે થાય તેટલો તેનો શારીરિક વિકાસ સારી રીતે થઈ શકે છે. કુપોષિત બાળક એ વર્તમાન ભારતના વિકાસ સામેનો મોટો પડકાર છે. પ્રત્યેક પરિવાર બાળકના કુપોષણના રાક્ષસને નાથી શકે તો રાષ્ટ્રના તમામ બાળકોને સુવિકસિત કરી શકાય અને 2047માં ભારત વિકસિત બની શકે.
3. મનુષ્ય જીવનના પ્રારંભનાં સાત-આઠ વર્ષ એ વ્યક્તિના સમગ્ર જીવનનો પાયો બની રહે છે. આ અવસ્થામાં વ્યક્તિમાં ખૂબ જ ગતિથી વિકાસ થાય છે. આ સમયગાળા દરમિયાનનો વિકાસ જેટલો સુગ્રથિત રીતે થાય તેટલો વ્યક્તિનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. આ સમયગાળાની માવજત પરિવારના હાથમાં છે. પરિવાર બાળકનું જેટલું જતન, સંવર્ધન અને પોષણ સારી રીતે કરી શકે તેનું પરિણામ રાષ્ટ્રને તેજસ્વી યુવાનોના સ્વરૂપે મળે છે.
4. પરિવારમાં બાળકનાં કૌશલો કેળવાય છે. પરિવાર બાળકને હસ્તકૌશલો તો શીખેવે છે સાથે સાથે જીવનકૌશલો પણ શીખવે છે. આપણે ત્યાં કહેવત છે 'બાપ એવા બેટા અને વડ એવાં ટેટાં.' ભારતમાં અંગ્રેજોના શાસન પહેલાં ક્યાંય બેરોજગારીની સમસ્યા જોવા મળતી ન હતી. પ્રત્યેક વ્યક્તિ તેના પરિવારના વ્યવસાયના કૌશલો શીખી લેતી હતી અને પરિવારના વ્યવસાયમાં પોતાનું યોગદાન આપી શકતી હતી. પરંપરાગત વ્યવસાયો અને હસ્તકળા-કૌશલો ધીમે ધીમે તૂટી ગયાં અને બેરોજગારીના પ્રશ્નો ઊભા થયા. આધુનિક સમયમાં પણ કૌશલ શીખવા માટેના નવાં માધ્યમો અસ્તિત્વમાં આવ્યાં છે. આધુનિક અને પરંપરાગત કૌશલ કેળવવા માટે પરિવાર સહયોગ કરી શકે છે.

વ્યક્તિના વ્યક્તિત્વનાં લક્ષણો છે તે મોટેભાગે વંશ અને વાતાવરણને આભારી હોય છે. પરિવારમાં જે રીતની બોલચાલ, રીતભાત. વર્તનધોરણો વગેરે હોય છે તે પ્રમાણેની વ્યક્તિ તૈયાર થાય છે. પરિવારના સભ્યોની પરસ્પરની વાતચીત, નિર્ણયપ્રક્રિયા, સમસ્યાઓનો સામનો કરવાનો અભિગમ, સહકાર, સહિષ્ણુતા વગેરે જીવનલક્ષી કૌશલો પણ પરિવારમાંથી પ્રાપ્ત થાય છે. પરિવાર આ દૃષ્ટિએ જેટલો મજબૂત એટલી વ્યક્તિ હિંમતભેર અને આત્મવિશ્વાસપૂર્વક જીવનમાં આગળ વધી શકે છે. પરિવાર વ્યક્તિ માટે એક બળ બની રહે છે. જીવનમાં આવી પડતી મુશ્કેલીઓનો ખુમારીથી સામનો

કરી શકાય છે. પરિવારની આ ભાવના આગળ વધતાં વધતાં રાષ્ટ્ર એક પરિવાર છે એવી ભાવનામાં રૂપાંતરિત થાય છે.

રાષ્ટ્રના વિકાસ અંગે માથાદીઠ આવક, ઔદ્યોગિક વિકાસ અને ભૌતિક વિકાસ એ વિકાસ અંગેના સ્થૂળ આયામો છે, પરંતુ સુદૃઢ પરિવારથી સુવિકસિત રાષ્ટ્ર અંગેનો વિચાર સૂક્ષ્મ છે. આ અભિગમથી જે પ્રયાસ કરવામાં આવે તેનાં પરિણામો લાંબા ગાળે દૂરગામી પરિણામો પ્રાપ્ત થઈ શકે છે. સુદઢ પરિવારથી સુવિકસિત રાષ્ટ્રનો માર્ગ પ્રમાણમાં અઘરો છે, પરંતુ અશક્ય નથી. વિશ્વ કક્ષાએ વિકસિત રાષ્ટ્ર દ્વારા સ્થપાયેલાં પરિમાણો કરતા ભિન્ન પરિમાણો પણ હોઈ શકે. વિશેષમાં ભારતીય સામાજિક- સાંસ્કૃતિક પરિવેશની દૃષ્ટિએ તે પરિમાણોની અગ્રતા પણ બદલાઈ શકે છે.

યુનાઈટેડ નેશન દ્વારા સૂચિત શાશ્વત (ટકાઉ/ સ્થાયી) વિકાસના લક્ષ્યાંકોને પણ ધ્યાને લઈને આ પરિપ્રેક્ષ્યને સમજવાનો પ્રયત્ન કરીએ તો વધારે ચિત્ર સ્પષ્ટ થઈ શકે. આ લક્ષ્યાંકો કુલ 17 છે. તે પૈકી ક્રમ 1, 2, 6, 7, 8, 9, 12, 17 જેવાં આઠ લક્ષ્યાંકો આર્થિક પાસાંને સ્પર્શતા અને વ્યવસ્થાપકીય જણાય છે. તે પૈકીના અન્ય લક્ષ્યાંકો વિશે પરિવાર પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ભૂમિકા ભજવી શકે તેમ છે. આ લક્ષ્યાંકો પૈકી નવ લક્ષ્યાંકોને સક્ષમ રીતે સિદ્ધ કરવામાં પરિવાર સહાયક બની શકે તેમ જણાય છે. આ લક્ષ્યાંકો વિશે સંક્ષિપ્ત ચર્ચા કરીએ.

**લક્ષ્યાંક : 3 સારું સ્વાસ્થ્ય અને સુખાકારી**

બાળક પરિવારમાં જન્મ લે છે અને તેનો પ્રારંભિક ઉછેર અને વિકાસ પરિવારમાં થાય છે. પરિવારના સભ્યો અને તેમાંય ખાસ કરીને માતાની બાળવિકાસ અંગેની સમજ આ દિશામાં ખૂબ મોટી ભૂમિકા ભજવી શકે છે. સ્વસ્થ માતા- સ્વસ્થ બાળક અને સ્વસ્થ રાષ્ટ્ર એ સૂત્ર જો કામે લાગે તો પરિવારની અગત્યની ભૂમિકા અહીં બાળકો સંદર્ભે બની રહે છે. સ્વસ્થ અને શિક્ષિત માતા અને પિતા આ માટે ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે તેમ છે. મનોસ્વાસ્થ્યની ગુણવત્તા સુધારવામાં પણ પરિવારના સભ્યો અગત્યની ભૂમિકા કરી શકે તેમ છે. સ્વસ્થ પરિવારમાં સ્વસ્થ વ્યક્તિ તૈયાર થાય છે તે સર્વવિદિત બાબત છે. ભારત બાળકનો જન્મ થાય તે પહેલાંથી બાળકના સ્વાસ્થ્ય અને સુખાકારી અંગે ચિંતન કરે છે. ગર્ભસંસ્કાર અને કુટુંબમાં શિક્ષણ એ ભારતની વિશ્વને અનુપમ ભેટ છે.

**લક્ષ્યાંક : 4 ગુણવત્તાયુક્ત શિક્ષણ**

શિક્ષણની ભારતીય સંકલ્પના અનુસાર શિક્ષણ એ માત્ર શાળા કે મહાશાળાની જવાબદારી નથી પરંતુ શાળા અને પરિવારની સંયુક્ત જવાબદારી બને છે. પરિવાર શિક્ષણ દ્વારા પ્રત્યેક પરિવારને શિક્ષણની અગત્ય જો સમજાવી શકાય તો શિક્ષણની કેટલીક સમસ્યા હળવી બની શકે તેમ છે.

સમાજમાં શિક્ષણ પરત્વે જાગરુકતા કેળવાય તો શિક્ષણમાં આપોઆપ ગુણવત્તાનો આવિર્ભાવ થઈ શકે તેમ છે. અત્યારે શિક્ષણની ગુણવત્તા અભિવૃદ્ધિ માટેના પ્રત્યેક પ્રયાસો એકાંગી બની રહે છે, તેમાં પરિવારનો સહયોગ ભળે તો સોનામાં સુગંધ ભળી શકે. એક શિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે તે પણ એટલું જ સાચું છે. તેથી પરિવારમાં પ્રત્યેક બાળકના શિક્ષણ માટે સભાનતા કેળવવા માટે પરિવારને માર્ગદર્શન આપવાની જરૂર છે.

**લક્ષ્યાંક : 5 જાતિગત સમાનતા**

જાતિગમ ભેદભાવ એ બાળઉછેર સાથે જોડાયેલો ખ્યાલ છે. પરિવાર અને સમાજમાં રૂઢિઓને કારણે વ્યક્તિના લિંગ પ્રત્યે ભેદભાવયુક્ત દૃષ્ટિ કેળવાય છે. પરિવાર અને સમાજ તેનું કારણ પણ છે અને નિરાકરણ પણ છે. પરિવાર પ્રબોધન એ આ દિશામાં અકસીર ઉપાય નીવડી શકે તેમ છે, પરિવારોમાં કુમાર અને કન્યા માટેના આ માનસિક ભેદ દૂર થાય તો શાશ્વત વિકાસના આ લક્ષ્યાંક આપોઆપ અને સરળતાથી સિદ્ધ થઈ શકે તેમ છે. પરિવારમાં નાનપણથી દીકરા અને દીકરી વચ્ચે એક પ્રકારની માનસિક ભેદરેખા તૈયાર કરી દેવામાં આવે છે તે દૂર થાય તો આ લક્ષ્યાંકને સારી રીતે હાંસલ કરી શકાય તેમ છે.

**લક્ષ્યાંક : 10 અસમાનતાનું નિમ્ન સ્તર**

મનુષ્યના જીવનઘડતરનો અગત્યનો તબક્કો એટલે બાળપણ. આ બાળપણમાં જીવનને લગતા અગત્યના ખ્યાલ ઘડાય છે. આ ખ્યાલ જેટલા સુવ્યવસ્થિત અને સકારાત્મક હોય તેટલા પ્રમાણમાં વ્યક્તિનું જીવન સમતોલ અને સુગ્રથિત બની શકે છે. જે પરિવારમાં બાળકના મનમાં કોઈ કામ નાનું અથવા નીચું કહેવાય એવી માન્યતા દૃઢ કરાવવામાં આવે તો એ બાળક મોટું થઈને એવા પ્રકારના કાર્ય કરતી વ્યક્તિ પ્રત્યે આદરની ભાવનાથી વર્તી શકતું નથી. દરેકના હકનું રક્ષણ કરવું, કોઈના હિતને હાનિ ન કરવી, કામમાં પ્રમાણિકતા રાખવી, દરેક મનુષ્ય પ્રત્યે ભાતૃભાવ રાખવો, બીજા પોતાનાથી ભિન્ન છે કે કોઈ બાબતમાં અલગ તરી આવે છે તો તેની કદર કરવી, નૈસર્ગિક ભિન્નતાનો સ્વીકાર કરવો, અલગ મત કે અભિપ્રાયને ઉગ્ર થયા વગર સાંભળી શકાય અને તેની સાથે અસંમત પણ થઈ શકાય વગેરે જેવા ગુણો વ્યક્તિના વ્યક્તિત્વમાં પરિવાર દ્વારા પણ ઘડી શકાય છે. જો આમ બને તો આપણે સમાનતા માટેનો આદર્શ સિદ્ધ કરવાની દિશામાં એક ડગલું આગળ વધી શકીએ.

**લક્ષ્યાંક : 11 ટકાઉ શહેર અને સમુદાય**

વ્યક્તિથી પરિવાર બને છે અને પરિવારથી નગર અથવા શહેર બને છે. આજે શહેરોની સ્થિતિ વિકૃત બની રહી છે. જેટલાં વિરાટ શહેરો છે ત્યાં વસતા વ્યક્તિઓના મન તેટલાં જ સંકીર્ણ બનતાં જાય છે. એક આદર્શ નગર કેવું હોય તેની કલ્પના કરીએ તો આપણા મનમાં તેનાં જે જે લક્ષણો આવે તે તમામ લક્ષણોના બીજ પરિવારમાં રોપાતાં હોય છે. ઉદાહરણ તરીકે, આ જ શહેરોમાં ટ્રાફિકની સમસ્યાના કારણોમાં વધતા વાહનોની સંખ્યા ઉપરાંત ટ્રાફિક અંગેની શિસ્ત પણ એટલી જ જવાબદાર કારણ છે. દરેક વ્યક્તિને બીજી વ્યક્તિથી આગળ વાહન રાખવું છે અને પોતાને બીજા કરતાં વધારે ઉતાવળ છે એમ વિચારે છે. એમાં અકસ્માતોનું પ્રમાણ પણ વધે છે. સારા રસ્તા ક્યારેક વ્યક્તિને બેફામ સ્પીડે વાહન ચલાવવા ઉકસાવે છે અને ભયંકર અકસ્માતો નોતરે છે એ આપણા સૌ માટે અજાણી વાત નથી. પોતાનાથી અશક્ત કે અપંગ વ્યક્તિને રસ્તા પર ચાલવામાં અગ્રતા આપવાનો અભિગમ કેવી રીતે કેળવાય? પરિવાર આ દિશામાં નક્કર પરિણામો લાવી શકે તેવી આશા રાખવી અસ્થાને નથી. સુવિકસિત રાષ્ટ્ર માટે સુગ્રથિત સમુદાય આવશ્યક પૂર્વશરત છે. પરિવારો વચ્ચેની સંવાદિતા એ સમુદાયની સંવાદિતા બને છે. જીવંત અને પરસ્પર સૌહાર્દપૂર્ણ સમુદાય કે સમાજનો પાયાનો એકમ પરિવાર જ છે.

**લક્ષ્યાંક : 13-14 અને 15 પર્યાવરણીય ક્રિયાઓ, જળસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ**

આજના આધિનુક સમયનો સૌથી મોટો અભિશાપ એ પર્યાવરણવિરોધી જીવન છે. ડગલે અને પગલે આપણે પ્રકૃતિના દોહનને સ્થાને શોષણ કરી રહ્યા છીએ. પર્યાવરણની ઘોર અવહેલનાનાં ભયંકર પરિણામો હવે ધીમે ધીમે આપણી સામે આવવા માંડ્યાં છે. શારીરિક વ્યાધિઓ, ઝેરી હવા અને પાણી, પ્રદૂષિત જમીન અને અનાજ વગેરેને કારણે માનવજીવન અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આ સ્થિતિમાં પ્રત્યેક પરિવારમાં પ્રકૃતિની આરાધના માટેના કાર્યક્રમો યોજવામાં આવે તે જરૂરી બન્યું છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ આધારિત જીવનશૈલી જોવા મળે છે. પાણીનો વ્યવ ન કરવો, બિનજરૂરી વીજળીનો ઉપયોગ ટાળવો, પશુ અને પંખીનું રક્ષણ કરવું વગેરે બાબતો પ્રમુખ છે. કીડિયારું પૂરતી, પંખીને ચણ નાખતી, વૃક્ષછેદન અટકાવતી અને નદી-જંગલોને સ્વચ્છ રાખતી અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખતી યુવાન પેઢી જો તૈયાર કરી શકીએ તો રાષ્ટ્રને વિકસિત થવામાં વધુ વર્ષ નહીં લાગે.

**લક્ષ્યાંક : 16 શાંતિ અને ન્યાય**

સમગ્ર વિશ્વ આજે યુદ્ધના ઓથાર હેઠળ છે. પ્રત્યેક રાષ્ટ્ર એક યા બીજા કારણોસર એકબીજા સાથે સંઘર્ષમાં ઉતરી જાય છે. યુદ્ધ એ યુદ્ધભૂમિમાં ખેલાય એ પહેલાં વ્યક્તિના મનમાં આકાર પામે છે. વિશ્વશાંતિનો ઘોરીમાર્ગ પરિવાર શાંતિથી જ પસાર થાય છે. પરિવાર વિશ્વશાંતિની પ્રાર્થના થાય છે ત્યારે ત્યાં શાંતિ અને

ન્યાયનાં બી રોપાય છે. સર્વે ભવંતુ સુખિનઃ જ્યારે વ્યક્તિ પોતાના અનાહત ચક્રને સક્રિય કરીને બોલે છે ત્યારે આપોઆપ તેનામાં શાંતિ પ્રવર્તે છે.

ॐ द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः,

पृथ्वी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः।

वनस्पतयः शान्तिर्विश्वे देवाः शान्तिर्ब्रह्म शान्तिः,

सर्वं शान्तिः, शान्तिरेव शान्तिः, सा मा शान्तिरेधि॥

ॐ शान्तिः शान्तिः शान्तिः॥ ...નો શાંતિપાઠ એ વિશ્વશાંતિ માટે ભારતાના ઋષિઓએ કરેલી વૈશ્વિક પ્રાર્થના છે. પોતાને શાંતિ ત્યારે જ મળે છે જ્યારે આસપાસનું ચરાચર જગત શાંતિમય બને છે, આ આદર્શ ભારતે વિશ્વને આપ્યો છે. એ માર્ગે પ્રત્યેક ભારતીય પરિવાર ચાલે તો ભારત સુવિકસિત રાષ્ટ્ર બની શકે તેમાં બેમત નથી.

**ઉપસંહાર :**

જે રીતે પ્રત્યેક વ્યક્તિના જીવનમાં વિકાસ માટેની અમૂલ્ય તક આવે છે તે રીતે પ્રત્યેક દેશ માટે પણ આવી ક્ષણો આવતી હોય છે. કોઈ પણ તક નીકળી જાય પછી ખબર પડે છે કે એ તક હતી. ત્યાં સુધી ક્યારેક આપણને એનો પરિચય થતો નથી, પછી રહે છે પ્રતીક્ષા અને પસ્તાવો. વિરલ વ્યક્તિઓ આવી તકને ઓળખીને ક્રિયા પ્રતિક્રિયા કરે છે અને વિકાસ સાધી લે છે.

ભારત અત્યારે આઝાદીના અમૃતકાળ તરફ આગળ વધી રહ્યું છે. ભારત એક કરતાં વધારે મોરચે પ્રભાવશાળી દેખાવ કરી રહ્યું છે.

ભારતની વસતીની સરેરાશ ઉંમર 28.7 છે અને 20 વર્ષ કરતાં ઓછી ઉંમર ધરાવતા લોકો 34.3% છે. (https://www.worlddata.info/average-age.php) 55% કરતાં વધારે વસતી 25 વર્ષથી ઓછી ઉંમર ધરાવે છે. 60% કરતા વધારે વસતી કામ કરવાની એટલે કે 15 થી 60 વર્ષ વચ્ચેની ઉંમર ધરાવે છે. આ ભારતની શક્તિ બની શકે તેમ છે. આ શક્તિનો યોગ્ય રીતે અને યોગ્ય દિશામાં ઉપયોગ કરવામાં આવે તો ભારત 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બની શકે છે. આવો, સાથે મળીને પરિવારમાં પ્રત્યેક વ્યવહાર વ્યક્તિ-વિકાસથી રાષ્ટ્રના વિકાસની દિશાને ધ્યાનમાં રાખીને કરીએ.

# વિકસિત ભારત

## (બાળગીત)

ઊંચી ઉડાન ભરતું આ છે પ્યારું ભારત,
ઝાઝેરી ભોમમાં આ છે સહિયારું ભારત.
એ છે મારું વિકસિત ભારત.

અહીના જનજનમાં પડ્યો છે એવો મંત્ર,
જેના ગાન થકી આજ દ્વાર ખૂલ્યાં સર્વત્ર.
એ છે મારું વિકસિત ભારત.

જ્યાં ભણતર સાથે ગણતરનો પણ દરિયો,
જાણે ઉરઉર શ્વાસે છલોછલ એવો ભરિયો.
એ છે મારું વિકસિત ભારત.

નેમ લીધી છે હવાએ હર ખૂણે પુગવાની,
ને પછી થૈ બીજ છેક ભીતર ઊગવાની.
એ છે મારું વિકસિત ભારત.

હર ક્ષેત્રે લગાવી શોધની ઊંચી છલાંગો,
એ જ બોધ વિશ્વને એ જ અમારો સંદેશો.
એ છે મારું વિકસિત ભારત.

**જગમાલભાઈ પીઠિયા 'વ્હાલ'**
આચાર્યશ્રી નાંદરખી પ્રા. શાળા,
તા. માંગરોળ, જિ. જૂનાગઢ.
મો. 9724481518

# ભારતીય યોગવિદ્યા થકી વિકસિત ભારતનિર્માણ



**ડૉ. જિજ્ઞાસા કે. ચાવડા**
આસિસ્ટંટ પ્રોફેસર
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કૉલેજ, રાજકોટ.
મો. 9426853111

**પ્રસ્તાવના:**

વ્યક્તિની તેજસ્વિતા વધારીને વ્યક્તિગત તેમજ રાષ્ટ્રીય વિકાસ માટે તેને પ્રયોજવાનો વિચાર અહીં કેન્દ્રસ્થ છે. એટલે આજના બાળકની તેજસ્વિતાના વિકાસને પોષક એવા ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓ માટેની પ્રયુક્તિઓનો વિચાર કરવો પડે. બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકાના મતે, 'બાળકની છ વર્ષની ઉંમર સુધીમાં તેનામાં મૂલ્યોના ઘડતરની મહત્તમ ગુંજાશ છે.' જે તેને ભવિષ્યે ઉત્તમ નાગરિક બનાવવામાં ઉપકારક બને છે. તેથી બાળવયે તેને આત્મસંયમ અને અનુશાસનનું જ્ઞાન, તાલીમ તથા જીવન-વ્યવહાર શીખવવા માટે ભારતીય યોગવિદ્યામાં સમાવિષ્ટ અષ્ટાંગ યોગમાંથી પહેલા બે અંગો યમ (આત્મસંયમ) અને નિયમ (અનુશાસન)નું શિક્ષણ આપીને તેજસ્વિતાનો વિકાસ કરાવી શકાય. એ રીતે વિકાસ પામતી તેજસ્વિતા ભવિષ્યે વિકસિત ભારતના નિર્માણમાં પદાર્પણ કરે તેવો હેતુ છે. આધુનિક સમયે સમગ્ર વિશ્વમાં યોગ વિષયક જિજ્ઞાસા વધતી જતી જોવા મળે છે ત્યારે, જેના તરફ આખું જગત આકર્ષાયું છે તેવા યોગ દ્વારા ચિત્તવૃત્તિઓના નિરોધથી ઉત્તમ નાગરિક બની શકાય છે. આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. એટલે બાળકને યોગનું જ્ઞાન, યોગની તાલીમ તથા યોગ આત્મસાત થાય તેવું શિક્ષણ આપવાથી તેનાં ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર કેળવાશે. તેની તેજસ્વીતા વધશે. શરીર અને મનનું સ્વાસ્થ્ય જળવાશે. એમ કરવાથી તે રાષ્ટ્રનો ઉત્તમ નાગરિક બનશે. જે વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકશે. એવા ખ્યાલ સાથે આજના બાળકને ભારતીય યોગવિદ્યામાં સમાવિષ્ટ અષ્ટાંગ યોગ પૈકીના પ્રથમ બે અંગો : આત્મસંયમ અને અનુશાસનની કેળવણી આપીને ભવિષ્યનો તેજસ્વી નાગરિક બનાવી વિકસિત ભારતના નિર્માણ માટે કટિબદ્ધ બનાવીએ.

તેજસ્વિતા વધારનાર યોગનો અર્થ બાળકને સમજાવીએ. યોગ શબ્દનો અર્થ થાય છે જોડાણ , મિલન કે સંયોગ. યોગની સરળમાં સરળ વ્યાખ્યા છે : 'આત્માનું પરમાત્મા સાથે મિલન.' અહીં આત્મા એટલે આપણે બધા જીવરૂપ આત્માઓ અને પરમાત્મા એટલે શિવ કે ઈશ્વર તત્ત્વ. આપણે જીવાત્માઓ પરમાત્મા કે ઈશ્વરમાંથી છૂટા પડયા છીએ. એ મૂળ કારણરૂપ પરમાત્મા કે ઈશ્વરમાં પુનઃ ભળવાની ક્રિયા એટલે યોગ .

તેજસ્વિતા વધારવા માટે બાળકને અષ્ટાંગ યોગનો ખ્યાલ આપીએ. યોગનાં આઠ અંગો છે. જે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ. આ આઠેયનું જ્ઞાન બાળકને બાળવયે આપવાને બદલે પ્રથમ બે અંગો યમ (આત્મસંયમ) અને નિયમ (અનુશાસન), જેની સમજણ એ ઉંમરે કેળવી શકાય છે, તેના વિશે સમજાવીશું.

યોગનું પહેલું અંગ યમ છે. યમ શબ્દનો અર્થ થાય છે, આત્મસંયમ અથવા સ્વ પર નિયંત્રણ . એવા આત્મસંયમ કે નિયંત્રણને આમ તો બાળકના વ્યવહાર સાથે જોડવામાં આવે છે. તેમ છતાં સામાન્ય જનવ્યવહારમાં પણ એવું આત્મનિયંત્રણ કલ્યાણકારી છે, જે બાળકની તેજસ્વિતા વધારવા માટે જરૂરી છે.

યૌગિક યમો વ્યવહારમાં આચરવાના નૈતિક કાયદાઓ છે. મનુષ્ય સામાજિક પ્રાણી છે. સમાજમાં જો દરેક વ્યક્તિ મનસ્વી રીતે આચરણો કરે તો સામાજિક વ્યવસ્થા ખોરવાઈ જાય. જેના કારણે જનજીવન મુશ્કેલ

અને દુઃખદાયી બની જાય. જનજીવન સરળ અને આનંદદાયી બને અને બધા માનવીઓ સુખી બને એ માટે પ્રાચીન ઋષિ- મુનિઓએ વ્યવહારમાં આચરવાના નૈતિક કાયદાઓ સૂચવ્યા છે, જે મુખ્ય પાંચ યમ તરીકે ઓળખાય છે. જેને પાંચ મહાવ્રતો પણ કહે છે. બાળકને એની સમજણ આપીએ. જે બાળકની તેજસ્વિતા વધારવામાં ઉપકારક બને છે.

**યમના પાંચ પ્રકાર અહીં દર્શાવ્યા છેઃ**

**૧. અહિંસા :** મન, વચન અને કર્મ દ્વારા કોઈ પણ પ્રાણીને કષ્ટ ન આપવું તેને અહિંસા કહેવામાં આવે છે. કોઈની સાથે લડાઈ - ઝઘડા ન કરવા, કોઈને અપશબ્દો ન કહેવા કે કોઈનો તિરસ્કાર ન કરવો. સર્વની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરવો તથા પરસ્પર હળીમળીને બંધુત્વની ભાવનાથી રહેવું. આ બધા અહિંસાનાં સામાન્ય લક્ષણો છે.અહિંસાના પરિપાલનથી વેરભાવ શમે છે અને પ્રેમભાવના વિકસતી જાય છે.

**૨. સત્ય :** મન,વચન અને કર્મ દ્વારા કોઈની સાથે કપટયુક્ત વ્યવહાર ન કરવો તેને સત્ય કહેવામાં આવે છે. અન્યને છેતરવાની વૃત્તિ પર નિયંત્રણ રાખવાથી સત્યાચરણમાં સહાયતા પ્રાપ્ત થાય છે. કોઈનો દ્વેષ ન કરવો. અન્યને પ્રિય લાગે તેવું અને સત્ય બોલવું. આ સત્યનાં સામાન્ય લક્ષણો છે. સત્યાચરણથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે. સાત્વિકતા વધવાથી માનસિક શક્તિઓના વિકાસ સાથે શાંતિની પ્રાપ્તિ થાય છે.

**૩. અસ્તેય :** અસ્તેય એટલે ચોરી ન કરવી. અન્યના હક્ક કે માલિકીની ચીજ-વસ્તુ મૂળ માલિકની સંમતિ વિના લેવાની ઇચ્છા કરવી કે લઈ લેવી તે ચોરી ગણાય. ચોરીનું મૂળ અન્યની ઈર્ષા કરવામાં રહેલું છે. આ દૃષ્ટિએ ઈર્ષા અને લોભવૃત્તિ પર નિયંત્રણ રાખવાથી અસ્તેયનું પાલન સરળ બને છે. ચોરી કરવાની વૃત્તિ ધરાવવી એ બહુ મોટો દુર્ગુણ છે. એનાથી આત્મોન્નતિનો માર્ગ બંધ થઈ જાય છે અને સામાજિક પ્રતિષ્ઠા પણ નષ્ટ થાય છે.

**૪. બ્રહ્મચર્ય :** માણસ મન, વચન અને કર્મ દ્વારા દૈહિક વિકાર કે શારીરિક ભોગને ત્યાગે તેને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. તે માટે યોગાભ્યાસ દ્વારા જાતીય સંબંધથી બચવું જોઈએ. સામાન્ય ગૃહસ્થોએ પણ યથાશક્તિ સંયમ પાળવો જોઈએ. બ્રહ્મચર્યના પાલનથી બળવાન થવાય છે. તેથી ઊલટું, બ્રહ્મચર્ય ન પાળવાથી બળનાશ થાય છે અને ઝડપથી રોગ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ તરફ ગતિ થાય છે.

**૫. અપરિગ્રહ :** પરિગ્રહ એટલે સંગ્રહ અને અપરિગ્રહ એટલે અસંગ્રહ અથવા સંગ્રહ ન કરવો તે. નીતિયુક્ત પુરુષાર્થ દ્વારા જે કાંઈ મળે એનાથી પ્રસન્ન રહેવું અને પ્રાથમિક આવશ્યકતાઓથી અધિક સંગ્રહ ન કરવો. એ અપરિગ્રહનાં સામાન્ય લક્ષણો છે.

બાળકે જીવનમાં સાદગી અપનાવવી જોઈએ. શાંત અને સ્વસ્થ જીવન જીવવા માટે પણ સાદગી અનિવાર્ય છે. દેખાદેખીથી ચીજ-વસ્તુઓનો સંગ્રહ કરવાથી લોભ અને લાલચ વધુ પુષ્ટ બને છે. લાલચ મૃગજળ જેવી છે, જે કદી તૃપ્ત થતી નથી. ઇચ્છિત વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે અનીતિયુક્ત ઉપાયો યોજવાથી જીવન ગૂંચવાય છે અને અંતે દુઃખની જ પ્રાપ્તિ થાય છે.

મુખ્ય પાંચ મહાવ્રતો કે યમ ઉપરાંત બાળકની તેજસ્વિતા વધારનારા ગૌણ એવા પાંચ યમ કે વ્રતો. જેનાથી બાળકની તેજસ્વિતા ઊભરી આવે છે તેવાં પાંચ ગૌણ યમ કે વ્રતો એને સમજીએ, જે અહીં પ્રસ્તુત છેઃ

**૧. ક્ષમા :** પોતાનું પ્રિય કે અપ્રિય કરનાર પ્રત્યે રાગ દ્વેષ ન દાખવવો તથા સહનશીલ બનવું એ ક્ષમાનું સામાન્ય લક્ષણ છે. ક્ષમા વીરોનું ભૂષણ મનાય છે, તેમ યોગીઓનું પણ ભૂષણ છે. જે સંસ્કાર બાળવયે પડે તો ભવિષ્યમાં નાગરિક તરીકેના વર્તન-વ્યવહારમાં પ્રગટ થાય.

**૨. ધૃતિ :** વિપરીત પરિસ્થિતિમાં પણ એક નિષ્ઠાપૂર્વક સદાચાર અને સંયમના પરિપાલનને વળગી

રહેવું તથા સદા કર્તવ્યનિષ્ઠ રહેવું એ ધૃતિનાં સામાન્ય લક્ષણો છે; જેના સંસ્કાર બાળકમાં આવે.

**૩. દયા :** પારકાં તથા પોતાનાં પ્રત્યે આત્મીયતાથી વર્તવું. અન્યના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું તથા દુઃખીઓનાં દુઃખોને દૂર કરવા માટે શ્રદ્ધાપૂર્વક ઉપાય કરવો એ દયાનાં સામાન્ય લક્ષણો છે; જેનું આચરણ બાળક કરતું થાય.

**૪. આર્જવ :** મન, શરીર અને ઇન્દ્રિયોની સરળતાને આર્જવ કહેવામાં આવે છે. સ્વાર્થને પ્રપંચોથી બચીને રહેવું એ સરળતાનું લક્ષણ છે. આ પ્રકારે બાળક સરળતા શીખે.

**૫. મિતાહાર :** તન-મનને સ્વસ્થ અને પ્રસન્ન રાખવા માટે ભૂખ કરતાં થોડું ઓછું જમવું તેને મિતાહાર કહેવામાં આવે છે. બાળવયે આ ટેવ પડે એટલે આ પ્રકારનું શિક્ષણ આપવું.

**યોગનું બીજું અંગ નિયમ :**

નિયમનો અર્થ થાય છે, શિસ્તપૂર્વક વર્તવું. અનુશાસન કે કાયદો. યૌગિક નિયમોને શરીર અને મનના નિયંત્રણ માટે સૂચવવામાં આવ્યાં છે. નિયમોના આચરણ દ્વારા શારીરિક અને માનસિક શુદ્ધિ પ્રાપ્ત થાય છે, જે બાળકને સમજાવવું. શિસ્તબદ્ધ નિયમપાલન દ્વારા શારીરિક સ્વસ્થતા અને એકાગ્રતાની પ્રાપ્તિ થાય છે, જે બાળકની તેજસ્વિતાના વિકાસને ઉપકારક બને છે, જે યમોનું પાલન વ્યવહારમાં કરવામાં આવે છે. જ્યારે નિયમો વ્યક્તિગત રીતે આચરવાના કાયદા છે. એના દ્વારા બાળકની પોતાની શારીરિક અને માનસિક શુદ્ધિ કરવાની ટેવ પડે છે. આ નિયમના મુખ્ય પાંચ પ્રકાર અહીં રજૂ કરવામાં આવ્યા છે :

**૧. શૌચ :** શૌચ એટલે શુદ્ધિ. શુદ્ધિ બે પ્રકારની કહી છે : (૧) શારીરિક અને (૨) માનસિક.

સ્નાન દ્વારા શરીરને બહારથી અને યોગ્ય આહાર તથા જલપાન દ્વારા અંદરથી શુદ્ધ રાખવું તે શારીરિક શુદ્ધિ કહેવાય. સદ્ગ્રંથોનું વાંચન-મનન, સંત સમાગમ તથા ગુરુમુખેથી શાસ્ત્ર શ્રવણ વગેરે દ્વારા માનસિક શુદ્ધિ પ્રાપ્ત થાય છે. શરીર અને મનની શુદ્ધિ વિના યોગ માર્ગમાં પ્રગતિ સાધી શકાતી નથી. શરીર-મનને વિશુદ્ધ રાખવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.જેથી બાળકે વિવેકપૂર્ણ આહાર-વિહાર દ્વારા શરીર અને મનને શુદ્ધ રાખવાં.

**૨. સંતોષ :** સંનિષ્ઠ પુરુષાર્થ દ્વારા જે કાંઈ પ્રાપ્ત થાય એનાથી બાળકે તુષ્ટ અને પ્રસન્ન રહેવું, એ સંતોષનું સામાન્ય લક્ષણ છે. સંતોષ દ્વારા સુખ - દુઃખમાં સમ રહેવાની શક્તિ પ્રાપ્ત થાય છે. જેથી દુઃખની નિવૃત્તિ અને આનંદની પ્રાપ્તિ થાય છે. ગુજરાતીમાં એક કહેવત પણ છે કે, ''સંતોષી નર સદા સુખી.''

**૩. તપ :** શારીરિક અને માનસિક કષ્ટોને પ્રસન્નતાથી સહેવાં, એ તપનું સામાન્ય લક્ષણ છે. તપ દ્વારા તન-મન વિશુદ્ધ બને છે. તેથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે અને કઠિન યોગસાધના માટે સ્વસ્થતા અને માનસિક દૃઢતા પ્રાપ્ત થાય છે, જે બાળકને શીખવવું.

**૪. સ્વાધ્યાય :** સ્વ એટલે પોતાનો આત્મા. સ્વાધ્યાય એટલે પોતાના આત્માને ઓળખવાનો અભ્યાસ. ઇન્દ્રિયોના વિષયોમાં ભટકતું બહિર્મુખ મન જ્યારે અંતર્મુખ બને ત્યારે આત્માનાં દર્શન અને એનો અભ્યાસ શક્ય બને. આત્મદર્શન માટે શાસ્ત્રોનું અધ્યયન કરવું, યોગાંગોનો નિત્ય નિયમિત અભ્યાસ કરવો તથા આત્મચિંતન કરવુ. આ બધાં સ્વાધ્યાયનાં સામાન્ય લક્ષણો છે, જેની ટેવ બાળકે કેળવવાની છે.

**૫. ઈશ્વરપ્રણિધાન :** ઈશ્વર એટલે સગુણ બ્રહ્મ કે પરમાત્મા. પ્રણિધાન એટલે પ્રાણ સહિત આધીન થવું. ઈશ્વરને જગતના સ્વામી માની એમની તન - મનથી શ્રદ્ધાપૂર્વક સેવાપૂજા કરવી અને સમર્પિત ભાવ દાખવવો એ ઈશ્વર પ્રણિધાનનાં સામાન્ય લક્ષણો છે. ઈશ્વર પ્રણિધાન યોગની અંતિમ ભૂમિકા સમાધિની પ્રાપ્તિનું સાધન છે. સમાધિમાં ઈશ્વરદર્શન પામી પ્રકૃતિના

બંધનમાંથી મુક્ત બની જવાય છે, તેવું બાળકને સમજાવવું.

બાળકની તેજસ્વિતા વધે તે માટે નિયમના ગૌણ પ્રકારોનું જ્ઞાન આપવું. નિયમ-પાલનથી બાળક જીવન વ્યવહારોમાં શિસ્તપાલન કરતો થાય છે. તેને પૂરક નિયમના ગૌણ પ્રકારો પણ તેની તેજસ્વિતા વધારવામાં ઉપયોગી બને છે, જે અહીં પ્રસ્તુત છે :

**1. આસ્તિકય :** શાસ્ત્રોક્ત સહિત કર્મોમાં શ્રદ્ધા રાખીને તેનું સદા આચરણ કરવું અને શાસ્ત્ર વિરુદ્ધનાં કર્મો કરતાં ડરવું એ આસ્તિક્યનાં સામાન્ય લક્ષણો છે. જે બાળકને સમજાવવું.

**2. દાન :** નીતિપૂર્વક મેળવેલ ધન વડે પ્રેમપૂર્વક જરૂરતમંદોને સહાય કરવી તેને દાન કહેવામાં આવે છે. દરેક વ્યક્તિએ પોતાની આવકના ઓછામાં ઓછા દસ ટકા જેટલું દાન કરવું જોઈએ, એવી શાસ્ત્રોની આજ્ઞા છે. આનો ખ્યાલ બાળકને આપવો.

**3. સિદ્ધાંત શ્રવણ :** જેમણે શાસ્ત્રોક્ત સિદ્ધાંતોની અનુભૂતિ કરી હોય એવા પ્રાજ્ઞપુરુષો પાસેથી શાસ્ત્ર-શ્રવણ કરવું તથા એના પર એકાગ્રતાથી મનન કરવું. તેને સિદ્ધાંત શ્રવણ કહેવામાં આવે છે, જે બાળકને તેજસ્વી બનાવવામાં ઉપયોગી બને.

**4. હ્રીં :** વ્યવહારમાં કે આધ્યાત્મિક માર્ગમાં થઈ ગયેલ અનુચિત કાર્યથી લજ્જા અનુભવવી તથા સ્વદોષને સુધારવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો તેને હ્રીં કહેવામાં આવે છે, જેનો બાળકને ખ્યાલ આપવો.

**5. મતિ :** મતિ એટલે સત્ય સ્વરૂપ ઈશ્વર તરફ દોરનારી બુદ્ધિ. શાસ્ત્રો ઈશ્વરદર્શનનો માર્ગ બતાવે છે. તેથી શાસ્ત્ર નિર્દિષ્ટ માર્ગે ચાલવાવાળી મનની પ્રબળ વૃત્તિને મતિ કહેવામાં આવે છે. સત્ય સ્વરૂપ ઈશ્વરદર્શન પામવા બાળકે શાસ્ત્રોમાં શ્રદ્ધાયુક્ત દઢ મતિ કેળવવી જોઈએ.

**6. જપ :** સદ્‌ગુરુના મુખે શ્રવણ કરેલ મંત્રના વિધિયુક્ત રટણને જપ કહેવામાં આવે છે જે પુરુષ દ્વારા રચાયા નથી પણ જે ઋષિ-મુનિઓએ સમાધિ અવસ્થામાં સાંભળેલી ઈશ્વની વાણી છે. વેદની રુચાઓ આવા અપૌરુષેય મંત્રો છે. એવો વેદોક્ત મંત્ર સ્વમુખે શ્રવણ કરી રટવાથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત લેખ બાળકની તેજસ્વિતાના વિકાસ માટે ભારતીય યોગવિદ્યામાં સમાવિષ્ટ અષ્ટાંગ યોગમાંથી પ્રથમ બે અંગો : યમ અને નિયમ એટલે કે આત્મસંયમ અને અનુશાસનની કેળવણી તરફ અંગૂલિનિર્દેશ કરે છે. યોગ શિક્ષણની આ પાયાની કેળવણીથી બાળવયે ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓના સંસ્કારો પડશે, જે ભવિષ્યે ઉત્તમ નાગરિક તરીકે ઊભરી આવશે. તેનામાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવી બાબતે આત્મસંયમ કેળવાશે. વળી, ક્ષમા, ધૃતિ, દયા, આર્જવ અને મિતાહાર જેવા ગુણોનો વિકાસ થશે.

ઉપરાંત શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન જેવા અનુશાસનની તાલીમ મળશે. તેમજ આસ્તિકય, દાન, સિદ્ધાંત શ્રવણ, હ્રીં, મતિ અને જપની ટેવ પડશે. બાળકની તેજસ્વિતાના વિકાસ માટેની ઉપરોક્ત બાબતો યોગ શિક્ષણ દ્વારા વિકસાવી શકાય છે. એ રીતે વિકસિત નાગરિક વિકસિત ભારતના નિર્માણમાં પદાર્પણ કરી શકે.

**સંદર્ભોઃ**


- જિજ્ઞાસા કે. ચાવડા (2015). યોગાસન પરિચય માર્ગદર્શક પુસ્તિકા. ભાવનગર : આયુધ પ્રકાશન.
- સ્વામી અધ્યાત્માનંદ (2019). યોગ એ જ જીવન (સંવર્ધિત આવૃત્તિ). અમદાવાદ : ગૂર્જર સાહિત્ય ભવન, ગુજરાત રાજ્ય.
- સ્વામી રાજર્ષિ મુનિ (2005). યોગદર્શિકા (11મી આવૃત્તિ). વડોદરા : લાઈફ મિશન ટ્રસ્ટ.

# યુવાનોની નજરે મુકુલિત ભારત@2047



**ડૉ. મીનલબા જાડેજા**
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. : 7600043400

આઝાદીના અમૃતકાળના મુકામે આપણે જ્યારે ઊભા છીએ ત્યારે આઝાદીની શતાબ્દી પૂર્ણ કરવાના પડાવનો માર્ગ એવો કંડારીએ કે આ શતાબ્દી જયંતી તે સુવર્ણકાળ બની રહે. ભારતનાં ભૂતકાળ ભણી નજર કરીએ તો પુરાતનકાળમાં આર્થિક દૃષ્ટિએ ભારતે સિલ્કરૂટનું આધિપત્ય ભોગવ્યું, વિશ્વની સૌથી મોટી ઈકોનોમી બન્યું અને આધ્યાત્મિક દૃષ્ટિએ ભારત એ વિશ્વગુરુ બન્યું. સ્વાસ્થ્ય દૃષ્ટિએ આયુર્વેદ અને યોગની સૌથી મોટી ભેટ પણ વિશ્વને આપી. સોને કી ચીડિયાના બિરુદથી નવાજાયેલું આ રાષ્ટ્ર વર્ષો સુધી પોતાનો ભવ્ય વારસો સાચવવા માટે સમર્થ રહ્યું. ભારતીય રાજાઓએ ઈ.સ. પછીનાં દોઢેક હજાર વર્ષો સુધી તેની ગરિમાને અખંડ રાખવા પ્રયત્ન કર્યો તો પણ થોડો સમય પરતંત્રતાનાં વર્ષો પણ ગાળવાં પડ્યાં અને બેએક સદીની પરતંત્રતા બાદ ફરી આગળ ધપવા માટે ભારત સંઘર્ષ કરી રહ્યું છે.

વિશ્વની ઇકોનોમીનાં અંદાજે 40% ભાગ ધરાવનાર ભારત આઝાદીના સમય સુધીમાં અલ્પ વિકસિત રાષ્ટ્રની સ્થિતિમાં પહોચ્યું. તેના મુળિયાં બ્રિટિશ કાળમાં રહેલાં છે. આઝાદી સમયે રાષ્ટ્ર પાસે કોઈ ખાસ સંપત્તિ ન હતી. દેશનો મુખ્ય ઉદ્યોગ કૃષિ હતો. પરંતુ તે પણ વર્ષા આધારિત હતો. આઝાદી બાદ સૌથી મોટી કંપનીમાં માત્ર TISCO કંપની કહી શકાય. ઉદ્યોગોમાં દેશના ભાગલાના કારણે બહુ મોટો માર પડ્યો. કેટલીક કંપનીનો કાચો માલ પાકિસ્તાનમાં પેદા થતો હતો, જેથી પણ ભાગલા પછી તે કંપનીઓ બહુ ચાલી શકી નહિ. ઉદાહરણ તરીકે આઝાદી સમયે 112 શણની ફેકટરી હતી, પરંતુ શણનું ઉત્પાદન જે તે સમયના પાકિસ્તાન (બાંગ્લાદેશ)માં થતું હતું. આવી સ્થિતિમાંથી ભારત આજે પ્રગતિ કરતા કરતા વિશ્વની પાંચમાં નંબરની ઈકોનોમી બન્યું છે ત્યારે ભારત એક ક્વોન્ટમ કૂદકો મારવાની તૈયારીમાં છે.

આ સમયે ભારતને વિકસિત બનાવવા માટે દરેકનું યોગદાન મહત્ત્વનું છે. પરંતુ ભારત જ્યારે યુવાદેશ હોય ત્યારે સૌથી અગત્યની જવાબદારી આ યુવાનોની બને તે સ્વાભાવિક છે. આ યુવાનોને ભારત સરકાર દ્વારા એક હાકલ કરવામાં આવી છે. આ હાકલ એ તેમની વૈચારિક જાગૃતિ માટેની છે. ભારતના યુવાનોને ભારતને વિકસિત બનાવવા માટેની વૈચારિક ક્રાંતિનાં જાગરણ થકી તેમને કૃતિનિષ્ઠ બનાવવા માટે પ્રેરક એવા કેટલાક પ્રશ્નો સરકારશ્રી દ્વારા પૂછવામાં આવ્યા હતા. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા આ પ્રશ્નો સંદર્ભે તરુણાઈનાં જવાબો મેળવવા એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વેનાં પરિણામોનું ગુણાત્મક વિશ્લેષણ અત્રે હાથ ધરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નીચે આ પ્રશ્નોના ગુણાત્મક વિશ્લેષણનાં પરિણામો રજૂ કરવામાં આવ્યા છે. આ લેખમાં સંશોધનની ટેકનીકલ બાબતોને ટાળવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જેથી સામાન્ય વાચકને પણ સરળતાથી મુખ્ય હાર્દ સમજી શકાય.

**પ્રશ્ન-1 : વર્ષ 2047 માં વિવિધ પાસાઓ સંદર્ભે વિકસિત ભારત કેવું હોવું જોઈએ ?**

ઉપર્યુક્ત પ્રશ્ન સંદર્ભે 286 યુવાનો પાસેથી મળેલી માહિતી સંદર્ભે અહી વિશ્લેષણ આપ્યું છે. યુવાનોની નજરે સૌથી અગત્યની જરૂરિયાત એ રોજગારી વિષયક હતી. યુવાનોના માટે દરેક માટે કોઈ ને કોઈ રોજગાર ઉપલબ્ધ થાય તે દિશામાં વિકાસ થવો જોઈએ. ત્યારબાદના ક્રમે શિક્ષણ વિષયક ચિંતા યુવાનોએ વ્યક્ત કરી હતી. જેમાં મફત શિક્ષણ, યોગ્ય ગુણવત્તાવાળું શિક્ષણ અને ગ્રામિણ લેવલે શિક્ષણની

વાત કરી હતી, સાથે સાથે શિક્ષણ માટેની યોગ્ય સુવિધા જેમ કે હોસ્ટેલની ઉપલબ્ધિ અંગેનો સૂર પણ યુવાનોએ આપ્યો હતો. ત્યાર પછીના ક્રમે સ્વચ્છતાને મહત્ત્વ આપ્યું હતું. મોટાભાગના યુવાનો સ્વચ્છ ભારત માટે ચિંતિત જણાયા હતા. વિદ્યાર્થીઓનું સ્વપ્ન તકનિકી રીતે સક્ષમ ભારતનાં નિર્માણનું પણ હતું. સમાનતા પણ તેના પછીના ક્રમની ચિંતા હતી. જેમાં રિઝર્વેશન નાબૂદી, સ્ત્રી-પુરુષ સમાનતા અને ગ્રામ્ય શહેરની સમાનતાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એક બહુ ચિંતાજનક બાબત કહી શકાય કે સમાજિક દૂષણો વિષે ચિંતિત વિદ્યાર્થીઓએ બળાત્કાર રોકવા વિષેની વાત વધુ વખત કરી હતી. ભ્રષ્ટાચાર પણ એક ખૂબ ચિંતાનો વિષય જણાયો હતો. આત્મનિર્ભર બનવાની હામ વિદ્યાર્થીઓમાં જોવા મળી હતી. ગરીબી વિષે પણ યુવાનો ચિંતિત જણાયા હતા. ત્યારબાદ પાયાની જરૂરિયાતપૂર્તિ, સાંસ્કૃતિક ઉત્થાન, સ્ત્રી સશક્તિકરણ અને માળખાગત સુવિધાઓ વિષે યુવાનો ભારતને આગળ લઈ જવા માંગતા હતા. અને બહુ થોડા વિદ્યાર્થીઓએ ખેતી, ઉદ્યોગો, માનસિક શાંતિ, મોંઘવારી, બાળક, મુલ્યો, ટકાઉ વિકાસ, આતંકવાદ, અને સંરક્ષણ જેવા વિષયો વિષે ચર્ચા કરી હતી.

આમ યુવાનોનાં માનસને જો વાંચીએ તો તેમાં એવું ફલિત થયું હતું કે તેઓ સૌથી વધારે રોજગાર, શિક્ષણ અને સમાનતા માટે ચિંતિત છે. પરંતુ ઉદ્યોગો, અને અન્ય આર્થિક ઉત્થાન વિષે વધુ વાત કરી નથી. વધુમાં ભૌતિક બાબતો સિવાયની બાબતો; જેવી કે મૂલ્યો, આધ્યાત્મિકતા વિષે બહુ ચિંતિત નથી.

**પ્રશ્ન-2 : આ લક્ષ્ય સુધી પહોંચવા માટે આપણે શું કરવાની જરૂર છે?**

આ પ્રશ્નના જવાબમાં આ લક્ષ્ય સુધી પહોંચવા માટે સૌથી વધારે શિક્ષણની જરૂરિયાત છે તેમ યુવાનોનું માનવું હતું. સાથે સાથે યુવાનોએ સખત મહેનતને વિકસિત ભારતનાં લક્ષ્ય સુધી પહોચવા જવાબદાર માની હતી. યુવાનોનું કહેવું હતું કે વિકસિત ભારતનું સપનું સાકાર કરવા માટે ભારતીયોએ પરસ્પર સહકારની ભાવનાથી કામ કરવું પડશે. યુવાનોએ વિકસિત ભારત માટે બેરોજગારીને હટાવવા પર ભાર મૂક્યો હતો અને સરકારની વિવિધ યોજનાઓ અને પોતાની ફરજ પ્રત્યેની જાગૃત્તિની વાત કરી હતી. ત્યારબાદના ક્રમે ભારતને ડીજિટલ બનાવવા પર પણ યુવાનોએ ભાર મૂક્યો હતો, અને તેના પછીના ક્રમે પર્યાવરણની સુરક્ષા અને તેના સુધાર વિષે ચિંતા વ્યક્ત કરી હતી. આગળના ક્રમે ઉદ્યોગ અને કૌશલ્ય વિકાસની જરૂરિયાત યુવાનોએ સમજી હતી. આ ઉપરાંત ભ્રષ્ટાચાર નાબૂદી અને આર્થિક અને ભૌતિક સુવિધાના વિકાસને પ્રાધાન્ય આપ્યું હતું. આરોગ્ય અને સુયોગ્ય અને પારદર્શક વહીવટને પણ યુવાનોએ વિકસિત ભારત માટે જરૂરી બતાવ્યું હતું. ઉદ્યોગસાહસિકતા અને ગરીબીનિવારણ પણ એક અગત્યનો આયામ છે તેમ યુવાનોનું માનવું છે. સમાનતા, સ્વચ્છતા, મૂલ્યો અને જવાબદારીની ભાવનાને ત્યારપછીનો ક્રમ આપ્યો હતો. માત્ર ત્રણ યુવાનોએ GDP વધારવાની, કૃષિ ક્ષેત્રે વિકાસ અને કાયદાઓના કડક અમલ વિષે વાત કરી હતી. આમ યુવાનોએ આ પ્રશ્નનાં બહુ ઊંડાણપૂર્વક વિચાર કરીને જવાબ આપ્યા હોય તેવું બહુ જણાયું ન હતું. મોટાભાગનાં યુવાનોએ માત્ર મહેનત કરીશું તેવો જવાબ આપ્યો હતો. વિવિધ આયામો જેવા કે આર્થિક, રાજકીય, સામાજિક, પર્યાવરણીય વગેરે વિષે બહુ વાત કરી ન હતી.

**પ્રશ્ન-3 : ભારત @2047 શક્ય બનાવવા માટે તમે શું કરી શકો?**

આ લક્ષ્યને આંબવા માટે વ્યક્તિગત પ્રયત્નો શું કરવા જોઈએ તે પ્રશ્નોના વિવિધ જવાબો દ્વારા યુવાનો વ્યકતિગત યોગદાન માટે કટિબદ્ધ થયા હતા. સર્વેક્ષણમાં સમાવિષ્ટ યુવાનોમાંથી સૌથી વધુ યુવાનોએ સારું શિક્ષણ મેળવવાની વાત કરી હતી, સાથે સાથે શિક્ષિત થઈને ભારતના વિકાસમાં યોગદાન આપવાની વાત કરી હતી. ત્યારબાદના ક્રમે યુવાનોએ બધાને મદદ કરવાની વાત કરી હતી. જેમાં પણ સરકારશ્રીને મદદ, સમાજના અન્ય લોકોને મદદ એમ અલગ અલગ રીતે મદદ કરવા પ્રણબદ્ધ થયા હતા. પરંતુ કઈ રીતે મદદ કરવાની એના ચોક્કસ જવાબો અન્ય રીતે આપ્યા હતા. શિક્ષણ અને મદદ આ બે આયામો પછી યુવાનોએ જાગૃતિને મહત્ત્વ આપ્યું હતું.

તેઓ પોતે જાગૃત થશે તેમજ અન્ય મિત્રો, સમાજના વ્યક્તિઓને જાગૃત કરવાનું કાર્ય કરશે તેવી વાત કરી હતી. જેમાં સરકારની વિવિધ યોજનાઓ અને દેશના હિતની પ્રવૃત્તિ કરવા માટે જાગૃત કરશે તેમ વાત કરી હતી. યુવાનોએ પોતે શિક્ષક બનીને બાળકોને સૌથી સારું શિક્ષણ આપશે તેમ વાત પણ કરી હતી. ત્યારપછીના ક્રમે યુવાનોએ ભારતને સ્વચ્છ રાખવા માટેની પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી, અને સખત મહેનત કરી ભારતને વિકસિત બનવવા માટે સંકલ્પિત થયા હતા. ભારતના વિકાસ માટે સ્વદેશી ચીજો વાપરશે અને ભારતને ટેકનોક્રેટ, ડિજિટલ બનાવવા માટે પોતાનું યોગદાન આપશે તેવી વાત યુવાનોએ કરી હતી. પોતાનાં કૌશલ્યોનો વિકાસ કરીને, ભ્રષ્ટાચાર ઘટાડીને અને નિષ્ઠાથી કામ કરીને ભારતને વિકસિત બનાવવા પોતાનું યોગદાન આપશે તેવા તેમના પ્રતિભાવો ત્યાર પછીના ક્રમે મળ્યા હતા. પર્યાવરણના જતન માટે ઈકો ફ્રેન્ડલી વાહન વાપરશે અને વૃક્ષો વાવશે અને પ્રદૂષણ ઘટાડવા માટે યોગ્ય પગલાં લેવા માટે સમર્થન આપ્યું હતું. આ પછીના ક્રમે જે બાબતોને મહત્ત્વ આપ્યું હતું તેમાં ઉદ્યોગનો વિકાસ, એન્ટરપ્રેન્યોરશીપ અને સમયસર અને સાચો ટેક્સ ભરવો, દેશની આર્થિક સ્થિતિ સુધરે તેમાં યોગદાન આપવું વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આરોગ્ય માટેની કાળજી, પ્રામાણિકતા, પોતાની ફરજ પ્રત્યેની જાગૃતિ અને સામાજિક ઉત્થાન માટેની વાત કરી હતી. યુવાનોએ ચૂંટણી પર પણ પ્રાધાન્ય આપ્યું હતું, અને સારા ઉમેદવારનું ચયન અને ચૂંટણીમાં સક્રિય રસ લઈને લોકશાહીમાં સક્રિય ભાગીદારીની વાત કરી હતી. સમાનતા, પરસ્પર સહકાર, જવાબદારીની ભાવના અને સમયદાનની પણ વાત કરી હતી. ત્યારબાદના છેક સંશોધનને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. બહુ થોડા યુવાનોએ પોતાની આદતો બદલવાની વાત કરી, અને સેવા, લોકલ ફોર વોકલ, સ્વવિકાસ, દાનને પ્રાધાન્ય આપ્યું હતું.

આ પ્રશ્નોનાં જવાબમાં ઊંડાણપૂર્વકનાં જવાબ મળ્યા ન હોવા છતાં એમ કહી શકાય કે જવાબમાં પ્રમાણમાં વૈવિધ્ય જોવા મળ્યું હતું. યુવાનોએ આર્થિક, રાજકીય, વહીવટી, ટેકનૉલોજીકલ, વ્યક્તિગત, સામાજિક જેવા વિવિધ આયામોમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

**સારાંશ :**

ઉપરના ભાગમાં સંશોધન દરમિયાન મળેલી માહિતીને વિવિધ આયામોમાં વર્ગીકરણ કરીને તેને જેમ મળી છે તેમ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ માહિતીનું એક વિહંગાવલોકન કરીએ તો ખ્યાલ આવશે કે યુવાનોને સૌથી વધુ ચિંતા રોજગારી અંગેની છે, પરંતુ તેના માટે તેઓ નોકરી વિષે જ વિચારે છે. બહુ જુજ યુવાનો એ રોજગાર સર્જન, એન્ટરપ્રેન્યોરશીપ અને ઉદ્યોગોની વાત કરી છે. યુવાનોએ વિકસિત ભારતની નેમ તો લીધી પરંતુ વિકસિત બનવવા માટે શું કરવું જોઈએ તે વિષે અથવા તો વધુમાં કહીએ તો તેમના ભવિષ્ય વિષે પણ તેઓને શું કરવું જોઈએ તે વિષે કોઈ ઊંડી સમજ હોય તેવું તેમના ઉકેલો પરથી જણાયું નથી. માત્ર શિક્ષણ અને રોજગાર સુધી જ તેમની સમજ સીમિત હતી. અલબત બહુ ઓછા યુવાનોએ સ્વદેશી અપનાવી, ભ્રષ્ટાચાર ઘટાડવો, ટેક્ષ સમયસર ચૂકવવો, પર્યાવરણ જાળવવાનાં ચોક્કસ પગલાંઓ વગેરે વિષે વાત કરી છે. બાકીના યુવાનોને શું કરવું જોઈએ તે વિષે બહુ વધુ સમજ હોય તેવું તેમના જવાબો પરથી જણાયું ન હતું.

રાષ્ટ્રને વિકસિત બનાવવા માટેનાં માપદંડમાં સૌથી અગત્યનો માપદંડ એ આર્થિક આયામ છે. આ વિષય પર બહુ ઓછા જવાબો મળ્યા હતા. આમ વિકસિત બનાવવા માટે શું કરવું જોઈએ તેની સમજનો આભાવ જોવા મળ્યો હતો અને અન્ય બાબતોની પણ વિશેષ ઊંડાણપૂર્વકની સમજ ન હોવા છતાં પણ એક વાત તો નિશ્ચિતપણે જણાઈ હતી કે દરેકના જવાબોમાં રાષ્ટ્રપેમ છલકાતો હતો. તેના માટે તેઓ માર્ગદર્શન મુજબ આગળ વધવા પણ તૈયાર હતા. જરૂર છે તેમને એક એવા પથદર્શકની કે તેમના યુવાજોશને જાળવી રાખે અને તેને યોગ્ય દિશામાં વાળી શકે.

# વિકસિત ભારત@2047 માટે
# વૈચારિક યોગદાન આપવાની તક



ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. 9429297737

ભારત તેના ઇતિહાસના નવા વળાંક પર છે. 21મી સદી એ ભારતની સદી હશે. કારણ કે દેશ તેની ક્ષમતાઓ પર વિશ્વાસ સાથે આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને 2027 સુધીમાં તે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. કારણ કે તેનો જીડીપી પાંચ ટ્રિલિયન યુ.એસ. ડોલર (IMF અંદાજ)ને પાર કરશે. 2047 સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્રની તમામ વિશેષતાઓ સાથે 30 ટ્રિલિયન યુ.એસ. ડોલરનું અર્થતંત્ર બનવા માટે તૈયાર છે.

**પરિવર્તનશીલ ક્ષણોનું મહત્ત્વ**

વિશ્વના ઇતિહાસમાં જોઈએ તો પ્રત્યેક દેશના ઇતિહાસમાં એક વળાંક આવે છે જ્યારે કોઈ દેશ ખાસ ક્ષણને પકડે છે અને ઝડપી વિકાસ પ્રાપ્ત કરે છે. આમાંના કેટલાક છે :

**1. જાપાન :** બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનમાં 1950 અને 60 ના દાયકામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. ઝડપી આર્થિક વૃદ્ધિનો સમયગાળો જે અગાઉ ક્યારેય જોવા મળ્યો ન હતો, જેને ઘણીવાર 'જાપાનીઝ પોસ્ટ-વોર ઇકોનોમિક મિરેકલ' તરીકે ઓળખવામાં આવે છે. આ યુગે જાપાનના અર્થતંત્રને વિશ્વની ટોચ પર ધકેલી દીધું અને તેને વૈશ્વિક આર્થિક પાવરહાઉસ તરીકે સ્થાપિત કર્યું.

**2. જર્મની :** જર્મનીનો આર્થિક માર્ગ 1950, 60 અને 70ના દાયકામાં બદલાયો, જેને વિર્ટશાફ્ટવન્ડર અથવા 'આર્થિક ચમત્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે. જે ઝડપી આર્થિક વૃદ્ધિ અને જીવનધોરણમાં વૃદ્ધિનો સમયગાળો છે. ત્યારથી જર્મની વૈશ્વિક સ્તરે સૌથી મોટી અને સૌથી વધુ સ્પર્ધાત્મક અર્થવ્યવસ્થાઓમાં રહ્યું છે. જે તેના મજબૂત ઉત્પાદન આધાર અને તકનીકી કૌશલ્ય માટે જાણીતું છે.

**3. સિંગાપોર :** વિકાસશીલ દેશ હોવાના કારણે, સિંગાપોરે 1960 અને 70 ના દાયકામાં પોતાની જાતને બદલી નાખી. વિશ્વના સૌથી ધનિક રાષ્ટ્રોમાંનું એક બન્યું અને એશિયાના આર્થિક પાવરહાઉસમાંનું એક બન્યું, જે તકનીકી રીતે અત્યાધુનિક છે.

**4. દક્ષિણ કોરિયા :** યુદ્ધગ્રસ્ત, કૃષિપ્રધાન અને ગરીબ દેશ હોવાને કારણે દક્ષિણ કોરિયાએ 1960 થી 90 ના દાયકા સુધી તેની અર્થવ્યવસ્થાને નાટ્યાત્મક રીતે બદલી નાખી. આ સમયગાળો વિશ્વની અગ્રણી કંપનીઓ સાથે 'હાન નદી પર ચમત્કાર' તરીકે ઓળખાય છે.

આ એવાં રાષ્ટ્રો છે જે ટર્નિંગ પોઈન્ટનું મહત્ત્વ જાણતા હતાં અને તે પ્રસંગનો ઉપયોગ આર્થિક મહાસત્તા બનવા માટે કર્યો હતો. ભારત પણ આવી તકની ટોચ પર છે.

**ભારતને તક - એક ટર્નિંગ પોઈન્ટ**

આ ભારતનો અમૃતકાળ છે. ભારત ઘણા મોરચે પરિવર્તન પામ્યું છે અને ટેક ઓફ માટે તૈયાર છે. પાછલાં વર્ષોમાં નીતિઓ અને યોજનાઓ દ્વારા સામાજિક અને આર્થિક માળખામાં મોટા પાયે વિસ્તરણ થયું છે. જેમ કે સમગ્ર શિક્ષા અને યુનિવર્સિટીઓનું વિસ્તરણ, IITs, IIM, મેડિકલ અને નર્સિંગ કૉલેજ, કૌશલ્ય (પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના) અને ઘણી બધી. છેલ્લા દાયકામાં યુનિવર્સિટીઓ અને કોલેજોની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. ભારતીય ઉચ્ચ શિક્ષણ પ્રણાલી આજે 4.33 કરોડ વિદ્યાર્થીઓ સાથે 1133 યુનિવર્સિટીઓ/યુનિવર્સિટી-સ્તરની સંસ્થાઓ, 43,796 કોલેજો અને 11,296 અન્ય સંસ્થાઓ ધરાવે છે. ઉચ્ચ

શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) સતત વધીને 28.4 થયો છે.

ભારતે હેલ્થકેર ક્ષેત્રે તમામ મોરચે મોટા પાયે વિસ્તરણ કર્યું છે. 2022માં, 1,56,000 આયુષ્યમાન ભારત સેન્ટર હતાં જે સમુદાયોને તેમના ઘરની નજીક પ્રાથમિક આરોગ્ય-સંભાળ સેવાઓ પૂરી પાડતાં હતાં. લગભગ 13.97 લાખ આંગણવાડી કેન્દ્રોનું વિશાળ નેટવર્ક પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ સાથે લગભગ 10 કરોડ બાળકોને આવરી લે છે. વિવિધ આરોગ્ય સૂચકાંકો; જેમ કે શિશુ મૃત્યુ દર (IMR), માતા મૃત્યુ દર (MMR) અને ઓછા વજનવાળાં બાળકોની ટકાવારી સતત ઘટી છે. NFHS-4 થી NFHS-5 સુધીના બાળકોમાં સ્ટંટિંગમાં 36% ઘટાડા સાથે 2018માં શરૂ કરાયેલ પોષણ મિશન હેઠળ 10 કરોડથી વધુ મહિલાઓ અને બાળકોને આવરી લેવામાં આવ્યાં છે.

ગ્રામીણ ભારત પણ બદલાઈ રહ્યું છે. આપણે ઈલેક્ટ્રિસિટી, પીવાનું પાણી, બેંકખાતા, રસ્તા, મોબાઇલ કનેક્ટિવિટી અને ઘણા બધા ક્ષેત્રોમાં સાર્વત્રિક કવરેજ હાંસલ કરવાની નજીક છીએ અથવા પહેલેથી જ હાંસલ કરી ચૂક્યા છીએ.

ગ્રામીણ ભારતમાં હવે શહેરી ભારત જેવા જ લાભો મળવા લાગ્યા છે. પ્રધાનમંત્રી ગરીબકલ્યાણ અન્ન યોજના અને મનરેગા દ્વારા ગરીબો માટે તકલીફોને ટાળી શક્યા છીએ. પ્રધાનમંત્રી આવાસ યોજના બધા માટે આવાસ પ્રદાન કરે છે.

ભારતની પ્રગતિ અન્ય મોરચે પણ અસાધારણ રહી છે. મોબાઈલ ફોન અને ઈન્ટરનેટનો વપરાશ મહત્તમ થઈ રહ્યો છે. ભારતમાં 120 કરોડ મોબાઈલ ફોન અને 80 કરોડ ઈન્ટરનેટ યુઝર્સ છે. ભારતમાં દર મહિને 1000 કરોડ વ્યવહારો સાથે 30 કરોડ યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) વપરાશકર્તાઓ છે. તમામ ડિજિટલ વ્યવહારોમાંથી 40% થી વધુ UPI પર થાય છે. એક્સપ્રેસ વે સાથે હાઈવે નેટવર્કનું મોટા પાયે વિસ્તરણ કરવામાં આવ્યું છે. રેલવેએ ગુણવત્તા અને ક્ષમતા બંનેમાં સુધારો કર્યો છે અને વંદે ભારત જેવી નવી ટ્રેનો લાવીને વધુ સારા વાતાવરણમાં મુસાફરીને ઝડપી બનાવી છે. હવાઈ મુસાફરી વિસ્તરી છે અને રેકોર્ડ તોડી રહી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં પણ ભારત ચંદ્રયાન અને અન્ય અવકાશ મિશન દ્વારા નવા સીમાચિહ્નો સ્થાપી રહ્યું છે.

ડિજિટલ ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી સહાયક સરકારની નીતિઓ સાથે યુવા ભારતની સર્જનાત્મકતા અને નવીનતા માટેની સંભાવનાઓ યુવાનોને રોજગાર સર્જકો બનવા સક્ષમ બનાવે છે. ભારત 100 થી વધુ યુનિકોર્નનું ઘર છે. જેની કુલ મૂલ્યાંકન US$ 340 બિલિયનથી ઉપર છે અને તે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ તરીકે ઊભરી આવી છે.

144 કરોડની વસ્તી સાથે, ભારત 29 વર્ષની સરેરાશ વય સાથે સૌથી યુવા રાષ્ટ્રોમાંનું એક છે. તે વિશ્વની કુલ યુવા વસ્તીના લગભગ 20% હિસ્સો ધરાવે છે. આ એક પ્રચંડ તક છે  જે 2047 સુધી ટકી રહેવાની સંભાવના દર્શાવે છે. આ ડિવિડન્ડનો સારી રીતે ઉપયોગ કરીને, આપણે ભારતને વિક્સિત ભારતમાં આગળ વધારી શકીએ છીએ.

**ભારતની અમાપ ક્ષમતાઓ**

છેલ્લા દાયકામાં ભારતને બદલવાની ક્ષમતાઓનું અસાધારણ પ્રદર્શન જોવા મળ્યું છે. લક્ષ્યાંકિત યોજનાઓ સાથે કેન્દ્રિત વ્યાપક શાસન મોડલને કારણે 13.5 કરોડ બહુ-પરિમાણીય ગરીબીમાંથી બહાર નીકળ્યા છે, જે 2030ના ટકાઉ વિકાસ લક્ષ્યોથી ઘણું આગળ છે. કેટલીક પરિવર્તનકારી અસરકારક પહેલ જે સાબિતી આપે છે કે 'અમે કરી શકીએ છીએ'

**1. રમતગમત :** ખેલો ઈન્ડિયાના સંયુક્ત પ્રયાસો દ્વારા આપણે ભૂતકાળના રેકોર્ડ તોડી રહ્યા છીએ અને તાજેતરની એશિયન ગેમ્સમાં મેડલનો આંકડો 100 ને પાર કર્યો છે.

**2. જન ધન એકાઉન્ટ્સ :** ટૂંકા ગાળામાં આપણે નાણાકીય સમાવેશને સુનિશ્ચિત કરતા 40 કરોડ બેંકખાતા ઉમેર્યાં, જેની લોકોને અપેક્ષા હતી કે વર્ષો લાગી જશે.

**3. કોવિડ રસીઓ :** કોવિડ રસીકરણ કાર્યક્રમ સ્વદેશી કોવિડ-19 રસીઓ સાથે, કોવીન પ્લેટફોર્મ દ્વારા ચલાવવામાં આવે છે, જે 200 કરોડ પ્રાપ્તકર્તાઓને દોષરહિત રીતે પહોંચાડવામાં આવેલ વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ હતો. માનવ ઈતિહાસમાં સૌથી મોટી આ જાહેર આરોગ્ય સિદ્ધિ છે. આપણે 98 દેશોને 23.5 કરોડ કોવિડ રસી વિના મૂલ્યે પૂરી પાડીને વેક્સિન મૈત્રી પહેલ દ્વારા વિશ્વભરમાં લાખો લોકોનાં જીવન બચાવવામાં પણ મદદ કરી છે.

**4. ચંદ્રયાન :** ચંદ્ર પરનું ભારતનું મિશન અને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પ્રથમ દેશ બનવાએ વિજ્ઞાનમાં આપણી શ્રેષ્ઠતા દર્શાવી. આર્થિક રીતે સીમાઓ તોડી નાખી. આનાથી વિશ્વના અગ્રણી રાષ્ટ્રોને આશ્ચર્ય થયું છે અને તે મર્યાદિત બજેટમાં શું પ્રાપ્ત કરી શકાય તે માટે પ્રેરણા છે અને વિજ્ઞાન અને તકનીકમાં આગળ રહેલાં મહાન કાર્યો માટે પ્રોત્સાહન છે.

**5. આબોહવા લક્ષ્યાંકો :** ભારત એકમાત્ર એવો દેશ છે કે જેણે તેની પેરિસ 2015 આબોહવા પ્રતિબદ્ધતાઓને સમય કરતાં રહેલા 9 વર્ષ અગાઉ અશ્મિભૂત ઇંધણમાંથી તેની શક્તિ ક્ષમતાના 40%ને પૂર્ણ કરી છે. આનાથી આપણી વૈશ્વિક સ્થિતિ વધી છે.

**6. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર** (DPI) : ભારતે જે DPI સેટ કર્યું છે તે એકધારી ગતિએ વિસ્તરણ કરવામાં આવ્યું છે, જેનાથી ભારતને ડિજિટાઈઝેશનમાં વિશ્વમાં અગ્રેસર બનવાની મંજૂરી મળી છે.

**7. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ :** અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઝડપી વિસ્તરણ એ સુધારેલી ક્ષમતાઓનું બીજું ઉદાહરણ છે. છેલ્લા 9 વર્ષોમાં રેલ્વે ટ્રેક બનાવવાની ગતિ 1452 કિમી/વર્ષથી 3 ગણી વધારે વધીને 5243 કિ.મી થઈ ગઈ છે. નેશનલ હાઈવે નેટવર્ક 60% વધીને 1,45,240 કિલોમીટર થઈ ગયું છે. 74 થી 148 સુધીના એરપોર્ટમાં 100% વૃદ્ધિ થઈ છે.

**8. ભારતની વૈશ્વિક સ્થિતિ :** એક વિશ્વ નેતા તરીકે G20 ની પ્રેસિડેન્સીએ વિશ્વને ભારતની રાજદ્વારી અને સંગઠનાત્મક ક્ષમતાઓનું સન્માન કર્યું. આપણે G20 સત્રોને ભારતના દરેક ખૂણે લઈ ગયા એ ભારતના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે. ભારતની વૈશ્વિક સ્થિતિ વધવા સાથે આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ હવે ભારતમાં સ્થાપવામાં આવી રહી છે અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો મોટી સંખ્યામાં ભારતમાં આવી રહ્યા છે. ઘણી રીતે ભારત વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે.

**પ્રગતિની યાત્રા - Viksit Bharat@2047**

ભારત આ નિર્ણાયક તબક્કે ઊભું છે ત્યારે નાગરિકોના નવીન વિચારોને રાષ્ટ્રનિર્માણમાં ચેનલાઈઝ કરવા અને 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનમાં યોગદાન આપવા માટે આમંત્રિત કરવા જરૂરી છે. આ સમગ્ર પહેલ સમગ્ર ભારતમાં દરેક નાગરિકને તે જ તક પૂરી પાડે છે. તમારામાંથી દરેક તેના વિશે વિચારી શકે છે અને નીચેના પ્રશ્નો પર તમારાં સૂચનો https://innovateindia.mygov.in/viksitbharat2047/ પર મોકલી શકો છો :

I. વિવિધ પાસાઓમાં 2047 માં વિકસિત ભારત કેવું હોવું જોઈએ?
II. આ લક્ષ્ય સુધી પહોંચવા માટે આપણે શું કરવાની જરૂર છે?
III. વિકસિત ભારત@2047 શક્ય બનાવવા માટે તમે શું કરી શકો?

**શ્રેષ્ઠ વિચારો માટે ઈનામો :**

5 વિષયોના દરેક ક્ષેત્રમાં, શ્રેષ્ઠ વિચારોને 3 ઈનામો આપવામાં આવશે:

I. પ્રથમ પુરસ્કાર : રૂ. 5 લાખ
II. બીજું ઈનામ : રૂ. 3 લાખ
III. ત્રીજું ઈનામ : રૂ. 2 લાખ

ચાલો..વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં આપણી વૈચારિક આહુતિ આપીએ.. બાલવિશ્વના આ અંકમાં વિકસિત ભારત વિષયક વૈચારિક દોહન આપ સૌ સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવુ છું.

## શ્રેષ્ઠ બાળઉછેરથી
## વિકસિત ભારત તરફ પ્રયાણ...

એક પરિવારમાં બાળકનો જન્મ થવો એ માત્ર પરિવાર માટે જ નહિ, પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે દિવ્ય ઘટના બની શકે. કેમ કે અહી સાથેસાથે માતા-પિતાનો પણ જન્મ થાય છે. માત્ર પીંડ સ્વરૂપે જન્મેલા બાળકનો ઉછેર તેનું અને રાષ્ટ્રનું ભવિષ્ય નક્કી કરે છે. યોગ્ય ઉછેર અને માવજત તેને મહા માનવ અને કરુણામૂર્તિ બનાવી શકે છે, જયારે નકારાત્મક વાતાવરણ આ જ પીંડને અસામાજિક અને આતંકી કૃત્ય કરનાર બનાવે છે.

એક સમયે બાળઉછેર ઘરમાં સહજ અને આપમેળે થતી પ્રક્રિયા હતી પરંતુ આધુનિકીકરણ, શહેરીકરણ અને વૈશ્વિકીકરણ જેવી પ્રક્રિયાને લીધે પરિવારવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનના પરિણામે ભારતીય કુટુંબવ્યવસ્થામાં અગાઉ દરેક સભ્યોના જે કાર્યો હતાં તેમાં ખૂબ બદલાવ આવ્યો. હવે સ્ત્રીની ભૂમિકા માત્ર બાળકોનું લાલન પાલન અને ઘરનાં કામ પૂરતી ન રહેતાં વ્યવસાયિક ક્ષેત્રમાં પણ અગ્રેસર બની છે. શહેરો તરફનું આકર્ષણ વધતું જ જાય છે ત્યારે સંયુક્ત પરિવારને બદલે વિભક્ત પરિવારવ્યવસ્થા સર્વસ્વીકૃત બની છે. જેના પરિણામે બાળકના ઉછેરની પ્રક્રિયામાં દાદા-દાદી, કાકા-કાકી, બા-બાપુજી જેવા સભ્યોની અછત વર્તાય છે. છતાં જે થઈ રહ્યું છે તેને તો આપણે અટકાવી નથી શકતા, પરંતુ માતા-પિતા તરીકે આપણા બાળકને નીચે મુજબની બાબતે સાચવી લઈશું અને એક ઉત્તમ નાગરિક બનાવીશું તો એ પણ વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરવામાં આપણું અમૂલ્ય યોગદાન ગણાશે..

- બાળકને વધુમાં વધુ સમય આપીએ. માત્ર તેની આર્થિક જરૂરિયાત કે સુવિધા જ નહિ તેને માનસિક હૂંફ, પ્રેમ અને સંવાદની તક આપીએ. તેને વધુમાં વધુ સાંભળીએ.
- બાળકને મોબાઈલ આપીને છૂટી જવાને બદલે તેને વાર્તા કહીએ. બાળક સાથે બાળગીત, અભિનયગીત કે ડાંસ પણ કરીએ. તેના આનંદનું કારણ બનીએ, દુઃખનું નહિ.
- બાળકને જીવનના વાસ્તવિક અનુભવો મળે તે જરૂરી છે. સમાજમાં, બજારમાં, વ્યવહારમાં તેને સાથે રાખો. બાળકને સ્વયમ સમજાય તેવા અનુભવો આપી તેનો ઉછેર કરો.
- તેજસ્વી બાળકો એક સ્વસ્થ સમાજનો પાયો છે. તેઓ નવીનતા અને સર્જનાત્મકતા તરફ દોરી જાય છે. તેઓ સમાજમાં ફેરફાર લાવવાની ક્ષમતા ધરાવે છે. આ વાતને બરાબર સમજો.
- ભારતમાં, ઘણાં બાળકો શિક્ષણથી વંચિત છે. આ કારણો પૈકીનું એક એ ગરીબી છે. ગરીબ બાળકોને ક્યાંક શિક્ષણની તક મળતી નથી ત્યારે સરકારશ્રીની ઉત્તમ યોજનાઓની સમજ આ બાળકોના માતાપિતા સુધી પહોચાડીને આપણું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી શકીએ.
- બાળકોને તેમના રમતગમત અને શોખને અનુસરવા માટે પ્રોત્સાહિત કરો. આ તેમની સર્જનાત્મકતા અને સ્વ-અભિવ્યક્તિને પ્રોત્સાહન આપશે.
- બાળકોને વિવિધ સંસ્કૃતિઓ અને દૃષ્ટિકોણો વિશે શીખવાની તક આપો. આ તેમને વિશ્વને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે.
- બાળકને પોતાની પસંદગી મુજબ વિકસવાની તક આપો. માતા પિતાએ પોતાના અધૂરા રહેલા સપનાઓ બાળક પર મૂકી દેવા ના જોઈએ.
- વિશ્વમાં ચાલી રહેલા સાંપ્રત પ્રવાહોમાં ક્યાંક પોતાનું બાળક પાછળ રહી જાય તો પણ તેમને પોતાની સહજ શક્તિઓથી વિકસવાની તક આપવી જોઈએ. ઘણીવાર બાળકને હરીફાઈમાં મૂકીને માતા-પિતા બાળકને ઘણી બધી રીતે નુકસાન કરતા હોય છે.

આટલું કરીને પણ આપણે ભારતને એક તેજસ્વી અને સશક્ત દેશ બનાવવામાં મદદ કરી શકીએ છીએ. તેજસ્વી બાળકો ભારતની ભવિષ્યની આશા છે. આપણે તેમને શિક્ષિત, સક્ષમ અને સ્વ-નિર્ભર બનાવીશું તો ભારત ચોક્કસ વિકસિત ભારત બનશે..!

# પારસમણિનું પોટલું



**દિનેશ લ.માંકડ**
નિવૃત્ત આચાર્ય
અમદાવાદ
મો. 9427960979

ઘરમાં દોડધામ હતી. આજે શાળામાં નાતાલની ઉજવણીમાં નાના જહોનએ ભાગ લેવાનો હતો. અને તેને પહેરવાની ટોપી મળતી નહોતી ને શાળાએ જવાનો સમય થઈ ગયો હતો.બધું છોડીને છેલ્લા પંદર દિવસથી તે મહાવરો કરતો હતો.આખરે તેના પપ્પા મારતે ઘોડે બજાર દોડયા ને લાવ્યા. શાળામાં જહોનએ મંચ પર જમાવ્યું , 'જીંગલ બેલ જીંગલ બેલ...' તાળીઓના ગડગડાટ. મનજીભાઈની પાડોશમાં શીલાબેન દર શનિવારે બાળકોને ભગવદ્ગીતાના શ્લોક કરાવતાં હતાં. શીલાબેન વારંવાર મનજીભાઈને કહે કે 'તમારા ટીનુને મોકલો.' - ક્રિકેટના શોખીન ટીનુનો તેનો કોચિંગ સમય શનિવારે જ હતો. એટલે તેને મોકલતા નહોતા.

મિત્રો, જે આવતીકાલનું યોગ્ય વિચારે છે એનું અને એની આવતીકાલની પેઢીનું ભવિષ્ય ઊજળું છે. આપણે આપણા સંતાનો માટે સહુ વિચારીએ જરૂર છીએ પરંતુ સ્વસ્થતાથી, ગંભીરતાથી વિચારીએ છીએ ખરા ? આપણું બાળક તેજસ્વી બને, બહુમુખી પ્રતિભાવાળું બને એવું ચોક્કસ વિચારીએ. અને એના માટેની અનુકૂળ તકો પૂરી પાડવી એ એક સમજદાર વાલી તરીકે આપણે જરૂર નિભાવીએ અને જરાય ખોટું પણ નથી. પણ આ બધું કરતી વેળા જરાક થોભીને વિચારીએ કે મહેલના બાહ્ય સુશોભન માટે જે ઊર્જા નાખીએ છીએ તેના આંતરિક સુશોભન વિષે થોડું વધારે વિચારીએ છીએ ખરા ?

બાળકનું કૌશલ્ય વિકસે તે ખૂબ જરૂરી છે પણ સાથે સાથે ઉત્તમ માનવીય સંસ્કારો પણ જળવાય એ એટલી જ આવશ્યકતા છે. કલ્પના પણ ન આવે એવી વિશ્વશ્રેષ્ઠ વાસ્તવિકતા એ છે કે આપણો જન્મ ભારતદેશમાં થયો છે. વારસાનો જે અમૂલખ ભંડાર આપણા દેશ પાસે છે તેવો દુનિયાના કોઈ દેશ પાસે નથી. સવાલ તેને જાણવા-જાળવવાનો છે. મૂલ્ય સમજીને અપનાવવાનો છે. અનેક વિદેશી આક્રમણો અને પશ્ચિમી પ્રવાહના અતિશય ધોધમાં આપણું ગુલામી માનસ હજુ ગુલામ રહ્યું છે.

હકીકતમાં તો બાળકનું પ્રથમ રૂદન પણ ૐ કાર સાથે થાય છે. છઠા દિવસે થતું ષષ્ઠીપૂજન પણ બાળમનમાં માતા સરસ્વતીનું આહ્વાન છે. અન્નને ભારતીય શાસ્ત્રો પ્રત્યક્ષ દેવ તરીકે ઓળખે છે. એટલે અન્નપ્રાશન વિધિ પણ તેની ઉત્તમ સ્વાસ્થ્યની, ઈશ્વરને સોંપવાની વાત છે. ચૌલકર્મને આપણા આજના રિમોટ સાથે સરખાવવું પડે.આપણા મગજનો પૂર્ણતયા ઉપયોગ કરવા, તેની સ્વસ્થતા અને તેનું પૂજન પણ એટલું જ આવશ્યક છે. રિમોટના નબળા સેલ વખતે રિમોટની હાલત ને એથી આપણી હાલત કેવી થાય છે ? મસ્તકનું શિખાસ્થાન સીધું મગજ સાથે જોડાયેલું છે. તેની પૂજા અને તેનું મહત્ત્વ ભૂરિયાઓને ક્યાંથી ખબર હોય ? યજ્ઞોપવિત -ઉપનયન સંસ્કાર એટલે બ્રહ્મચર્ય (વિશાળ અર્થમાં બ્રહ્મ સાથેનું મિલન સાધવાની દિશામાં પ્રયાણ) નો સંકલ્પ કરીને વિદ્યારંભ.

આ બધું આજે ક્યાં અને કઈ સ્થિતિમાં છે ? આપણા વૈદિક શિક્ષણનો પહેલો પાઠ છે -માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ,આચાર્ય દેવોભવ - આજના ઘરોમાં આ ભાવ કેટલો નિન્મ કક્ષાનો થયો છે એ અણગમતું છે અને કહેવાનું ન હોય, સમજવાનું હોય -અનુભવવાનું હોય.

આઝાદીના અમૃત મહોત્સવ ટાણે હવે આવતી મજલ પર આઝાદીના શતાબ્દી મહોત્સવ તરફ જઈ રહ્યા છીએ. ત્યારે એ સમયે યુવા પ્રવેશવાળા આજનાં બાળકો માટે ઉત્તમ સંસ્કારોની વાત કરીને શતાબ્દી વર્ષને

એક વધુ સોનેરી શિખર ચડાવવાનો પ્રયાસ કરીએ તો ? મા ભારતીને સમર્પિત એક પૂર્ણ માનવ ઉત્તમ માનવની દિશામાં લઈ જઈએ તો ?

નવી શિક્ષણ નીતિમાં વૈદિક વિચાર અને સંસ્કારને પૂરતું પ્રાધાન્ય અપાયું છે. UGC અને NCERT એ એનો પ્રારંભ પણ કરી દીધો છે. આપણા ગુજરાતમાં પણ તેનો અદ્ભુત માહોલ પણ સર્જાય છે. પણ હકીકત એ છે કે આપણે જ પાયાના પથ્થર બનવું પડશે..

ટેલિવિઝન અને મોબાઈલ આજે બાળક માટે મનોરંજનનું હાથવગું સાધન બની ગયું છે.. પ્રમાણસર જુએ એ પણ સ્વાભાવિક જ છે. પરંતુ શું જુએ એ આપણે નક્કી કરી દેવું પડશે. ચારિત્ર્ય ઘડતરની વાર્તાઓ એમને સૂચવી શકાય. સંસ્કૃત ભાષાના જોડકણા (ryhm) ઉપલબ્ધ છે. કેટલીક એનિમેશનવાળી ચરિત્રાત્મક કથાઓ પણ સરસ રીતે પ્રસ્તુત કરાય છે. જો આપણે તેમને પ્રેરિત કરીશું તો તે રીતે પસંદ કરશે.નહીંતર એને ગમતું આડેધડ જોશે અને સમય વેડફશે, બદલામાં કશુંય મેળવશે નહિ.

શાળા પુસ્તકાલયમાંથી ચરિત્ર નિર્માણના પુસ્તકોને વિશેષ અગ્રતા અપાય તે પણ એટલું જ આવશ્યક છે. કાલ્પનિક સાહસ કથાઓ (કોમિક્સ) કદાચ સારું મનોરંજન પૂરું પડશે, પણ આખરે તો બાળકો કશુંક પ્રાપ્ત કર્યા વગર જ રહેવાના.

જેના થકી મનુષ્ય જીવન શક્ય છે તે સૂર્ય કેવળ એક તારો નહિ પણ આપણા પ્રત્યક્ષ દેવ છે. સૂર્યનમસ્કાર જેવા વ્યાયામથી બેવડો ફાયદો છે. સૂર્ય પ્રત્યેનો આદર અને તમામ આસનોના મહારાજા એવા સૂર્યનમસ્કાર, જે શરીરસૌષ્ઠવ જાળવવામાં સહાયરૂપ બને.

આ બધી ભૂમિકામાં શાળા અને ઘર બંનેની આવશ્યકતા છે જ. કારણ કે શાળાથી વિશેષ સમય બાળક ઘરમાં વિતાવે છે. ઊઠીને પ્રાતઃ પ્રાર્થના, વડીલોને પ્રણામ, બપોરે ભોજન પ્રાર્થના, રાત્રે સૂતી વખતે પણ પ્રભુ સ્મરણ વગેરે. 'અતિથિ દેવો ભવ'ની ભાવના પણ જળવાય.

મિત્રો, વર્તમાન જીવનશૈલી ખૂબ વ્યસ્તતા અને ભાગદોડવાળી બની ગઈ છે. ઘણે અંશે વાલીઓને સંતાનો વિશે ઠરેલ મનથી વિચારવાનો અવકાશ પણ ઘટ્યો છે. દેખાદેખી અને સ્પર્ધામાં ટકી રહેવા અને સંતાનો માટેની મોટી મોટી મહાત્ત્વાકાંક્ષાઓની વચ્ચે આપણે જીવીએ છીએ. માણસ માત્ર એમાં ખોટો પણ નથી. પણ પુનરોક્તિ કરી લઈએ કે આપણે ભૂલી જઈએ છીએ કે બહારથી સુશોભિત મકાન ગમે તેવું સુંદર હોય પણ તેનો પાયો જો નબળો હોય તો એ 'ઘર'માં રહેતા સહુના જીવન જોખમમાં જ છે.

યુવાનોના આદર્શ સ્વામી વિવેકાનંદનું વિધાન યાદ આવે, 'મને સો નચિકેતા આપો, હું ભારતને વિશ્વગુરુ બનાવી દઉં.' નથી લાગતું કે એ કર્તવ્ય પૂરું કરવામાં આપણે પણ નાનકડું ખિસકોલી કાર્ય કરીએ ? આપણે સહુ ઋષિસંતાન છીએ. ઋષિએ પશુતુલ્ય જીવતા આપણને માનવ બનાવ્યા તેના પ્રત્યે કૃતજ્ઞતા બતાવીએ તો અને તો જ આપણે સાચા માણસ કહેવાઈએ. અને હા આખરે તો એ આપણા જ હિતની વાત છે.

મિત્રો, મધદરીએ જયારે લક્ષ્યની દિશામાં સાનુકૂળ પવન વહેતો હોય ત્યારે હળવા હલેસે પણ નાવ ચોક્કસ નિર્ધારિત સ્થાને પહોંચે જ. આવો 2047ના મંગળ સમયની સુભગ અને સુવર્ણમયની ઉજવણીમાં આપણે પણ કશુંક કર્યાનો આનંદ લઈએ -યશ મેળવીએ. એક જ લક્ષ્ય, પ્રત્યેક સંતાનમાં ભારતીય સંસ્કારનો દીવો પ્રગટે અને એ દીવડાથી માતા ભારતીની આરતી ઉતારીએ.

**અસ્તુ...**

विकसित भारत के संकल्प में हमारे शहरो की बडी भूमिका है।
आजादी के लंबे समय तक विकास का दायरा देश के बडे शहेरो तक ही सीमित रहा है,
लेकिन आज हम देश के छोटे गाँव और छोटे शहेरो के विकास पर बल दे रहे है।
**– प्रधानमंत्री श्री नरेन्द्र मोदी**

# વિકસિત ભારતઃ રાષ્ટ્રની આજ અને આવતીકાલ વિશેનું મંથન



**ડૉ. ધર્માંશુ વૈદ્ય**
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. 92650 49335

ઘણા વિદ્વાનો પણ એ બાબતે સ્પષ્ટ છે કે ઍકવીસમી સદી ભારતની છે અને આપણા વડાપ્રધાને વર્ષ 2047 સુધીની સમયમર્યાદામાં ભારતને વિકસિત રાષ્ટ્રોની શ્રેણીમાં લાવવા આહ્‌વાન કર્યું છે. આજની દુનિયામાં સદીઓથી ખોવાયેલું, આર્યકુલીન, પ્રજાવત્સલ રાજાઓથી પોષાયેલું અને સંતોના શ્વેત ઉપદેશથી સદીઓના જુલમ સામે ટકી ગયેલું ભારત ફરીથી પોતાનું સ્થાન શોધી રહ્યું છે. અને એ માટે ગજબનો સામૂહિક પુરુષાર્થ પણ કરી રહ્યું છે.

પણ આ બધી ગડમથલ વચ્ચે જ કિશોરાવસ્થામાં ભણેલો એક શ્લોક ફરીથી વાંચવામાં આવ્યો, જેની છેલ્લી પંક્તિ કંઈક આ પ્રમાણે છે- 'योऽनूचानः स नो महान्।' જેનો સાદો અર્થ છે; જે જ્ઞાની છે એ જ અમારામાં મહાન છે. વાસ્તવમાં તો આખો શ્લોક વૃદ્ધત્વની વ્યાખ્યા શું હોઈ શકે એ વિષય પર રેડિકલ ચિંતન છે. આ શ્લોકમાં આ દેશના પ્રાણ સમી ચિંતનધારા કેવી અનોખી અને મિસ્ટિકપ્રધાન છે તેની આછેરી ઝલક પ્રાપ્ત થાય છે. કેમ કે આપણે ત્યાં ક્યારે પણ લૌકિક મત બહુ પ્રચલિત નથી રહ્યો. અહીંયા ધોળા વાળ કરતાં પરિપક્વ જાતનું મહત્ત્વ હમેંશાંથી રહ્યું છે. આ દેશના પ્રબુદ્ધોમાં યુવાનીમાં જાગવાનો, યુવાનીમાં જીવવાનો અને યુવાનીમાં જ કામ પૂરું કરી પ્રજા જગાડવાનો ક્રમ સતત ચાલુ રહ્યો છે. એ વાતમાં અર્જુનથી લઈને ભગવાન મહાવીર અને બુદ્ધથી લઈને જગદ્‌ગુરુ શંકરાચાર્ય કોઈ જ અપવાદ નથી.

પણ આજે ભારતને વિકસિત બનાવવાની વાતમાં આ આર્યતાની મહેક અને માટીની ખુમારી વર્તાય છે કે કેમ એ પ્રશ્ન છે. આપણે નચિકેતાની વાતો કરીએ છીએ, તેની આંતરિક યાત્રાની કથા કહીએ છીએ, પણ તેની ચેતનાને સ્પર્શવાની, તેની સાથે તારતમ્ય સાધવાની આપણે તસદી લઈએ છીએ ખરા? ભારતીય દષ્ટિએ વિકાસને સમજાવો હોય તો ખાલી મટિરિયલ ગ્રોથનો આશરો લેવો ગેરવાજબી બની જાય છે. વેદોમાં કોઈ જગ્યાએ માથાદીઠ આવકની વાત નથી. ઉપનિષદમાં ક્યાંય પણ જીડીપી શબ્દનો દૂરનો સમાનાર્થી પણ નથી. એટલે અત્યારે આપણે જે વિકસિત થવાની, સોળ કલાએ પ્રફુલ્લન પામવાની વાત કરી રહ્યા છીએ, તેમાં તો કોલોનિયલ વારસાની સડેલી બૂ આવે છે.

અહીંયા એ વાત પણ યાદ કરવા જેવી છે કે પ્રાચીન સમયથી જ સમૃદ્ધિની બાબતમાં ભારત હંમેશાંથી આગળ રહ્યું છે. આપણું સાહિત્ય ક્યાંય પણ ગરીબ ભારતવર્ષની વાત નથી કરતું. તેમાં તો ભવ્ય રાજમહેલો છે, સુવર્ણગુફા છે અને ઉત્તમ શિક્ષણ માટેની સવલતો છે. પ્રાચીન સિલ્કરૂટ બનાવવામાં આ દેશે જ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો એ ઘણા જાણે છે. પણ એ માર્ગ એ જમાનામાં પણ કેટલો મજબૂત અને સુરક્ષિત હતો એ જાણવા પીટર ફ્રેન્કોપનની ''ધ સિલ્ક રૂટ'' પુસ્તક વાંચવા જેવું છે.

આ આપણી સમૃદ્ધિની ગૌરવગાથા છે, જેણે સૈકાઓ સુધી પરદેશીઓને અહીંયા આકર્ષ્યા છે. એટલે ભૌતિક સુખાકારી વધે, સમાજના છેવાડા લગીનો માણસ પાક્કા મકાનમાં રહેતો થાય, દરેકની પાસે વિકસવાની ઉમદા તક હોય અને બધાનો સહિયારો પરિશ્રમ રાષ્ટ્રોન્નતિનો કારક બને એવી તો એકવીસમી સદીમાં તીવ્ર અપેક્ષા હોય જ. પણ આ અપેક્ષાનો આધાર (foundation) ભારતની જાગતી, જીવાતી અને જગાડતી ધરોહરમાં હોય તે ઇચ્છનીય છે. સ્વામી

વિવેકાનંદ જેવી વિભૂતિ પણ ભારતમાં ભૌતિક સમૃદ્ધિના વિચારનો અવિર્ભાવ થાય તે મતના હતા. પણ તેમાં ભારતીયતાની સોડમ વર્તાય તે પણ જરૂરી છે. અને આ સોડમ એટલે ધર્મપ્રધાન ઉન્નતિ. અહીંયા ધર્મની વાત કોઈ વાડાબંધીના સંદર્ભમાં નથી, પણ શિલપ્રધાન કર્મની સાથે જ પોતાની સ્વજરૂરિયાતનો વિવેક સમજવાની મહત્ત્વપૂર્ણ વાત સાથે છે.

આપણે એવા રાષ્ટ્રની કલ્પના કરવાની છે જ્યાં માણસને કલેક્ટીવ રિસ્પોન્સિબિલિટીનું સતત ભાન રહે. તો અને તો જ સામાજિક અને ધાર્મિક રીતે સુદૃઢ રહીને આપણે અર્થોપાજન કરી શકીશું. એવું કરવું જરૂરી પણ છે, કેમ કે આર્થિક અસમાનતા તો રહેવાની જ છે. વધુમાં, સ્વતંત્રતા અને આર્થિક સમાનતા એકબીજાના પરમ વિરોધી છે, એ પણ ઈતિહાસે આપણને શીખવ્યું જ છે. પણ ભારતીય પ્રાચીનતામાં પરનો વિચાર કરવાની સુવર્ણવૃત્તિ અને સંતોષની જબરદસ્ત વિભાવના છે. આ બંને ભારતીય જીવનના બે આધારસ્તંભો છે, જે આ ઘડીઓમાં ભૂલી જવા યોગ્ય નથી. કેમ કે અત્યારે જે પૈસાની બાબતે  ભ્રષ્ટતા સમાજમાં વર્તાય છે, તેમાં આ બેની વિસ્મૃતિ જ કારણભૂત છે.

વધુમાં, આ દેશનો પ્રાણ બીજાને આપવાની અને ખુમારીથી ગુમાવવાની વાતમાં રહેલો છે. અહીંયા કપડાં પણ દાનમાં આપી દેનારા રાજાને લોકો સદીઓ યાદ કરે છે અને પોતાના મોજશોખમાં જીવન પસાર કરનારો સમયની ખીણમાં ગુમ જાય છે. આ દેશમાં ડહાપણ પુજાય છે, પણ ગાંડપણનો ઉત્સવ મનાવાય છે. અહીંયા ભણેલો વિવેકાનંદ અભણ રામકૃષ્ણ પરમહંસનાં ચરણોમાં પડે છે. અહીંયા તર્કનું માન જળવાય છે, પણ શ્રદ્ધાવાન થવા તપસ્યા થાય છે.

આ સંસ્કૃતિનું ડી.એન.એ. આપવાની વૃત્તિમાં અને છોડવાની સહજ પ્રવૃત્તિમાં રહેલું છે. આવા સમયે આપણે ભોગવાદને જ વિકસિત રાષ્ટ્ર બનવા માટેની સીડી તો નથી માની લીધી? આ પ્રશ્ન આપણા સામૂહિક અંતરાત્માને પૂછવાની જરૂર છે. કેમ કે અહીંયા ભર્તુહરિને લોકો રાજા તરીકે ભૂલી જાય છે, પણ યોગી તરીકે હંમેશાં યાદ કરે છે અને વંદે છે. એટલે આપણે વિકાસના આ બે પાસાંને ધ્યાનમાં રાખીને ચાલ્યા તો આપણે કોઈ વેસ્ટર્ન કન્ટ્રીની પ્રતિકૃતિ તરીકે નહીં પણ ભારત રહીને સમૃદ્ધ બની શકીશું, જેનો જોટો વિશ્વમાં બીજે ક્યાંય નહીં હોય, તે વાત નક્કી છે.

વિકસિત ભારતની પરિકલ્પનામાં આપણે શિક્ષણને પણ આવરી લેવાનું છે અને પ્રશિક્ષણ ઉપર પણ કામ કરવાનું છે. આપણી જ્ઞાન ભાગીરથી પરંપરામાં ફરીથી નોલેજ કેપિટલ બનવા પ્રયત્નશીલ થવાનું છે. આ સાથે જ સૂક્ષ્મના વિજ્ઞાનને ફરીથી યુગાનુકૂલ કરવાનું છે. આ સંદર્ભમાં જાપાન ભણી આપણે જોઈ શકીએ છીએ, કેમ કે જાપાને પોતાની સાંસ્કૃતિક પ્રતિભા જાળવીને આધુનિકતા અપનાવી છે અને છતાંપણ વિકસિત બની શક્યું છે.

આજે પણ જાપાનની કોઈપણ યુનિવર્સિટીમાં તમને ઝેન પરંપરાની આછેરી ઝલક પ્રત્યેકમાં જોવા મળે છે. વધુમાં, ત્યાં કથાસાહિત્યના પ્રવાહોમાં પણ લોકલ થીમને ગ્લોબલ સ્તરે લઈ જવા માટે સતત સફળ પ્રયોગો થતા રહ્યા છે.

આ ઉપરાંત આપણી ગ્રામ્ય સંસ્કૃતિનું જતન પણ સાથોસાથ કરવાનું છે. ભારતનો આત્મા ગ્રામ્ય જીવનમાં વસે છે અને આ આત્માની ચેતના બરકરાર રહે તે પણ આપણે જોવાનું છે. આપણે જ્યારે ગામડાંને સ્વાવલંબી અને સક્ષમ બનાવી શકીશું ત્યારે જ શહેરીકરણની જડ પ્રક્રિયાને બ્રેક વાગશે. આ થવું ખૂબ જ જરૂરી છે, કારણ કે નાના એકમમાં સમૂહભાવના સાથે સાધેલો વિકાસ દૂરગામી સકારાત્મક અસર છોડનારો બની રહે છે.

# વિકસિત ભારતના શિક્ષકો અને તેની શિક્ષણ-વ્યવસ્થા



**કોમલ સચદે**
(Teacher & Research Scholar)
સુખપર (રોહા), તા.નખત્રાણા (કચ્છ)
મો. 9909696154

"સર્જનાત્મક અભિવ્યક્તિ અને જ્ઞાન પ્રત્યેની અભિરુચિ જાગૃત કરવી એ શિક્ષકની સર્વોત્તમ કળા છે."

(આઈન્સ્ટાઈન : સાપેક્ષવાદના પ્રણેતા)

કિશોરલાલ મશરૂવાળા જણાવે છે કે : શિક્ષણ કરતાં કેળવણી શબ્દ એ વધારે ચઢિયાતો છે. કારણ કે શિક્ષણ એ રાષ્ટ્રનો પ્રાણ છે, શિક્ષણમાં યુગ પરિવર્તન કરવાની તાકાત છે, તો શિક્ષણ મનુષ્યને આત્મવિશ્વાસુ બનાવે છે. ત્યારે શિક્ષણના હેતુઓ, શિક્ષણની પદ્ધતિઓ, શિક્ષણમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને શિક્ષણનું સમગ્ર માળખું રચવાનું ચિંતન એ સૌ શિક્ષણપ્રેમીઓ કરવું જ રહ્યું.

**વિકસિત ભારતના શિક્ષકો તથા શિક્ષણ વ્યવસ્થાની સંકલ્પના:**"મારા મતે મૂલ્યનિષ્ઠ, કૌશલ્યવર્ધન કરતી અને સ્વાસ્થ્યવર્ધક સુટેવોનું ઘડતર કરતી કેળવણી ભાવિ પેઢીને શાંતિપૂર્ણ જીવન જીવવામાં મદદરૂપ થાય તેવું શૈક્ષણિક માળખું અને પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાની જરૂર છે."શિક્ષણ મેળવીને સમાજમાં પ્રવેશતો દરેક વિદ્યાર્થી સૌ પ્રથમ એક સુસંસ્કૃત માનવ બને ત્યાર પછી તે એટલો તો સક્ષમ હોવો જોઈએ કે પોતાનો કોઈ પણ પ્રકારનો રોજગાર શરૂ કરી શકે અને સારું અને નિરોગી જીવન જીવવા માટેની સુટેવોનું નિર્માણ તેમાં બાલ્યકાળથી જ થયેલું હોય તેવી કેળવણી અનિવાર્ય છે. આ ચાવીરૂપ બાબતો વિકસિત ભારતની શિક્ષણ પ્રણાલીમાં હોય તે ઈચ્છનીય છે.

**વિકસિત ભારતના શિક્ષકત્વની સંકલ્પના :**

1. **I.Q.+E.Q.+S.Q. = વિકસિત ભારતનું શિક્ષકત્વ :**

**I.Q = બુદ્ધિઆંક (intelligence quotient) :**

અહીં વાત કરવામાં આવી છે બુદ્ધિઆંકની. તો કોઈ પણ તાલીમી શિક્ષક એ ઊંચો બુદ્ધિઆંક ધરાવતો હોય એ અનિવાર્ય છે. શિક્ષકનું પ્રથમ લક્ષણ છે કે તે પોતાના વિષયવસ્તુમાં પ્રાવીણ્ય ધરાવતો હોય. શિક્ષક તેના વર્ગ સમક્ષ ત્યારે જ ઊભો રહે કે જ્યારે તેણે પૂર્વ તૈયારી કરી હોય. શિક્ષકને તેના વિષયવસ્તુનું તલસ્પર્શી જ્ઞાન હોવું જોઈએ અને તે જ્ઞાન પીરસવાની પણ એક અનેરી આવડત હોવી જોઈએ. શિક્ષક પાસે રહેલું જ્ઞાન એ વિદ્યાર્થીઓના ભીતરમાં કેવી રીતે ઊતરે તે માટેની અવનવી તરકીબો વિચારવામાં શિક્ષક સદા મગ્ન હોવો જોઈએ. શિક્ષકને વિષયવસ્તુ માત્ર કંઠસ્થ નહીં પરંતુ હૃદયસ્થ હોય એ અનિવાર્ય બાબત છે. આમ શિક્ષક એ બુદ્ધિમાની, ચતુર અને ખૂબ જ ઉત્સાહી હોય તો શિક્ષણ પ્રક્રિયા ધબકતી રહે છે.

**E.Q. = સાંવેગિક આંક (Emotional quotient) :**

અહીં વાત કરવામાં આવી છે સાંવેગિક આંકની. શિક્ષક પાસે માત્ર વિષયનો ઊંડાણપૂર્વકનું જ્ઞાન હોય એટલું જ પૂરતું નથી. વિદ્યાર્થીઓની ભાવનાઓને સમજી શકવાની અણઆવડત હશે તો એ ક્યાંક ને ક્યાંક ખલેલરૂપ બને છે. શિક્ષણ-પ્રક્રિયામાં શિક્ષકે વિદ્યાર્થીની પરિસ્થિતિનો તાગ પણ મેળવવો પડશે અને એ મુજબ વિદ્યાર્થીઓ સાથે વર્તન કરવું પડશે. વિદ્યાર્થીઓ પોતાને પડતી મુશ્કેલીઓ મુક્ત મને પોતાના શિક્ષક પાસે વર્ણવી શકે એટલી સ્વતંત્રતા શિક્ષકે વિદ્યાર્થીઓને આપવી પડશે. એ માટે શિક્ષક ખૂબ પ્રેમાળ હોય, સંવેદનશીલ હોય, બાળકોના માનસના પારખું હોય, ઋજુ પ્રકૃતિ અને સહૃદયી, સૌમ્ય, આચારનિષ્ઠ હશે તો શિક્ષકનું વ્યક્તિત્વ પણ વિદ્યાર્થીઓ માટે અનુકરણીય બની રહેશે. શિક્ષક વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા અને હેતથી વર્તનારો હશે તો વર્ગખંડ ખીલી ઊઠશે અને શિક્ષણ પ્રક્રિયામાં જીવંતતા લાવી શકાશે.

**S.Q. = સામાજિક આંક અથવા આધ્યાત્મિક આંક (social quotient or spiritual quotient)**

અહીં વાત કરવામાં આવી છે સામાજિક આંક તથા આધ્યાત્મિક આંક. શાળા એ સમાજની લઘુ

આવૃત્તિ છે, અને આમ જોવા જઈએ તો વિદ્યાર્થીઓનું બીજું ઘર પણ છે. તો આ શિક્ષણમંદિરમાં પ્રત્યેક શિક્ષક અને વિદ્યાર્થી હળીમળીને કાર્ય કરે તો આ શિક્ષણમંદિરમાં શિક્ષણની જ્યોત પળેપળ ઝળહળતી રહેશે. આ માટે શિક્ષકનું સામાજિક હોવું અતિ આવશ્યક બને છે. જેમ શિક્ષકની સામાજિકતામિતિનો ગ્રાફ ઊંચો તેમ તે વિદ્યાર્થીઓ સાથે વધારે સારી રીતે કામ લઈ શકે છે. આ સાથે શિક્ષકમાં આધ્યાત્મિકતાનો આંક પણ ઊંચો હોવો જરૂરી છે. અહીં આધ્યાત્મિકતાનો અર્થ કોઈ ધાર્મિક બાબતમાં નથી, પરંતુ આપણી ભવ્યાતિભવ્ય ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોમાં શ્રદ્ધા તથા કુદરતના તત્ત્વો અને કુદરતના નિયમોમાં શ્રદ્ધા એવો અર્થ કરવાનો છે. જો શિક્ષક પોતે શ્રદ્ધાવાન અને મિલનસાર હશે તો તે વિદ્યાર્થીઓમાં પણ શ્રદ્ધા મૂકી શકશે. કેમકે આખરે તો શિક્ષકે વિદ્યાર્થીઓના ચાહનાપાત્ર બનીને વિદ્યાર્થીઓને અદ્વિતીય ગ્રંથ માનીને તેમનું ચારિત્ર્ય-ઘડતર કરવાનું છે.

તો આ રીતે શિક્ષક એ બુદ્ધિમાન, સંવેદનશીલ તથા સામાજિક હશે તો તેનું પોતાનું વ્યક્તિત્વ પણ ખીલી ઊઠશે અને તે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને પણ એક સંપૂર્ણ વ્યક્તિત્વ બનાવવાનો પ્રયત્ન કરી શકે તેમ છે.

**2. વિકસિત ભારતની શિક્ષણવ્યવસ્થા :**

સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે :

**"વ્યક્તિમાં રહેલી સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે કેળવણી."**

આ ત્રિવેણી સંગમ સદ્‌ગુણોના સથવારે શિક્ષણજગતમાં વિદ્યાર્થીઓના મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફક બનીને આપણો શિક્ષકધર્મ બજાવવાની સાથે શિક્ષણવ્યવસ્થા પણ ખૂબ જ મજબૂત હોવી જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં પણ કૌશલ્ય આધારિત શિક્ષણ તથા મૂલ્યના શિક્ષણ વિષય પર ભાર મૂકવામાં આવ્યો છે. ત્યારે સામાજિક દૂષણોને દૂર કરવા સંસ્કૃતિનું સંમાર્જન કરતી અને સંસ્કારી વિચારધારાનું વાવેતર કરતી શિક્ષણવ્યવસ્થા અતિ આવશ્યક છે.

**3. સંસ્કૃતિનું સંરક્ષણ કરતી શિક્ષણવ્યવસ્થા :**

આપણે ભારતીય સંસ્કૃતિ અન્ય માટે પણ ખૂબ અનુકરણીય છે ત્યારે વિકસિત ભારતની શિક્ષણ-વ્યવસ્થામાં અભ્યાસક્રમનું માળખું ખૂબ જ મૂલ્યમયી હોવું જોઈએ. વિદ્યાર્થીઓ જ્યારે પાઠ્યક્રમમાંથી વિષયવસ્ત ગ્રહણ કરે ત્યારે આપણી ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યોનું જતન થયેલું હોવું જોઈએ, જેથી વિદ્યાર્થીઓ આદરપાત્ર માનસિકતા કેળવીને તેનું આચરણ અત્યારથી જ કરતા થશે. પ્રત્યેક વિષયવસ્તુની અંદર મૂલ્યનિષ્ઠ કેળવણી ઉજાગર થતી હશે તો એક સુસંસ્કૃત માનવઘડતર થઈ શકે તેમ છે. પાઠ્યક્રમમાં નૈતિક મૂલ્યોની બાબતોને તથા મહાપુરુષોના વ્યક્તિત્વની વાતોને ખૂબ ઝીણવટથી ઉમેરી લેવામાં આવે અને દરેક એકમમાંથી તેને મૂલ્યની કેળવણી પ્રાપ્ય બને તે અતિ આવશ્યક છે.

**4. મૂલ્યલક્ષી ઈતર પ્રવૃત્તિ કેલેન્ડર :**

શિક્ષણવ્યવસ્થા અંતર્ગત વિકસિત ભારતનું નિર્માણ એ આવનારી પેઢી પર નિર્ભર છે ત્યારે વિદ્યાર્થીકાળથી જ વિદ્યાર્થીઓમાં અત્યંત આવશ્યક એવા નૈતિક મૂલ્યોનું વાવેતર કરવું જોઈએ, જેથી મૂલ્યમયી વિચારધારાનાં બીજ રોપી શકાય. મૂલ્યોના વાવેતર માટે શિક્ષણવ્યવસ્થામાં એક કેલેન્ડર હોવું જોઈએ, જે અંતર્ગત શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક મૂલ્યવર્ધક પ્રવૃત્તિઓનો માળખું પૂરું પાડવું જોઈએ. આ કેલેન્ડરમાં આખા વર્ષ દરમિયાન કેટલીક મૂલ્યલક્ષી અનિવાર્ય પ્રવૃત્તિઓનું ઉલ્લેખ અને આયોજન વિશેની છણાવટ કરવામાં આવી હોય.

**5. નિત્ય યોગ પ્રવૃત્તિ :**

આપણી ભારતીય સંસ્કૃતિમાં પહેલાંથી કહેવાઈ રહ્યું છે કે પહેલું સુખ તે જાતે નર્યા. એ સંઘમાં ને ધ્યાને લેતાં વિદ્યાર્થીકાળથી જ વિદ્યાર્થીઓમાં સુટેવોનું ઘડતર કરવું એ શિક્ષણની જવાબદારી છે ત્યારે શિક્ષણજગતમાં નિત્ય યોગની સુટેવોનો ઘડતર કરતું માળખું ચોક્કસપણે હોવું જોઈએ. દરેક શાળાએ તે ફરજિયાત પણે અમલ કરવો જોઈએ, જેથી નિત્ય યોગદિન તરીકે વિદ્યાર્થીઓ યોગાભ્યાસ કરતા થશે અને નિરોગી સ્વાસ્થ્ય માટે જીવનપર્યંત સુટેવોનું ઘડતર થઈ શકે.

**જરૂરી પરિવર્તનોઃ**

"રોટલો કેમ રળવો એ નહીં, પણ દરેક કોળિયાને વધારે મીઠો કેમ બનાવવો તે શીખવે તે કેળવણી."

ઉપરોક્ત વાક્યમાં જીવનકૌશલ્ય વિશેની પણ વાત કરવામાં આવી છે. માત્ર ઉચ્ચ કક્ષાની ડિગ્રી મેળવીને માત્ર જીવન પસાર કરવું નહીં પરંતુ આપણે સંસ્કૃતિનું જતન કરીને સમાજમાં કંઈક વિશેષ પ્રદાન કરવું. એવી ઉદ્યોગલક્ષી તાલીમ પ્રાપ્ત કરવી કે જેથી પોતે અને સમાજ બંને સુખી થઈ શકે. જીવનયાત્રામાં કઈ રીતે શાંતિ અને સંતોષપૂર્વક જીવવું તે ખૂબ અનિવાર્ય છે. શિક્ષણ પ્રણાલીમાં સમગ્ર વર્ષ દરમિયાન કેટલાક દિવસો એવું અધ્યાપનકાર્ય તથા ઈતર પ્રવૃત્તિઓ કરવામાં આવે જે અંતર્ગત વિદ્યાર્થીઓ જાતે કૌશલ્ય વર્ધક ઈન્ટર્નશિપમાં જોડાઈ અને જરૂરી એવા રોજગારના કૌશલ્યો વિકસાવી શકે. આદર્શ વિચારધારાના વાહક બની શકે.

**અંતમાં બસ એટલું જ:**

શિક્ષણ પાંચ વિભાગોમાં વિભાજિત હોય:

1) આદર્શ મૂલ્યલક્ષી વિષયવસ્તુ
2) રોજગારલક્ષી તાલીમ (કેટલાક ઈન્ટર્નશિપ રૂ)
3) પ્રતિદિન યોગાભ્યાસ (નિત્ય પ્રવૃત્તિ કેલેન્ડર)
4) મૂલ્યલક્ષી ઈતર પ્રવૃત્તિ કેલેન્ડર (ક્ષેત્રીય મુલાકાતો, શાળામાં મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ વગેરે)
5) ટેક્નોલોજીના સહારે મૂલ્ય વાવેતરના પ્રયાસો (સંસ્કારયુક્ત શોર્ટ ફિલ્મ, ડોક્યુમેન્ટરી વગેરે) તો ચાલો, આપણે સૌ શિક્ષણની સહિયારી યાત્રાનો જ્ઞાનોત્સવ ઉત્સાહભેર ઉજવીએ.


चिल्ड्रन्स रिर्सच युनिवर्सिटी
Children's Research University
(State University established by Government of Gujarat)

Children's Research University, Gandhinagar invites applications for Gijubhai Badheka Awards

Categories:
1. Shresth Baalguru
2. Shresth Baalvatika



- Applications invited
05/01/2024 to 31/03/2024
- Kindly refer to the website: : www.cugujarat.ac.in for details and online application.

# સ્વતંત્રતાના શતાબ્દી વર્ષની ઉજવણી અનોખી રીતે કરીએ



ડૉ. જય ઉમેશભાઈ ઓઝા
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. 98980 46488

ચાલો સ્વતંત્રતાનાં 100 વર્ષની ઉજવણી અનોખી રીતે કરીએ. આઝાદીના 100મા વર્ષમાં પ્રવેશની સાથે સાથે સવકસિત દેશોની હરોળમાં આપણા દેશને પહોંચાડવા માટે એક અદના નાગરિક તરીકે આપણે શું કરી શકીએ ? આપણા દેશને વિશ્વગુરુની કક્ષાએ પહોંચાડવા માટે નાનાં 100 પગલાંઓની એક યાદી આપની સમક્ષ રજૂ કરું છું. રામસેતુ નિર્માણમાં ખિસકોલી જેટલો લઘુયત્ન પણ જો આપણે સહુ ભેગા મળીને કરીએ તો ચોક્કસ વામનમાંથી વિરાટ ડગ ભરીને આપણા દેશને વિકસિત ભારત શકીશું. આ સોપાનોમાં શૈક્ષણિક, સામાજિક, રાષ્ટ્રીય, સંવૈધાનિક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. કોઈ પણ રાષ્ટ્ર ઉન્નતિના શિખરો ત્યારે જ સર કરી શકે છે જ્યારે, દેશનો દરેક નાગરિક દેશની સાર્વજનિક બાબતોને વ્યક્તિગત માનીને ગંભીરતાથી અમલીકૃત કરે. આજે જ્યારે આપણો દેશ યુવાઓની બહોળી સંખ્યાથી અલંકૃત છે ત્યારે આપણે સાથે મળીને શિસ્તપૂર્વક કેટલીક બાબતો કે જેને અનુસરવી તદ્દન સહેલી છે, તેને વિચારીને અમલમાં મૂકીશું તો આપણે વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ તરફ ચોક્કસ ઝડપથી ગતિ કરી શકીશું.

1) આપણે આપણા હકોની સાથે ફરજો સદા સ્મરણમાં રાખી અદા કરતા રહીએ.
2) આપણે સિગ્નલ નહીં તોડીએ. વાહન લેનમાં જ ચલાવીશું.
3) પૂરે-પૂરો ટેક્સ ભરીશું.
4) આપણે સરકારી મિલકતોને નુકસાન નહીં પહોંચાડીએ.
5) આપણે જે કાર્ય કરવાનું માનધન લઈએ છીએ તેને સંપૂર્ણ મનોયોગથી કરીશું.
6) સમયનિષ્ઠ નહીં પરંતુ કર્મનિષ્ઠ બનીએ.
7) આપણાં બાળકોને ઈતિહાસનાં પાનાંઓમાં ખોવાઈ ગયેલા સ્વતંત્ર સેનાનીઓનાં બલિદાનની વાત કરીએ.
8) સ્વતંત્રસેનાનીઓના બલિદાનસ્થળની મુલાકાત પર જઈએ.
9) સ્વતંત્રસેનાની કે શહીદના બલિદાન વિશે પુસ્તક વાંચીએ અને વંચાવીએ.
10) દર વર્ષે એટલીસ્ટ એક ઐતિહાસિક ઈમારતની મુલાકાત લઈએ.
11) ગૃહઉદ્યોગના નાસ્તાઓ વધુ ખરીદીએ.
12) ખાદીનાં વસ્ત્રો વધુ લાવીએ.
13) આપણાં બાળકોને ગાંધીઆશ્રમની સાથે જલિયાવાલા બાગ પણ દેખાડીએ.
14) આંગ્લભાષાની સાથે સાથે માતૃભાષાનો પણ પ્રયોગ વધુ કરીએ.
15) આગામી વર્ષોમાં વધુ પુસ્તકો ખરીદવાનો આગ્રહ રાખીએ.
16) સંસ્કૃત ભાષા શીખવાની પહેલ કરીએ.
17) જાહેર જીવનની વ્યક્તિઓને સામેથી મળીને આપણા પ્રશ્નોની રજૂઆત કરવાનું શીખીએ.
18) આપણી આસપાસની સરકારી શાળાઓમાં ભણતાં બાળકોને પ્રોત્સાહનરૂપે ઈનામ આપીએ.
19) સરકારી શાળાના શિક્ષકોને બિરદાવીને તેમને કોઈ ભેટ આપીએ.
20) મોહલ્લા કે સોસાયટીમાં દેશભક્તિ ગીતો કે દેશભક્તિની કથાઓનું આયોજન કરીએ.

21) 26 જાન્યુઆરી કે 15 ઑગસ્ટ સિવાય પણ દેશભક્તિના રંગે રંગાતા રહીએ.

22) કોઈ જૂના પરંતુ જ્ઞાનસમૃદ્ધ ગુજરાતી સામયિકનું લવાજમ ભરીએ અને ભરાવીએ.

23) જ્યાં પણ પ્રવાસ-પર્યટન માટે જઈએ ત્યારે ત્યાંના સ્થાનિક લોકો સાથે પણ સબંધ વધારીએ.

24) જે પ્રદેશ ઓછો જાણીતો છે, ત્યાં ફરવા જઈએ.

25) આપણા થકી અન્નનો બગાડ થતો અટકાવીએ.

26) સપ્તાહમાં એકવાર સોશિયલ મીડિયાનો ઉપવાસ પાળીએ.

27) સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બનીને વ્યાયામ કરતા થઈએ.

28) સ્વભાષા અને સ્વભૂષાને અપનાવીએ.

29) OTT પ્લેટફોમષ પર આવતા વાંધાજનક, સાંપ્રદાયિક કે ધાર્મિક વાતોનો હ્રાસ કરતા કાર્યક્રમોનો બહિષ્કાર કરીએ.

30) આધ્યાત્મિક વારસાની જાળવણી માટે મહિને એકવાર કોઈ પ્રચલિત દેવસ્થાનની મુલાકાત કરીએ.

31) નિયમિતપણે આપણા વિસ્તારની સેવાવસ્તી કે ઝૂંપડપટ્ટીઓનાં બાળકોની મુલાકાત કરતા રહીએ.

32) બાળકો સાથે શહેરની આસપાસના ગામડાંઓની મુલાકાત અચૂક લેતાં રહીએ.

33) ચાર-છ મહિને શહેરના સ્મશાનની મુલાકાત લઈ, દેહની નશ્વરતાનો અનુભવ કરીએ.

34) અખબારમાં વાચકોના અભિપ્રાય આપવાની કોલમમાં આપણા સ્પષ્ટ અભિપ્રાય આપીએ.

35) બને ત્યાં સુધી આપણે સરકારી મિલકતોનો જ ઊપયોગ કરીએ.

36) મહદંશે જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરીને ઈંધણ બચાવીએ.

37) ન છૂટકે જ સર્જરી કે એલોપથીનો ઉપયોગ કરીએ.

38) બહોળા પ્રમાણમાં આયુર્વેદ તેમજ ઘરગથ્થું દવાઓ વાપરીએ.

39) ન છૂટકે જવું પડે તો પણ પહેલાં તો સરકારી દવાખાનાનો જ લાભ લઈએ.

40) આપણાં કોઈ પણ કાર્ય કરાવવા માટે લાંચ ન આપીએ કે કોઈનું કામ કરવા માટે બીજી કોઈ અપેક્ષા ન રાખીએ.

41) આપણા પરિવારના વટવૃક્ષ વિશે અને આપણા પૂર્વજોના સંઘર્ષો વિશે આગામી પેઢીને જણાવતા રહીએ.

42) એસ.ટી. મુસાફરી કરીને બાળકોને સાર્વજનિક વાહનવ્યવહાર વિશે સમજણ આપીએ.

43) ભારતીય રેલમાં ભારતીય સ્થળોની મુલાકાત કરીએ.

44) આપણા પાલ્યની શાળામાં થતી પ્રવૃત્તિઓમાં હોંશભેર ભાગ લઈએ.

45) બાળકોને દેશમાં અને વિશ્વમાં ચાલતી વિવિધ ઘટનાઓથી વાકેફ કરતા રહીએ.

46) સમાચારપત્રો અને તેમાં આવતી વિવિધ કટારોને આપણે તેમજ બાળકોને પણ ધ્યાનથી વંચાવીએ.

47) વિવિધ વિષયોના ભિન્ન ભિન્ન સામયિકોનાં લવાજમ ભરીને જ્ઞાનના સીમાડા વધારીએ.

48) હરઘર ગ્રંથમંદિર બનાવીએ. વધુમાં વધુ પુસ્તકો વસાવીએ અને વંચાવીએ.

49) પર્યાવરણ જાગૃતિના નિબંધ નહીં લખીએ તો ચાલશે પણ પર્યાવરણને ખરેખર જીવતાં શીખીએ.

50) આપણા ઘરની આસપાસનું કોઈ એક વૃક્ષ દત્તક લઈએ.

51) બાળકોને રામાયણ-મહાભારત સંભળાવીએ.

52) આપણે નિયમિત વેદ અને ઉપનિષદ વાંચવાની ટેવ પાડીએ.

53) આ સ્વતંત્રતા આપણને કેટ-કેટલાં સંઘર્ષો અને બલિદાન પછી મળી છે, તે બાળકોને સમજાવવાની એક પણ તક જતી ન કરીએ.

54) પંખીને અપાતાં ચણ તથા પાણી તો આપણા ઘરનું બાળક જ આપે તેની કાળજી રાખીએ.

55) દાદા-દાદી સાથે બાળકોની આખા દિવસમાં નિયમિતપણે એક બેઠક થાય તેનું ધ્યાન રાખીએ.

56) વન્ય જીવસૃષ્ટિનો પરરિય મળી રહે તે માટે નિયમિત રીતે જંગલોની મુલાકાત લેતાં રહીએ.

57) મેકડોનાલ્ડ કે પીત્ઝા હટની સાથે સાથે દેશી ઢાબાની પણ જયાફત લેતાં રહીએ.

58) ચાર રસ્તે ગાડી ઊભી રહે ત્યારે ભીખ માંગતાં ભૂલકાંઓને પૈસા ન આપતાં ખાવાની ચીજ આપીએ.

59) કારમાં જ એક નાનકડી કચરા માટેની બેગ રાખીએ કે જેમાં ખાધા પછી પ્લાસ્ટિક રેપર કે ડિસ્પોઝેબલ ડીશ નાંખીએ.

60) ફિલ્મી ગીતોની સાથે સાથે આપણા શાસ્ત્રીય ગીતને પણ સાંભળવાની ટેવ પાડીએ.

61) બાળકને એક વાજિંત્ર, એક સંગીતનું વાદ્ય તો જરૂર શીખવીએ.

62) તેવી જ રીતે કોઈ એક રમતમાં પણ પારંગત બનાવીએ.

63) વૃદ્ધો અને વડીલોની આમાન્યા રાખીએ.

64) જ્યાં ને ત્યાં વેડફાતા પૈસાનો વ્યય અટકાવીએ.

65) સહનશીલતાનો ગુણ કેળવીએ પણ સ્વાભિમાનના ભોગે તો નહીં જ.

66) પહેલો સગો તે પાડોશી એ ન્યાયે પાડોશી સાથેની આત્મીયતા વધારીએ.

67) કોઈ પણ વસ્તુ ખરીદીને બિલ લેવાનો આગ્રહ અચૂક રાખીએ.

68) પેટ્રોલની ખપતવાળાં વાહનોને સપ્તાહમાં એકવાર સદંતર બંધ રાખીએ.

69) ઓછા અંતરવાળી જગ્યાઓ પર સાયકલ પર જવાનો જ આગ્રહ રાખીએ.

70) અમસ્તાં અમસ્તાં જ અઠવાડિએ એકવાર આપણા સ્નેહીજનોને ફોનથી પણ મળીએ.

71) જનગણમન સાથે સાથે વંદેમાતરમ(આખું) ગાન પણ શીખીએ અને શીખવીએ.

72) ઘરેથી બહાર આવતાં પહેલાં પૂજા-પાઠ તેમજ તિલક કરીને જ નીકળીએ.

73) ગાંધીજી કહેતાં તે પ્રમાણે આપણે આપણી હાજતો(જરૂરિયાતો) ઓછી કરીએ.

74) વ્યક્તિ, જાતિ, પંથ અને સંપ્રદાયથી ઉપર ઊઠીને રાષ્ટ્રનો વિચાર કરીએ.

75) આપણા દેશના રજવાડાંઓનો ઈતિહાસ બાળકોને જણાવીએ અને આપણે પણ જાણીએ.

76) જીવનમાં કોઈ એક જ્યોતિર્ધરને આદર્શ માનીને તેમના જીવનને સંપૂર્ણપણે આત્મસાત કરવાની ખેવના રાખવી.

77) પરિશ્રમ અને પ્રામાણિકતાથી જીવતા પ્રત્યેકનું સન્માન કરીએ.

78) સપ્તાહમાં એકવાર મનગમતા ક્ષેત્ર સિવાયના કોઈ એક ક્ષેત્રને સમજવાનો પ્રયત્ન કરીએ.

79) સમાનતા નહીં, સામંજસ્ય માટે કટિબદ્ધ બનીએ.

80) જળ એ જ જીવન છે. જળસંચયના કારક બનીએ.

81) વાણી અને પાણી ખપ પૂરતાં જ વાપરીએ.

82) વોકલ ફોર લોકલના સૂત્રને અનુસરતા આપણે નાના વેપારીનો વધુ પ્રચાર કરીએ.

83) આપણું બુદ્ધિધન વિદેશ જતું અટકાવીએ.

84) વસ્તુઓની ખરીદી સ્થાનિક વેપારી પાસેથી કરીએ.

85) મોબાઈલ કે બીજાં ઈલેક્ટ્રીક ગેજેટ્સનો વધુ પડતાં ઉપયોગને ટાળીએ.

86) દિવાળી જેવા તહેવારો પર બાળકોને સરહદ પર લઈ જઈને આપણા સૈનિકોનો ઉત્સાહ વધારીએ.

87) ડિગ્રીની સાથે સાથે ડિગ્નીટીને પણ પ્રાધાન્ય આપીએ.

88) આપણા દેશના વિવિધ પ્રાંતની લોક-સંસ્કૃતિ તેમજ ખાન-પાનને સમજીએ.

89) દેશની વિવિધ સરકારી-અર્ધસરકારી અથવા કોઈ એન.જી.ઓ. દ્વારા ચાલતી વિવિધ સહાય યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરીએ.

90) આપણા રહેણાક વિસ્તાર પાસેની કોઈ સેવાવસ્તી(ઝૂપડપટ્ટી)નાં બાળકોને ભણાવીએ.

91) આપણામાં કોઈ એક જીવનકૌશલ્ય તો ચોક્કસ વિકસાવીએ.

92) નોકરીવાંચ્છું નહીં પરંતુ નોકરીદાતા બનવાનો પ્રયત્ન કરીએ.

93) નાનાં નાનાં સેવાનાં કાર્યો કરવાની ટેવ કેળવીએ.

94) દેશની ઉન્નતિ માટેની સર્વાંગીણ બાબતો માટે ઉન્મુખ બનીએ તેમજ આપણા વિષયકાર્ય રાષ્ટ્રલક્ષી બનાવીએ.

95) કારકિર્દીની પસંદગી કરવા માટે બાળકોને તેમના હૃદયને અનુસરવા દઈએ.

96) દરેક ચૂંટણીમાં જ્યાં તમે મતદાતા હો ત્યાં નિયમિતપણે અચૂક મતદાન કરવું.

97) દરેક પ્રકારના કામદારો તથા શ્રમિકો પ્રત્યે સંવેદનશીલતા દાખવીએ.

98) વારંવાર પ્રામાણિકતા દાખવવા છતાં અપયશ મળે તો પણ ઈમાનદારી ન ત્યજીએ.

99) સોશિયલ મીડિયામાં મળતી લાઈક્સ અને કમેન્ટ્સને સ્ટેટસ માનવાની ભૂલ કદાપિ ન કરીએ.

100) નૂતન સંશોધન સાથે પુરાતન શાસ્ત્રોના અધ્યયનમાં પણ રસ લઈએ.

ઉપરનાં બધાં જ સંકલ્પ સૂત્રોમાંથી મહત્તમ સૂત્રોને પાળવાનો પ્રયત્ન કરીએ. યાદી તો ઘણી લાંબી બને તેમ છે, અને આ સિવાયના બીજાં અઢળક સંકલ્પસૂત્રો આપણે સુપેરે જાણતા જ હોઈશું. અરે આપણામાંથી બહુધાએ તો આ સૂત્રોને વર્ષોથી આત્મસાત કર્યા જ હશે.

આ તો આપણા સુષુપ્ત મનમાં રહેલી બાબતોને પુનઃ સ્મરણમાં લાવવાની છે. આપણે અપનાવેલાં નાનાં કાર્યો દેશમાં મોટો બદલાવ ચોક્કસ લાવશે. પછી રાહ શેની જોઈએ છીએ ? ચાલો કર્તવ્યપથ પર ચાલવા માંડીએ.



# બાળકનો સમગ્રતાપૂર્વકનો વિકાસ એ જ આપણી સાચી મૂડી



**મિત્તલ પટેલ**
પરિભાષા
પ્રાથમિક શાળા- દહેગામ, ગાંધીનગર
મો. 9428903743

**ભારત જેવા સર્વાંગ સમૃદ્ધ અને ભવિષ્યના વિકસિત દેશનું બાળક અને ભવિષ્યનો નાગરિક કેવો હોવો જોઈએ...?**

તે આત્મશ્રદ્ધાથી છલોછલ, દેશ માટે અહોભાવની ભાવના સાથે વૈશ્વિક સમસ્યાઓથી અવગત અને તેના ઉકેલની દિશામાં સતત વૈચારિક પ્રક્રિયામાં ભાગીદાર હોવો જોઈએ.

દેશના આંતરિક અને બાહ્ય દૂષણોને દૂર કરવાં કટિબદ્ધ અને દરેક ઘટના, પરિસ્થિતિને સ્વતંત્ર બુદ્ધિ-ક્ષમતા અને તર્કથી અવલોકી શકે, તેનો મર્મ પામી શકે તે માટે શક્તિમાન હોવો જોઈએ. નવીન ટૅક્નૉલોજીમાં માહિર ચોક્કસ હોવો જોઈએ, પણ તેનાં ફાયદા ગેરફાયદાની પૂરતી સમજ સાથે, તેના મર્યાદિત અને સુયોગ્ય ઉપયોગ માટે જાગ્રત હોવો જોઈએ. પ્રકૃતિ, પર્યાવરણ, પશુ, પક્ષી, ઈકો- સિસ્ટમ વગેરેનાં સંરક્ષણ માટે જાગૃત અને સક્રિય હોવો જોઈએ.

નવીન પડકારો ઝીલી શકે, તે માટે વૈશ્વિક જ્ઞાન, વૈશ્વિક ટૅક્નૉલોજી, વૈશ્વિક જનસંપર્ક, વૈશ્વિક શિક્ષણ, વૈશ્વિક આર્થિક પરિસ્થિતિથી અવગત હોવો જોઈએ. પોતાનાં નવીન વૈચારિક ક્રાંતિબીજ તેમજ નવીન ઉકેલને એક્સપ્લોર કરવા જાતે જ પ્લેટફોર્મ ઊભું કરી શકવા સક્ષમ, તેમજ દૂરદષ્ટિથી માનવહિતમાં વિચારી શકવા સક્ષમ હોવો જોઈએ.

''સ્વ'' કેન્દ્રપણાથી દૂર અને દેશ, સમાજ, સંસ્કૃતિ માટે ''સર્વ જન હિતાય'' વિચારધારા મુજબ વિચારતો અને વ્યવહાર કરતો હોવો જોઈએ.

વ્યવસાયલક્ષી શિક્ષણ માત્ર નહીં, જાતે વ્યવસાય ઊભો કરી શકે, રોજગારીની તકોનું નિર્માણ કરી શકે, તેવી ત્રેવડ અને આવડત ધરાવતો હોવો જોઈએ.

નૈતિકતા, પ્રામાણિકતા, સાચી અને સારી વૃત્તિના અભિગમ પર તેના જીવનની નીવ મજબૂતાઈથી જોડાયેલી હોવી જોઈએ.

દરેક બાળકને માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક કક્ષાએ આર્મી તરીકેની ટૂંકા ગાળાની તાલીમ ચોક્કસ આપવી જોઈએ. જેથી દેશ માટે જ્યારે લડવાનો વારો આવે, એવા કટોકટીના સમયે દરેક નાગરિક એક સેના બરાબર દેશની ઢાલ બનીને ઊભો રહી શકે.

યોગા, પ્રાણાયામ, મેડિટેશન ને શિક્ષણનો એક હિસ્સો બનાવી દેવો જોઈએ. જેથી ભવિષ્યમાં ડિપ્રેશન, stress, માનસિક તકલીફો, બ્રેક ડાઉન જેવી પરિસ્થિતિ આવ્યે બાળકો સશક્ત બનીને ટકી શકે.

તે સ્વયંશિસ્ત, સેલ્ફ મેનર્ડ , સેલ્ફ ઓર્ગેનાઇઝ્ડ પર્સનાલિટી ધરાવતો હોવો જોઈએ.

દેશમાં સ્વચ્છતા હોય કે ટ્રાફિક સેન્સ હોય કે અન્ય વ્યક્તિ સાથે વર્તનની સેન્સ હોય, તે વેલ બિહેવ્ડ હોવો જોઈએ. કારણ કે દેશનો દરેક નાગરિક દેશને દુનિયા સામે રિપ્રેઝન્ટ કરે છે અને સમગ્રપણે દેશના વિકાસનુ સાચું ઔદાર્ય તો જ જળવાશે જો દરેક નાગરિક પોતાનાં વાણી, વર્તન, વ્યવહારમાં ગુણવત્તા રાખશે. તે માટે માતા-પિતા, સમાજ, શિક્ષકોએ પણ સતત કાર્યરત અને સક્રિય રહેવું પડશે. તેમને પણ પોતાના જીવનમાં આ ગુણો સૌથી પહેલાં ઉતારવા પડશે. માબાપ જ ઘરમાં ઔચિત્યપૂર્ણ વર્તન વ્યવહાર ન કરતાં હોય અને શિક્ષકો પોતે કામચોરી કરતા હશે તો બાળકમાં મૂલ્યોની ખેતી માટેનું બીજ ક્યાંથી આવશે?

**વિકસિત ભારતના શિક્ષકો અને શિક્ષણવ્યવસ્થા કેવી હોઈ શકે?**

નવીન અધ્યાપન પદ્ધતિઓને વિવિધ વિષયો ભણાવવા માટે અમલમાં મૂકવી જોઈએ. જેથી માર્ક્સ અને પરીક્ષાલક્ષી કે ગોખણપટ્ટી આધારિત શિક્ષણ ન રહેતાં ગુણવત્તા આધારિત બાળકનો સમગ્રતાપૂર્વકના વિકાસ પર આધારિત હોય.

ઇ-શિક્ષણ એ કોઈ પણ દેશની નીવ છે. માટે તેને રાજનીતિથી પર રાખી, માત્ર બાળકોને દેશના હિતમાં જ વિચારી કેળવણીની નાવ શણગારવી જોઈએ. શિક્ષણ સાથે જોડાયેલા દરેક અધિકારી કે મંત્રી પણ શિક્ષણ જોડે નિસબત ધરાવતા ફિલ્ડમાંથી જ આવતાં હોવા જોઈએ. જેથી તે અન્ય વિભાગની સરખામણીમાં શિક્ષણ વિભાગ, તેની બાળકો સાથેની સંવેદનશીલતા, તેની ઈફેક્ટ, લાંબા ગાળાની અસરો, ફાયદા, ગેરફાયદા બાળકોના હિતમાં યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરી શકવાની ક્ષમતા, આવતા પડકારોની સાથે મોટા નિર્ણયો લઈ શકવાની દૃષ્ટિ હોય.

કેળવણીના ચોક્કસ ધ્યેય અને તેને અમલમાં મૂકવાની બ્લુ પ્રિન્ટ તૈયાર થવી જોઈએ. તેની જાણ શિક્ષકો સુધી હોવી જોઈએ. અને તે મુજબ જ શિક્ષણનું આખું માળખું ફોલો થાય તેવું હોવું જોઈએ. શિક્ષણ અને એને લગતી નાનામાં નાની બાબત આયોજન કે બ્લુ પ્રિન્ટ વગર ન જ હોવી જોઈએ. ફોર એક્ઝામ્પલ પેપર કાઢવા, વ્યાવસાયિક શિક્ષણ, મૂલ્યશિક્ષણ, શિક્ષક તાલીમ, તેનું ફોલોઅપ, નવીન ટૅક્નૉલોજીનું અમલીકરણ, nep 2020ના અમલીકરણની રૂપરેખા પરફેક્ટ, નાનામાં નાની બાબત આવરી લેતી બ્લુ પ્રિન્ટ પ્રથમ તૈયાર કરી તેને દરેકે દરેક શિક્ષક, પેરેન્ટ્સ સુધી પહોંચાડી તે મુજબ કોઈની એ દખલગીરી વગર અમલ કરવામાં આવે. નીતિની સાથે બાળકો માટે અપ્લાય કરવામાં આવે તો દેશનું શિક્ષણ ચોક્કસ તેની ગુણવત્તા જાળવી શકશે. ઘણીવાર એ બ્લુ પ્રિન્ટ, આયોજન એ શિક્ષણના બધાં ધ્યેયોને ફૂલફીલ કરી શકે એવું ઝિણવટભરી મહેનત કરીને તૈયાર કરવામાં ન આવ્યાં હોય અથવા તૈયાર કર્યા બાદ તેનાં અમલમાં ઘણી બધી ત્રુટીઓ રહી ગઈ હોય, બ્લુ પ્રિન્ટ બનાવ્યા પછી દરેક જગ્યાએ તેનો અમલ કર્યા વગર કામગીરી કરવામાં આવતી હોય તેનો કોઈ મતલબ નથી.

પ્રોત્સાહન એ બાળકો માટે કે સારું કામ કરતાં સાચા શિક્ષક માટે ઉદ્દીપકની ગરજ સારે છે. પણ એવોર્ડલક્ષી કામ કરવું, ફાઇલમાં સર્ટિફિકેટનો જથ્થો વધે તેને અનુલક્ષીને જ કામ કરવું, તે ક્યારેય ઉમદા શિક્ષકની વૃત્તિ ન જ હોઈ શકે. બાળેશ્વરોના હૃદયમાં સ્થાન પામવું અને એક જીવનમૂલ્ય આધારિત આવા નૈતિક વ્યવસાયમાં પોતાના ઉદાત્ત કામની આહુતિ આપવી, તે સૌથી મોટા ગર્વની ભાવના હોવી જોઈએ. અને એ જ સૌથી મોટો એવોર્ડ છે. આ જ્ઞાન યજ્ઞ છે. તેમાં શિક્ષકે પોતાનું ‘હું’ પણું, ‘મેં આટલું કર્યું’, ‘મને આટલું બધું આવડે છે’, ‘હું એવોર્ડની હકદાર છું’ જેવા ભાવને હોમવાના હોય છે. અને ઈશ્વરે બાળકોના જીવનનું ઘડતર કરવા, તેમનું ભવિષ્ય ઉજજવળ કરવા, આપણને જે નિમિત ગણ્યા છે, તે નૈમિત્તિક ભાવને સહર્ષ સ્વીકારી કેળવણીની ‘જવાબદારી’ ઉપાડવાની છે.

નવી ટૅક્નૉલોજી શીખવામાં કે બાળકો માટે સતત અપડેટ થવામાં રીજીડીટી ન જ હોવી જોઈએ. સ્થિર પાણી ક્યારેય દરિયા સુધી પહોંચી શકતું નથી. શિક્ષણનાં ધ્યેયો સિદ્ધ કરવાં હશે, તો માત્ર શિક્ષકે નહીં શિક્ષણ સાથે જોડાયેલા દરેક જણે સતત સક્રિય, મહેનતું અને બાળકો સાથે નિસબતથી કાર્ય કરતાં રહેવું પડશે.

**માતા-પિતા તરીકે આપણે બાળકનાં સમગ્રતાપૂર્વકના વિકાસ માટે શું કરી શકીએ?**

બાળકને બધું જ બેઠું આપી દેવાને બદલે નાની નાની જવાબદારી એને આપતા રહો. પોતાનું કામ જાતે કરવું, સ્વાશ્રયી બનવાની તેને પદ્ધતિસરની આદત પાડો. ‘સ્પૂન ફીડિંગ’ તેનો વિકાસ રૂંધે છે. તેને મહેનત કરતા, પ્રયત્ન કરીને નાની નાની મુશ્કેલીઓનો ઉપાય શોધી જાતે ઉગરતા શીખવા દો. ચોક્કસ ધ્યેય સુધી પહોંચવા મથવું એ પણ પોતાનામાં બહુ મોટી કેળવણી છે. તકલીફ પડે તો તેને સહેતા પણ શીખવા દો. એને જરૂર પડે સાચાં-ખોટાં

વચ્ચેનો ભેદ ચોક્કસ બતાવો. મોટિવેશન ચોક્કસ આપો, પણ તેનો સામનો તો જાતે જ કરવા દો. તમે તેની નાની નાની પ્રોબ્લેમ સોલ્વ કરીને ન આપી દો.

ટૅક્નૉલોજી સાથે ચોક્કસ જોડો, પણ પુસ્તકો સાથે મિત્રતા પણ ચોક્કસ કરાવો. જે તેને જીવનને અલગ અલગ દૃષ્ટિકોણથી, વિચારધારાથી જોતાં શીખવશે તેના વ્યક્તિત્વને મેઘધનુષી ગુણોથી સમૃદ્ધ બનાવશે. તેને વૈચારિક, ઇનોવેટિવ અને સમગ્રતાવાદી બનાવશે.

યોગ, પ્રાણાયામ, મેડિટેશન મા-બાપે પોતે પહેલાં પોતાના જીવનમાં, લાઈફ-સ્ટાઇલમાં ઉતારવાં પડશે. તમને બાળક નિયમિત યોગા પ્રાણાયામ કરતાં જોશે તો તે ચોક્કસથી કરવા પ્રેરાશે અને તે માનસિક, શારીરિક સ્વસ્થતા માટે ખૂબ જ જરૂરી છે.


કોઈ ને કોઈ સ્પોર્ટ સાથે બાળકને ચોક્કસથી જોડો. કોઈ પણ એક કળા સાથે બાળકને ચોક્કસથી જોડો. જેથી ભાવનાત્મક દૃષ્ટિએ તો મજબૂત બનશે અને દરેક માણસ જોડે સહજ રીતે જોડાતાં પણ તે શીખશે. સ્પોર્ટ્સથી તેનામાં ખેલદિલી, આત્મવિશ્વાસ, સંપની ભાવના, સહકારની ભાવના જેવા ઘણા બધા ગુણોનો વિકાસ થશે.

ન્યૂઝ પેપર રીડિંગની ટેવ પાડો. જેથી વૈશ્વિક બાબતોથી તે અવગત થાય. વિશ્વ સાથે, નવીન પ્રવાહો સાથે તે કનેક્ટ થાય.

બાળકોને ટકોર ચોક્કસ કરો, પણ સતત ટોકશો નહીં. ટોકવું અને ટકોર કરવામાં ફરક છે. તેનું સ્વાભિમાન જળવાય તેવું વર્તન ખાસ પબ્લિક પ્લેસ પર અવશ્ય કરો. બાળક ખૂબ જ સંવેદનશીલ હોય છે. બાળપણમાં તમે તેના આત્મસન્માનને પોષણ નહીં આપો તો, તે જડ અને આત્મશ્રદ્ધાવિહીન થઈ જશે. જે એક ઘરેડમાંથી ક્યારે બહાર જ નહીં આવી શકે.

તેને સર્વગુણસંપન્ન બનાવવાનાં મોહમાંથી બહાર આવી, તેની 'વ્યક્તિગત ખૂબીઓ'ની સરાહના કરો. તેને પોષો અને 'સ્વીકૃતિ' સાથે વહાલ, પ્રેમ, હુંફ તેને આપો.

બાળકને સંસ્કૃતિ, ઈશ્વર, સ્પીરીચુઅલ ઊર્જા સાથે જોડો. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, રામાયણ, મહાભારત જેવા ગ્રંથો સાથે જોડો. જે તેમને માનસિક મનોબળ, સાચા જીવનનો મર્મ પામવામાં, સાચું વ્યક્તિત્વ ઘડવામાં મદદ કરશે.



## વિકસિત ભારત@ 2047

# ગાંધી વિચારમાં આર્થિક વ્યવસ્થા તરીકે ખાદી



**ડૉ. રાજેશ ચૌહાણ**
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. : 9974791700

2047માં આઝાદી મળ્યાને 100 વર્ષ પૂર્ણ થશે. નરેન્દ્ર મોદી સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ સાથે સૌના વિચારોમાં યુવાનોને પ્રાધાન્ય આપી આગળ ચાલતી હોય તેમ દેખાઈ રહ્યું છે. એટલે 11/12/2023 ના રોજ 'વિકસિત ભારત 2047' અભિયાન લોંચ કર્યું. જેમાં યુવાનોની દૃષ્ટીએ @2047માં ભારત કેવું હોવું જોઈએ, તેમાં તેમની શું ભૂમિકા છે એ સંદર્ભમાં તા. 11/12/2023ના રોજ સમગ્ર દેશમાં દરેક રાજ્યના રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં રાજભવન ખાતેથી મા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યુવાનોને પોતાના વિચારો https://www.mygov.in/ પર પ્રસ્તુત કરવા આહ્‌વાન કર્યું છે.

ભારત પ્રાચીન સમયથી જ સમગ્ર વિશ્વમાં પોતાના જ્ઞાનનો પ્રસાર-પ્રચાર અલગ અલગ માધ્યમ દ્વારા કરતુ રહ્યું છે તેથી વિકસિત દેશોમાં તેની ગણના થતી હતી. પરંતુ આજે પરિસ્થિતિ વિપરિત છે. આ સ્થિતિ માટે કદાચ ભારતીય  અર્થવ્યવસ્થામાં ભારતીય સમાજ, ઈતિહાસ અને સંસ્કૃતિની જીવનપદ્ધતિ તેમજ અન્ય કારણો હોઈ શકે છે. પરિણામે એક સમયે સોને કી ચીડિયા કહેવાતું ભારત આજે વિકાસશીલ દેશોમાં સમાવિષ્ટ છે. આમ છતાં છેલ્લા દાયકમાં ભારત વિશ્વની પાંચમાં નંબરની ઈકોનોમી બની છે. આવનારાં 25 વર્ષમાં વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનવાનું લક્ષ્ય છે પરંતુ આ કેવી રીતે શક્ય બનશે? આ લક્ષ્ય પૂર્ણ કરવાની જવાબદારી એક માત્ર સરકારની છે? જવાબ ના છે. એ માટે સૌએ પ્રયત્ન કરવા પડશે. આ નિવારણના સમયે મને ગાંધીજીના આર્થિક વિચારોમાં ખાદીની વાત કરવાનું યોગ્ય જણાય છે. ગાંધીજીના સર્વાંગી વિકાસના (બધાના હિત માટે) વિચારો અમલમાં મૂકવા જેવા છે, જેનો પરિચય અહીં એક માત્ર ખાદી ઉદ્યોગને ઉદાહરણ રૂપે લઈએ.

ગાંધીજીના નામનો 1920 થી 1948 સુધી એવો પ્રભાવ હતો કે ભારતમાં તે સમયને ગાંધીયુગ કહેવામાં આવે છે. તેમના રાજકીય, આર્થિક અને સામાજિક વિચારોને ગાંધીવાદ કહેવામાં આવે છે. ગાંધીજી પશ્ચિમના અર્થશાસ્ત્રીઓની જેમ અર્થવૈજ્ઞાનિક કે રાજકીય ફિલોસોફર નહોતા. આથી તેમના વિચારોને કોઈ ''વાદનું'' નામ આપવા કરતાં ''ગાંધીનીતિ'' ગાંધીજીના આર્થિક વિચારો, ગાંધીવાદી આર્થિક દૃષ્ટિકોણ એમ જુદા-જુદા નામે ઓળખવામાં આવે છે.

**ખાદીનું અર્થતંત્ર :**

ઈંગ્લેન્ડના પ્રખ્યાત અર્થશાસ્ત્રી એડમ સ્મિથે તેના પ્રસિદ્ધ ગ્રંથ 'વેલ્સ ઓફ નેશન્સમાં' એક વાત કહી છે. ત્યાં અર્થશાસ્ત્રના કેટલાક નિયમોને એણે વ્યાપક અને અટલ કહ્યા છે. પછી કેટલીક વસ્તુઓ જે આ નિયમોમાં વિઘ્નકર્તા હોય છે તે વર્ણવી છે.

મનુષ્ય સ્વભાવમાં રહેલી પરમાર્થની ભાવના એ તો ખાદીના અર્થશાસ્ત્રનો પાયો છે. નિયમ તો એ છે કે બની શકે ત્યાં સુધી ખાદીનો જ ઉપયોગ કરવો. આથી ગરીબ લોકોને કપડું મળી શકશે અને કપડામાં વપરાતા પૈસાનો વધારે સારો ઉપયોગ થશે. કેમ કે પૈસો બેચાર જણાને મળવાને બદલે હજારોમાં વહેંચાશે.

અર્થશાસ્ત્રનો સરળ નિયમ છે તેનો ભંગ થાય છે ત્યાં ભૂખમરો જ હોઈ શકે. રેટિયાના અર્થશાસ્ત્ર વિષેની તેમની શ્રદ્ધા જીવનની અંતિમ ઘડી સુધી જરાયે ઘટી ન હતી.

(યશવંત દોશી, ગ્રંથ ગાંધી વિશેષાંક)

**ખાદી અને સ્વદેશી :**

દેશની અધોગતિનું મુખ્ય કારણ મને તો જણાય છે કે, આપણે સ્વદેશી ખોઈ બેઠા છીએ તે છે અને તેમ જો વિચાર કરશો તો તે જણાશે કે એક પણ દેશ એવો નહીં હોય કે જે ઉન્નતિ સ્વદેશીનો ત્યાગ કરવાથી થઈ હોય. શુદ્ધમાં શુદ્ધ સ્વદેશી વ્રત એ છે કે આપણી સ્ત્રીઓ, બહેનો અને બાળકો કાંતેલા સૂતરમાંથી બનાવેલું કાપડ પહેરવું. સ્વદેશી કાપડનો પૂરતો જથ્થો ઉત્પન્ન કર્યા સિવાય આપણો ઉદ્ધાર અસંભવિત છે. એટલા માટે હું આશા રાખું છું કે જેમની પાસે ધન છે અને જેમની પાસે આ ધંધાની આવડત છે તેઓ પોતાનું ધન અને પોતાની આવડત દેશની સેવામાં અર્પણ કરશે.

આર્થિક ક્ષેત્રમાં સ્વદેશીના સિદ્ધાંતનો અર્થ એ છે કે માણસે પોતાની નજીકના કારીગરની સેવાનો ઉપયોગ કરવો જોઈએ અને તે જો બિનઆવડતવાળો હોય તો વધારે આવડતવાળો અને સોંઘો કારીગર બહારથી લાવીને પેલા ગરીબ બિચારાને ભૂખ ભરવા દેવા કરતા તેને આવડત મેળવવામાં મદદ કરવી જોઈએ.

આ રીતે સ્વદેશી સર્વોદયના આદર્શોને સૌના ભલાના આદર્શનો, સૌના ઉત્કર્ષ આદર્શનો પાયો છે. (પ્યારેલાલ ''પૂર્ણાહુતિ'' ભાગ-2) ગાંધીજીના શબ્દોમાં સોસાયટીના (સમાજના) ઉદ્યોગ માટેનો ખાદીએ જરૂરી એ સૌથી મહત્ત્વનો સ્વદેશી સિદ્ધાંતનો ઉપસિદ્ધાંત મને મળી આવ્યો છે. 'કેવા પ્રકારની સેવા' મેં મારી જાતને પૂછ્યું, 'ભારતના લાખો ઉભરાતાઓની હાલના સમયની જરૂરિયાત કે જે સહેલાઈથી સમજી શકાય છે અને બધા દ્વારા વખાણાય છે કે તે સહેલાઈથી અમલમાં મૂકી શકાય છે અને તે જ સમયે આપણા અર્ધ-ભૂખ્યા (ભૂખે મરતા) માણસોને જીવવા માટે સમર્થ કરે છે! અને પ્રત્યુત્તર મળ્યો છે. ખાદીનું વૈશ્વિકીકરણ કે રેંટિયો એક જ આ સ્થિતિ પરિપૂર્ણ કરી શકે છે. દેશના અર્થતંત્રને પુનઃજીવિત કરવાના આશયથી અને સ્વદેશી કાપડ અપનાવી, કાપડનો પૂરતો જથ્થો ઉત્પન્ન કરી લોકોને સ્વદેશી વસ્તુઓ વગર દેશ વિકાસ સાધી શકે નહીં, તેવો વિચાર તેમને ખાદીની પ્રવૃત્તિ થકી આપ્યો છે.

**ખાદી અને રોજગારી :**

હિન્દુસ્તાનના કરોડોની ભૂખ ભાંગનારી રેટિયા સિવાય બીજી કોઈ પણ શક્તિ નથી. પરદેશી કાપડનો બહિષ્કારની જરૂર અંગ્રેજોને શિક્ષા કરવા માટે નથી પણ ભૂખે મરતા કરોડોને રેંટિયા દ્વારા કામ આપવા અને તે દ્વારા અન્ન આપવા માટે છે. (ગાંધીજી ખાદી શા માટે ! આવૃત્તિ પહેલી પા-85) 'અમૃતલાલ ઠક્કરે (સર્વન્ટ ઓફ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયેલી) ઉપયોગી નોંધમાં લખે છે કે ખેડૂત સ્ત્રીઓએ રેટિયાને અપનાવી લીધો છે. આ સ્ત્રીઓ કંટાળે એવો સંભવ નથી, કેમ કે એ એમની આજીવિકાનું સાધન છે.'

**રાષ્ટ્રીય વ્યવસાય તરીકે ખાદી :**

ખાદી એ રાષ્ટ્રીય વ્યવસાય હતો. આર્થિક દબાણ અને આજનાં યંત્રોએ હાથકાંતણ અને હાથવણાટના ઉદ્યોગનો નાશ કર્યો છે એ કહેવું સાચું નથી. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ અસાધારણ અને અનીતિમાન સાધનનો ઉપયોગ કર્યો તેથી આ મહાન ઉદ્યોગ નાશ પામ્યો અથવા નાશ પામવાની હદે પહોંચ્યો. આ વ્યવસાયને સજીવન કરી તો દેશમાંથી દર વર્ષે બહાર ઘસડાઈ જતા સાંઠ કરોડ રૂપિયા બચાવી શકાશે અને આ રીતે લાખો ગરીબ બહેનોને તેમના પોતાનાં જ ઝૂંપડામાં વહેંચી આપી શકાશે.

**ખાદી દ્વારા સ્વાવલંબન :**

કોઈ પણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર જીવન-જરૂરિયાતની વસ્તુઓમાં સ્વાવલંબી ન બને ત્યાં સુધી સ્વાતંત્ર્ય મેળવવું અને કદાચ મળે તો તેને ટકાવી રાખવું તેને માટે મુશ્કેલ બને. હિંદના કરોડો લોકોના રૂંધાયેલા માનસને આ રીતે સજીવ કરતા એ જ ગાંધીજીના આદર્શ સ્વરાજ્યનો પાયો છે. પરવશ બનેલી, આ દેશની પ્રજા માટે કહે છેઃ ''પુરુષાર્થહીનતાનું એવું ખરાબ વાતાવરણ આપણી આજુબાજુ આપણે ઊભું કર્યું છે જેને કારણે સાદામાં સાદી વસ્તુઓ માટે આપણે આપણી જાતને લાચાર ગણીએ છીએ. આ પુરુષાર્થહીન નામે, નિષ્ક્રિયતાને ગાંધીજી ગરીબી કરતાં પણ ભયંકર ગણે છે.'' એટલે વ્યક્તિગત અને રાષ્ટ્રીયક્ષેત્રે પ્રજાને સ્વાવલંબી બનાવવા માટે સ્વરાજ્યની લડતમાં ખાદી એક વ્યવહારુ, સરળ અને અનિવાર્ય કાર્યક્રમ બન્યો.

# બાળઉછેરની પરંપરા અને આધુનિક બાળઉછેર



**ભરત મેસિયા**
વ્યાખ્યાતા, જિલ્લા શિક્ષણ અને
તાલીમ ભવન, જૂનાગઢ
મો. 9427423525

**ભૂમિકાઃ**

બાળક માટે સ્વાભાવિક પરિસ્થિતિમાં સહજ રીતે ઉછેર પ્રક્રિયા માટે દરેક માતા માટે પિતાની પોતાની એક આગવી સમજ છે. સાથોસાથ મૂંઝવણ પણ ખરી! કાળક્રમે બાળકના ઉછેર માટેની વિભાવનાઓ બદલાય રહી છે. બદલાતું સમાજજીવન, શહેરીકરણ તેમજ વર્ચ્યુઅલ વર્લ્ડના વધતા વર્ચસ્વ સામે માતાપિતા માટે બાળઉછેર પ્રક્રિયા સહજ રહી નથી. અહીં આપણે બાળઉછેરની પરંપરા ગઈકાલ અને આધુનિક બાળઉછેર બાબતે આજના સંદર્ભે તુલનાત્મક ચિંતન કરીશું.

**બાળઉછેર ગઈકાલ :**

70 - 80ના દશકામાં જન્મ પામનારા બાળકોનું બાળપણ બાળઉછેર અને બાળકેળવણીની એક સ્વાભાવિક વિભાવના રહી છે. તત્કાલીન સમયમાં સંયુક્ત કુટુંબમાં ઉછેર થવો તે બાળકો માટે એક મોટો સ્વાભાવિક લાભ હતો. તે સમયમાં સંપત્તિ અને સંતતિ બાબત અસમાનતા હતી. સંયુક્ત કુટુંબ હોય, દરેક માતાપિતાના સંતાનોમાં ચાર ભાઈ છ બહેનો.....! એ રીતે સંતતિનું પ્રમાણ વધુ હતું. વળી, નાના ભાઈના સંતાનોની સંખ્યા પણ જુદી હો! આ પરિસ્થિતિમાં સંપત્તિ ઘણી ઓછી હતી. સામાન્ય ધંધો રોજગાર ખેતમજૂરી વગેરે ગ્રામ પરિવેશના પરિપ્રેક્ષ્યમાં વ્યવસાય હતા આમ છતાં, સહજ રીતે બાળકઉછેર થયો તેનું મુખ્ય કારણ પણ આ સંતતિ-સંપત્તિનું અનિયમન જ હતું. દા.ત. ભાઈભાંડુ વચ્ચે ઝઘડો થાય, તોફાન થાય ત્યારે હંમેશાં મોટા સંતાનોને જ માર પડે, શિક્ષા કરવામાં આવે. પરિણામે નાનાભાઈ ભાંડુ તુરંત જ સમજણ કેળવી લે છે કે શું કરાય, શું ન કરાય! Don't do'sની સંકલ્પના ત્યારે જ તેને સમજાય છે સમૂહ જીવનનો આચાર પણ તે સંયુક્ત કુટુંબમાં રહી સમજી શકે છે. વડીલો સામાજિક વ્યવહાર આર્થિક ઉપાજન માટેનો પ્રયત્ન માતા-પિતાનો વડીલો સાથેનો આદર, પરિશ્રમ, ઘરનું આધ્યાત્મિક વાતાવરણ વગેરે પરિસ્થતિજન્ય પરિબળો બાળઉછેર માટે ઔષધરૂપ બની રહે છે. ટાંચા સાધનો, અપૂરની ભૌતિક સગવડો, વિકલ્પ વિનાનું ભોજન (થાળીમાં જે આવે તે, જે ભાવે જ) આ પરિસ્થિતિ વચ્ચે બાળકો અભાવમાં પણ પ્રભાવ સ્થાયી, સાથે ધરાવતા સભ્યો સાથે સમસંવેદનાઓ અનુભવે છે. તે સમયે જન્મથી પાંચ વર્ષ દરમિયાન જ તેનું શબ્દભંડોળ, સંદેશાવહન આચારસંહિતા સહિત ઘણા બધા જીવનકૌશલ્ય હસ્તગત થતા અને તે દ્વારા તેનું વ્યક્તિત્વઘડતર થતું. ઘર, શાળા અને સમાજ સાથેનું સાયુજ્ય બાળકને એક સર્વાંગી વિકસિત થવા માટેની તક મળતી.

આમ, આ દાયકામાં બાળઉછેર માટે માતા-પિતા દ્વારા કોઈ ઔપચારિક પ્રયત્નોની આવશ્યકતા ન હતી અને એ માટે જ આ પેઢીમાં અભિવ્યક્તિ, આત્મવિશ્વાસ ભારોભાર ભરેલા હતા.

**બાળઉછેરની આજ :**

વર્તમાન સમયમાં ઝડપથી થતા શહેરીકરણ વચ્ચે વ્યાવસાયિક તકોના સંદર્ભે આર્થિક ઉપાર્જન માટે સંયુક્ત કુટુંબ તૂટતાં જાય છે. વળી, સંતતિ અને સંપત્તિ વચ્ચેનું નિયમન ખોરવાઈ ગયું છે. વિભક્ત કુટુંબમાં પતિ-પત્નિ બંને વ્યવસાય-ધંધો રોજગાર માટે વ્યસ્ત હોય, સંતતિમાં એક જ સંતાન હોય, બાળકને પ્રેમ આપવો, સમય આપવો સાથ આપવો મુશ્કેલ બને છે. વળી, માતા-પિતાનો પોતાનો ઉછેર વિપરીત કઠિન કસોટીકર પરિસ્થિતિમાં થયો હોય ત્યારે પોતાનાં સંતાનોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તેને પૂરતી ભૌતિક

સુવિધાઓ આપવા માટે તત્પર બને છે. રમકડાંથી માંડી મોબાઇલ, સ્કુટી, બાઈક સહિતની સુવિધાઓ આપે છે. બાળઉછેર માટે તેઓને સમય ન હોય, જુદી જુદી હોબી, ટ્યુશન ક્લાસીસ, ડે સ્કૂલ, વેકેશન વર્કશોપ સહિતના ક્ષેત્રોમાં બાળકોને જોડે છે. શિક્ષણના સંદર્ભમાં પણ વધુ પડતી જાગૃતતા તેમજ મસ્તિષ્કના શિક્ષણ પાછળની દોટ પોતાના જ બાળકોમાં ચીડિયાપણું, હતાશા, આક્રમકતા નોતરે છે. વધુ પડતી સંભાળ બાળકોને સ્વનિર્ણય, અભિવ્યક્તિ, આત્મવિશ્વાસથી દૂર કરે છે. આજના બાળકોના યોગ્ય ઉછેર માટે માતા-પિતા જાગૃત છે. પરેન્ટીંગ સેમિનારમાં પણ જોડાય છે. એક હળવી વાત કે ''એક બાળક'' પોતાના ઘરે એક પુસ્તક વાંચતો હતો ત્યારે તેના માતાપિતાએ કહ્યું કે તારે નથી વાંચવાનું! તારા ખપનું નથી. પણ હા એ પુસ્તકનું નામ હતું ''તમારા બાળકનો ઉછેર કેવી રીતે કરશો!'' મારે જાણવું છે કે તમે બંને મને કઈ રીતે ઉછેરો છો! આમ, ઉછેરનો સૈદ્ધાંતિક રીતના બદલે સહજ પરિસ્થિતિ કેવી રીતે આપવી તે માતાપિતાની મૂંઝવણ છે.

વર્તમાન સમયમાં આ બાળકોની જીવનશૈલી ફાસ્ટફૂડ, જંકફૂડ, મોબાઇલનો વધુ ઉપયોગ, તણાવયુક્ત સ્પર્ધાત્મક પરિસ્થિતિમાં શિક્ષણ, સમોવડિયા જૂથની છે. શેરી રમતોનો અભાવ આવી ઘણી પરિસ્થિતિ માટે માતા-પિતા જાગૃત અને તત્પર હોવા છતાં શું કરવું તેની મૂંઝવણ અનુભવે છે.

**બાળઉછેરની ગઈકાલ અને આજનો સંગમ :**

ગઈકાલ અને આજના સંગમ સાથે બાળઉછેર માટેની કેટલીક ચાવીઓ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

ગર્ભવસ્થાનું શિક્ષણ જન્મપૂર્વે માતાનો આહાર, વિહાર, વિચાર બાળકના મન મસ્તિષ્ક પર ખૂબ જ અસર પહોંચાડે છે. માટે આ સમયમાં પૌષ્ટિક આહાર, સારા પુસ્તકોનું વાંચન વગેરે મહત્ત્વપૂર્ણ છે.

પ્રથમ પાંચ વર્ષ ખૂબ અગત્યનાં છે. માતા-પિતાનું આ વર્ષે દરમિયાન બાળકને પ્રેમદાન સમયદાન વલણ વ્યવહાર બાળકના મન પર અમીટ છાપ છોડે છે.

**અનુકરણ દ્વારા શિક્ષણ :**

ઘરમાં, કુટુંબમાં બાળક જે જુએ છે, સાંભળે છે, જે પરિસ્થિતિ વચ્ચે ઉછેર પામે છે તેમાંથી તે ઘણું બધું શીખે છે. માટે માતાપિતાએ આદર્શ વ્યવહાર પૂરો પાડવો જોઈએ દા.ત. સંતાનની ઉપસ્થિતિમાં ઝઘડો ન કરવો જોઈએ. મોબાઇલનો વિવેકપૂર્ણ ઉપયોગ, વેબ સિરીઝ ન જોવી વગેરે. કારણ કે માતા-પિતાએ બાળકનો આદર્શ છે. જેવું તેઓ કરશે તેવું કરવા તે પ્રેરાશે. માતા-પિતાની વર્તનશૈલી, જીવનશૈલી બાળઉછેર માટે અસરકર્તા છે.

**એક્સપોઝર વિઝીટ :**

દાદા-દાદીના ઘરે જવું, ગામડાની વાડીએ જવું અથવા ફાર્મ હાઉસ, ટ્રેકિંગ, ધાર્મિક યાત્રા વગેરે બાબતો થકી ભીંત વીનાના ભણતરનો પાઠ શીખવવો, સાથે કરેલો પ્રવાસ, સાથે બેસીને ફિલ્મ જોવી અને રમતો રમવી વગેરે બાબતો બાળકો સાથેનું બોન્ડિંગ વધારશે.

વિવેક શીખો અને શીખવો. ઘરમાં કોઈ વડીલો આવે તો વંદન, માતા-પિતાએ વડીલ વંદના કરવી. તેની મોબાઇલ હિસ્ટ્રી પણ ચેક કરતા રહો. માતા-પિતાએ બાળકના સીસીટીવી કેમેરા બનવું જોઈએ. સ્વાયતતા આપો, નિયમન પણ રાખો. બાળકના માલિક ન બનો પરંતુ બાળકના મિત્રો બનો. બાળવાર્તા થકી બાળઉછેર. બુક ટોક થકી બાળઉછેર

**સારાંશઃ**

જન્મથી શિશુવસ્થાનો સમયગાળો બાળઉછેર માટેનો સુવર્ણ સમય છે. પ્રથમ પાંચ વર્ષનો માતા-પિતાનો પ્રેમપૂર્ણ પુરુષાર્થ, ગુણવત્તાયુક્ત સમયદાન સાથેનું વાતાવરણ બાળકના સર્વાંગી વિકાસનો પ્રાણવાયુ છે. માતાપિતાની પોતાની માનસિક સ્વસ્થતા અને સાંવેગિક સ્થિરતા માટે બાળઉછેર માટે આવશ્યક છે. જેટલા સહજ બનીશું જેટલું કુદરતી વાતાવરણ આપીશું તેટલો બાળઉછેરનો માર્ગ પ્રશસ્ત થશે. બાળકો સાથે કેટલું CARING કેટલું SHARING કરવું છે સમજાવશો તો બાળકનું DARING વધશે અને એક સુસંસ્કૃત ભારતીયતાપૂર્ણ બાળક ભારતનું ભાવિ બનશે.

# પ્લાસ્ટિક મુક્તિથી રાષ્ટ્રભક્તિઃ વિકસિત ભારત@2047



**ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ**
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. 97259 33461

**પ્રસ્તાવના :**

વર્તમાન યુગ ' પ્લાસ્ટિક યુગ' છે. આવું કહેવું ન તો ગેરવાજબી છે કે ન તો અતિશયોક્તિપૂર્ણ. પ્લાસ્ટિક આપણી દિનચર્યાનો આવશ્યક ભાગ બની ગયો છે. વિડંબણા એ છે કે આ પ્લાસ્ટિક આપણી નસોમાં ઘૂસીને આપણને અંદરથી પોલા અને ખૂબ જ ખોખલાં બનાવી દે છે. પ્લાસ્ટિકને વીસમી સદીની શોધ કહી શકાય. 1907માં પ્રથમ વખત સિન્થેટિક પોલિમરમાંથી સસ્તું પ્લાસ્ટિક બનાવવામાં આવ્યું હતું. માત્ર 113 વર્ષમાં તે પૃથ્વી પર ઝેરની જેમ ફેલાઇ ગયું છે. વૈજ્ઞાનિકોને ચિંતા છે કે તેણે આપણા શરીરને મોટા પાયે અસર કરવાનું શરૂ કરી દીધું છે. હાલમાં પ્લાસ્ટિક એ પર્યાવરણ માટે સૌથી મોટો પડકાર છે. આપણે પ્લાસ્ટિક પર સંપૂર્ણપણે નિર્ભર બની ગયા છીએ.

**પ્લસ્ટિક વૈશ્વિક સમસ્યા :**

પ્લાસ્ટિક વેસ્ટનો મુદ્દો પર્યાવરણ માટે વિશ્વ સમક્ષ એક ગંભીર પડકાર તરીકે ઊભરી આવ્યો છે. કાલે ઉત્પાદિત પ્લાસ્ટિક (લગભગ એક હજાર કરોડ ટન)માંથી લગભગ 800 કરોડ ટન પ્લાસ્ટિક કચરા સ્વરૂપે જમીનમાં સમાઈ ગયું છે. પ્લાસ્ટિકના કુલ કચરામાંથી 79% પ્રદૂષણ અને કચરા સ્વરૂપે પૃથ્વી પર ફેલાય છે. તેમાંથી માત્ર 9.4% પ્લાસ્ટિક કચરો પુનઃ ઉપયોગ દ્વારા અને 12% બાળીને નાશ પામે છે. પ્લાસ્ટિક કચરાનો પુનઃઉપયોગ કે નિકાલ એ એક મોટી સમસ્યા છે. વાસ્તવમાં પ્લાસ્ટિક કુદરતી રીતે ડિગ્રેડેબલ નથી. પુનઃઉપયોગિતાની પર્યાપ્ત વ્યવસ્થાના અભાવે તમામ જગ્યાએ પ્લાસ્ટિકના ઢગલા જમા થઈ રહ્યા છે. હવે નદીઓ, સમુદ્ર, જમીન, વગેરે પ્લાસ્ટિક દરેક વસ્તુને અસર કરવા લાગ્યું છે. એવી આશંકા છે કે જો આ સ્થિતિ ચાલુ રહી તો વર્ષ 2050 સુધીમાં સમુદ્રમાં માછલીઓ કરતાં વધુ પ્લાસ્ટિક હશે. પૃથ્વી અને સમુદ્રમાં ફેલાતો આ કચરો વિવિધ સજીવો અને તેમના જીવન માટે આ એક મોટો ખતરો બની ગયો છે. અંદાજે પ્લાસ્ટિકના પ્રદૂષણને કારણે દર વર્ષે એક લાખ જળચર જીવો અને લાખો ગાયો મૃત્યુ પામે છે. પ્લાસ્ટિક કચરાના મુદ્દાની ગંભીરતા અને તીવ્રતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે વિશ્વ સમુદાયને વર્ષ 2018ના 'વિશ્વ પૃથ્વી દિવસ' પર પ્લાસ્ટિક પ્રદૂષણની સમાપ્તિ કરવાની થીમ આપવાની ફરજ પડી હતી.

**પ્લાસ્ટિક ઉપયોગની આડઅસરો :**

સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન અનુસાર પ્લાસ્ટિક પાણીમાં વિખેરાઈને નાના ટુકડાઓમાં ફેલાઇ જાય છે. જે જોઇ શકતા નથી તે જળચર પ્રાણીઓ ખાઇ રહ્યાં છે. સિ-ફૂડ પર નિર્ભર વસ્તીનો મોટો હિસ્સો આડકતરી રીતે આ પ્લાસ્ટિક ને ખાઈ રહ્યો છે. પ્લાસ્ટિકના કણો માત્ર સી-ફૂડમાં જ નહીં પરંતુ દરિયાના પાણીમાંથી મળતાં મીઠામાં પણ ભળે છે. અત્યાર સુધી કરવામાં આવેલા અભ્યાસ મુજબ જીવોના શરીરમાં પહોચ્યાં પછી પ્લાસ્ટિક લોહીનો ભાગ બની જાય છે અને ફરી ક્યારેય બહાર આવતું નથી. જયારે પ્લાસ્ટિકના તત્ત્વો શરીરમાં પહોંચે છે ત્યારે પ્રજનન ક્ષમતા અને વિચારવાની ક્ષમતા પર પણ ખરાબ અસર પડે છે. સ્થૂળતા, ડાયાબિટીસ, કેન્સરની સારવારની બિનઅસરકારકતા પણ તેની આડઅસર છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લેન્ડફિલ વિસ્તારમાં 10 ચોરસ કિ.મીના વિસ્તારમાં ભૂમિજળ પ્રદૂષિત થાય છે આ વિસ્તારના લોકો નળમાં આવતાં પાણીની સાથે પ્લાસ્ટિકના નાના-નાના કણો પી રહ્યા છે. જેના કારણે

તેમના સ્વાસ્થ્ય પર લાંબા ગાળાની અસર જોવા મળે છે.

પ્લાસ્ટિકનો કચરો જમીનનાં pH ને અસર કરે છે. એવું જોવામાં આવ્યું છે કે જો ખાણકામ વિસ્તારની આસપાસ લેન્ડફિલ હોય તો જમીનની અંદરની સપાટી પર એસિડની અસર થતી રહે છે. આને લીચ કહેવામાં આવે છે. પ્લાસ્ટિક કચરાના કારણે જમીનની ફળદ્રુપતા ઘટવા લાગે છે. જમીનના ફોસ્ફરસ અને પોટેશિયમ તત્ત્વોનો નાશ થવા લાગે છે.

**સમસ્યા-નિવારણ :**

પ્લાસ્ટિક કચરો એ એક ગંભીર અને પડકારરૂપ સમસ્યા છે. પરંતુ તેની સાથે સમસ્યા-નિવારણ માટેના પ્રયાસો ચાલુ છે. પ્રયત્નોના એ જ ક્રમમાં આપણે પર્યાવરણ સંરક્ષણ પ્રવૃતિ હેઠળ પ્લાસ્ટિકના કચરાનો સામનો કરવા માટે વ્યવહારુ પદ્ધતિ અપનાવવાનું નક્કી કર્યું. જેથી સમાજના લોકો પોતાના સ્તરે પર્યાવરણના રક્ષણના કાર્યમાં જોડાય. કારણ કે સમસ્યા ગમે તેટલી ભયાનક હોય પરંતુ જાણકાર સમાજની ભાગીદારીથી તેનો ઉકેલ લાવી શકાય છે. દેશના ખૂણેખૂણેથી હજારો લોકો આ અભિયાનમાં જોડાયા છે. આ સંખ્યા ધીમે ધીમે વધવાની ધારણા છે. આ ઝુંબેશનો હેતુ એ છે કે પ્લસ્ટિકના કચરાને નિયંત્રિત કરવા માટે આપણે પ્લાસ્ટિકનો કચરો ઘરની બહાર ન આવવા દેવો જોઈએ. ઘરમાં વપરાતા પ્લાસ્ટિકના નાના-નાના ટુકડા પણ કચરામાં ન ફેંકવો જોઈએ. તેને એક કન્ટેનર અથવા મોટી બેગમાં અલગથી એકત્રિત કરવું. એકવાર તે એકત્રિત થઈ જાય પછી અલગ નિકાલના પગલાં લઈ શકાય. પ્લાસ્ટિના કચરામાંથી છુટકારો મેળવવા તેને ઉપયોગી બનાવીને જ શક્ય છે. મદુરાઇના પ્રોફેસર રાજગોપાલ વાસુદેવને રસ્તાના નિર્માણમાં તેની ઉપયોગિતા શોધી કાઢી. વર્ષ 2016માં રાર્ષ્ટ્રીય ગ્રામીણ માર્ગ વિકાસ વિભાગે સાડા સાત હજાર કિ.મી લાંબા રસ્તાઓના નિર્માણમાં આ ટેક્નિકનો ઉપયોગ કરવા સૂચના આપી. અત્યાર સુધીમાં દેશના અગિયાર રાજયોમાં લાખો કિલોમીટરનો વિસ્તાર કવર કરવામાં આવ્યો છે. આ ટેક્નિકથી લાંબા રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. આનાથી પ્લાસ્ટિકના કચરાનો સારો ઉપયોગ થાય છે અને રસ્તાઓ પણ મજબૂત બને છે. એકત્ર કરાયેલા પ્લાસ્ટિકનો પુનઃઉપયોગ કરવાની વ્યવસ્થાને ઝડપી બનાવવામાં આવશે. એક ઉપાય એ પણ હોઈ શકે છે કે સરકાર પૈસાના બદલામાં એકત્રિત કરેલી પ્લાસ્ટિકની વસ્તુઓ ખરીદે જેથી કરીને તેને ફરીથી વાપરી શકાય.

**સમાપન :**

કોઈ શંકા નથી કે સંકલ્પ સાથે કરેલા માનવપ્રયત્નો ચોક્કસપણે ફળ આપે છે. તમારે ફક્ત એક શરૂઆતની જરૂર છે. પ્લાસ્ટિકના ઢગલા પર વિજય મેળવી શકાય છે. આપણે સૌએ આત્મનિરીક્ષણ કરવું જોઈએ. આપણે સમસ્યાનો ભાગ બનવા માંગતા નથી. આપણે ઉકેલનો ભાગ બનવું જોઇએ. પર્યાવરણની સુરક્ષા એ આપણા બધાની પ્રાથમિકતા હોવી જોઇએ. આવો, આપણે સૌ પર્યાવરણના રક્ષણ માટે સંગઠિત અને સતત પ્રયત્નો કરીએ. સમાજના કેટલાક જાગૃત નાગરિકો પોતપોતાના સ્તરે પર્યાવરણની જળવણીના કાર્યમાં લાગેલા છે. આપણે પણ પ્લાસ્ટિકમુકત સ્વચ્છ શહેર, સ્વચ્છ ગામ, સ્વચ્છ સમાજની ઇચ્છા સાથે આ નાનું પગલું ઉઠાવવું જોઈએ.

अगर भारत को विकसित बनना है तो
प्रत्येक भारतीय को अंतरात्मा की आवाज़ को सुनना चाहिए और
उसके अनुसार काम करना चाहिए। अगर हम भारतीय आत्मा पर
निर्भर हो जाये तो भारत विकसित बन जायेगा।

– **प्रो. राजेन्द्र प्रताप गुप्ता**

# બાળકોના માનવ અધિકારો દ્વારા વિકસિત ભારતનું નિર્માણ



**ડૉ ચેતના બજુડ**
સ્કૂલ ઓફ લો
ગુજરાત યુનિવર્સિટી
મો. 9737763997

**પ્રાસ્તાવિક :**

વિશ્વની કુલ વસ્તીના આશરે 14 % બાળકો ભારતમાં વસે છે. 1991ની વસ્તીગણતરી મુજબ ભારતની કુલ વસ્તીના 42% 15 વર્ષથી ઓછી વયનાં બાળકો છે અને તેમાંનાં 78% બાળકો ગ્રામીણ વિસ્તારમાં તથા 22% બાળકો શહેરી વિસ્તારમાં વસે છે.

આ સમસ્યા સંયુક્ત પરિવાર પદ્ધતિનું વિચ્છેદન, પરંપરાગત માન્યતાઓ, સામાજિક નિયંત્રણો, વ્યવહારની આંટીઘૂંટી વગેરે પરિબળોને લીધે ઉદ્ભવે છે.

જાણીએ કે દુનિયામાં બાળકોની શું હાલત છે અને તેઓ કયા પડકારોનો સામનો કરી રહ્યાં છે. વિશ્વ બાળદિવસ ઘણા કારણોસર આંતરરાષ્ટ્રીય સ્તરે બાળકો માટે ખાસ છે, વિશ્વ બાળદિવસ 1954 થી ઉજવવામાં આવે છે જેનો ઉદેશ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે, વિશ્વભરનાં બાળકોમાં એકતા લાવવા અને બાળકલ્યાણ માં સુધારો કરવા માટે 20 નવેમ્બેરના રોજ વિશ્વ બાળદિવસ ઉજવવામાં આવે છે. 1990 થી વિશ્વ બાળદિવસ એ બાળકોના અધિકારોની વર્ષગાઠનું પ્રતીક છે.આ તારીખે યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ બાળકોના અધિકારો પર ઘોષણા અને સંમેલન અપનાવ્યું હતું. આ દિવસ આપણને બાળકોના અધિકારોનું રક્ષણ કરવા, તેમના અધિકારોની હિમાયત કરવા, સંકલ્પો લેવા અને બાળકો માટે વધુ સારી દુનિયા બનાવવા માટે ચોક્કસ યોજના પર કામ કરવા માટે પ્રેરણા આપે છે. વળી વિશ્વ બાળદિવસ 2023ની થીમ "દરેક બાળક માટે દરેક અધિકાર" તરીકે નક્કી કરાયેલ હતી.

સમગ્ર વિશ્વમાં બાળકો માટેની સમસ્યા મહત્ત્વપૂર્ણ છે. આવો આપણે આ અવસરને જાણીએ કે દુનિયામાં બાળકોની શું હાલત છે અને તેઓ કયા પડકારોનો સામનો કરવા માટે માનવ અધિકારના સંદર્ભે બાળકોના અધિકાર શું છે.

**બાળકોના અધિકારો અને ભારતીય બંધારણ :**

ભારતીય બંધારણના વિભાગ ત્રણમાં મૂળભૂત અધિકાર તરીકે સ્થાન પામેલા અધિકારોમાં મુખ્યત્વે :

(1) કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ (આર્ટિકલ -14 )

(2) ધર્મ , જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણોસર ભેદભાવ નહિ(આર્ટિકલ- 15)

(3) સ્ત્રીઓ અને બાળકો માટે વિશેષ જોગવાઈ માટે રાજ્યને સત્તા(આર્ટિકલ -15 )

(4) જાહેર નોકરીઓમાં સમાન તક, તેમાં પણ ધર્મ, જાતિ , જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણોસર ભેદભાવ નહિ (આર્ટિ.– 16)

(5) અસ્પૃશ્યતા નાબુદી (આર્ટિકલ - 17)

(6) વૈયક્તિક સ્વાતંત્ર્યો જેવા કે; વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, એકઠા થવાનું, સંગઠન રચવાનું, ભારતમાં હરવા તથા ફરવાનું, વસવાટ કરવાનું, કાયદેસરનાં વ્યાપાર, વ્યવસાય તથા ધંધાનું સ્વાતંત્ર્ય (આર્ટિકલ-19)

(7) જીવન અને વૈયક્તિક સ્વાતંત્ર્યો (આર્ટિકલ- 21)

(8) 6 થી 11 વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ (આર્ટિકલ- 21)

(9) આરોપીના અધિકારો, જેવા કે પૂર્વવર્તી કાયદાને આધારે વ્યક્તિને સજા કરી શકાય નહિ. એક જ ગુના માટે એકથી વધારે વાર કામ ચલાવી શકાય નહિ. કોઈ પણ વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનાવ કે પુરાવો આપવા ફરજ પડી શકાય નહિ. (સ્વદોષારોપણ) ( આર્ટિકલ-20 )

(10) આરોપીને ધરપકડનાં કારણો જાણવાનો હક્ક, પોતાની પસંદગીના ધારાશાસ્ત્રી મારફતે પોતાનો બચાવ કરવાનો અધિકાર, ધરપકડના 24 કલાકમાં સૌથી નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવાનો અધિકાર. (આર્ટિકલ-22)

(11) વિનામૂલ્યે સેવા, ગુલામી કે વેઠ તથા માનવવ્યાપાર પર પ્રતિબંધ (આર્ટિ.- 23)

(12) 14 વર્ષ સુધીનાં બાળકોને જોખમી સ્વરૂપના કારખાનાં, ખાણો કે અન્ય સ્થળોએ નોકરી પર રાખવા પર પ્રતિબંધ (આર્ટિકલ- 24 )

(13) ધાર્મિક શ્રદ્ધા, માન્યતા, વિચાર, પ્રચાર, સંસ્થાની સ્થાપના, સંચાલન, ચલાવવાની સ્વતંત્રતા. (આર્ટિકલ- 24 થી 28)

**ઉપચારો તથા અમલીકરણ :**

જો ઉપર મુજબના મૂળભૂત અધિકારોનું રાજ્ય દ્વારા ઉલ્લંઘન થાય તો રાજ્યની વડી અદાલત કે સર્વોચ્ચ અદાલતમાં રીટ અરજી દાખલ કરી શકાય.(આર્ટીકલ 226-227)

વિશેષમાં ભારતીય બંધારણના વિભાગ ચારમાં દરેક રાજ્યને માથે જવાબદારી લાદવામાં આવેલ છે કે રાજ્ય કુમળી વયનાં બાળકોનાં સ્વાસ્થ્યની જાળવણી કરશે, આર્થિક મજબૂરીને કારણે ઉંમર અને ક્ષમતાથી વિપરિત સ્વરૂપની કામગીરી તેમને કરવી ના પડે તે માટે કાળજી લેશે .

બાળકોના વિકાસ, તંદુરસ્તી અને મુક્ત વાતાવરણમાં પૂરતી સુવિધા સાથે શક્ય બને તથા નૈતિક કે ભૌતિક રીતના શોષણ સામે તેઓનું રક્ષણ થાય તે માટે રાજ્ય પ્રયાસ કરશે. (આર્ટિકલ-39 ઈ અને એફ )

**બાળકોના અધિકારો તથા મજુર કાયદાઓ :**

કામ કરતાં બાળકો માટે મજૂર કાયદાઓમાં કેટલીક લાભપ્રદ જોગવાઈઓ છે. તે નીચે મુજબ સંક્ષિપ્તમાં નીચે મુજબ કરવામાં આવેલ છે.

14 વર્ષથી નાની વયના બાળકોને ભયજનક ઉત્પાદકીય પ્રક્રિયામાં કામ પર રાખી શકાશે નહિ.

કોઈ પણ બાળક પાસેથી દિવસ દરમ્યાન ચાર કલાકથી વધારે કામ લઈ શકાય નહિ.

સળંગ અઢી કલાક બાદ અડધા કલાકનો વિરામ અપાવો ફરજિયાત છે.

સળંગ છ દિવસ બાદ એક દીવસની રજા ફરજિયાત છે,

જોખમી ગતિમાં રહેતાં યંત્રો સાફ કરવા, ગ્રીસ કે ઓઈલિંગ કરવા કે તેને ગોઠવવાં નજીક બાળકને જવા દઈ શકાય નહિ.

રૂની ગાંસડી બંધાતા કારખાનામાં રૂ સાફ કરનાર યંત્ર પર બાળકોને કામ પર રાખી શકસે નહિ.

નિર્ધારિત વજન કરતાં વધુ વજન ઉંચકવા બાળકને ફરજ પડી શકાય નહિ. સાંજના 7 થી સવારના 6 વાગ્યા સુધી બાળકને કામ પર રોકી શકાય નહિ.

કામના સ્પ્રેડ અવર પાંચ કલાકથી વધુ ના હોવા જોઈએ.

એક વર્ષ કરેલ વાસ્તવિક કામના બદલામાં 20 દિવસની હક્ક રજા મળવાપાત્ર છે. જે વધારેમાં વધારે 60 દિવસની જમા થઈ શકે. કારખાના ધારો 1948 અને દુકાન અને વાણિજ્ય સંસ્થા ધારો 1952 મુજબ.

સજા-કાયદાની કોઈ પણ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર માલિક/મેનેજરને બે વર્ષ સુધીની કેદ અથવા રૂા. એક લાખ સુધીના દંડની શિક્ષા થઈ શકે છે.

ઉપાય : કારખાના ધારો 1948 અને દુકાન અને વાણિજ્ય સંસ્થા ધારો 1952 હેઠળ નિમાયેલા નિરીક્ષકોને ફરિયાદ કરવાની રહે છે.

**બાળકોના અધિકારો અને વારસો :**

દરેક બાળક તેના વડીલોપાર્જિત મિલકતમાંથી વારસો મેળવવાનો અધિકાર ધરાવે છે ( હિન્દુ વારસા ધારો 1956 ની કલમ -6)

દરેક અનૌરસ બાળક ઔરસ જ છે પણ વરસની બાબતમાં ફક્ત તેના પિતાની સંપત્તિમાંથી અન્ય ઔરસ સંતાનો સાથે વારસો મેળવવાનો અધિકાર ધરાવે છે. (હિન્દુ લગ્ન ધારો, કલમ-16)

**બાળકોનો કબજો :**

બાળક જ્યાં સુધી 5 વર્ષનું ન થાય ત્યાં સુધી તેનો કબજો સામાન્ય સંજોગોમાં માતા પાસે રહે છે. ત્યારબાદ જો પિતાને કબ્જો જોઈતો હોય તો કોર્ટમાં અરજી કરવી પડે અને કોર્ટ બાળકના હિતના ઉચિત ઓર્ડર કરી શકે. અનૌરસ બાળકનાં કબજામાં માતાને પ્રાથમિકતા આપવામાં આવે છે. જયારે પતિએ બીજાં લગ્ન કર્યાં હોય તેવા કિસ્સામાં જો માતા આર્થિક પગભર હોય અને બાળકનું હિત સચવાતું હોય તો બાળકનો કબજો માતા પાસે રહે છે. એ જ રીતે પિતા પર હત્યાનો આરોપ હોય તેવા સંજોગોમાં પણ બાળકનો કબજો માતા પાસે રહે છે. વધુમાં બાળકનો કબજો ગમે તેની પાસે હોય પરંતુ સામા પક્ષકારને બાળકની મુલાકાત માટેનો હુકમ પણ મળી શકે છે. (હિન્દુ લગ્ન ધારો 1955ની કલમ-26 )


**બાળકોના અધિકારો અને ભરણપોષણ :**

દરેક ઔરસ/અનૌરસ બાળક, જ્યાં સુધી સગીર હોય ત્યાં સુધી તેના પિતા અથવા માતા પાસેથી ભરણપોષણ મેળવવા અધિકૃત છે. (હિન્દુ ભરણપોષણ અને દત્તક વિધાન ધારો, 1956ની કલમ -20)

ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ 125 અન્વયે પણ કોઈ પણ ધર્મનું બાળક તેના પિતા પાસેથી ભરણપોષણ મેળવવા અધિકૃત છે.

આમ, સમાજમાં સૌથી વધુ અસુરક્ષિત વર્ગ બાળકો છે. કોઈ પણ રાષ્ટ્રના વિકાસનો આધાર તેના બાળકોની સુરક્ષિતતા, તેના શિક્ષણ, સંસ્કાર,અને તેને પૂરી પડેલ વિકાસની તકો પર નિર્ભર છે.

જો બાળક શિક્ષિત, રક્ષિત અને સંસ્કારોથી દીક્ષિત હશે તો તે સારો નાગરિક બનીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યથાશક્તિ યોગદાન આપી શકશે અને તેથી જ બાળવિકાસ અને બાળકલ્યાણ સાધવું એ સામાજિક વિકાસની પૂર્વશરત છે. જો બાળકો રાષ્ટ્રની સંપત્તિ રૂપ હોય તો તેનો ઉછેર, સારસંભાળ ખૂબ જ કાળજીપૂર્વક અને જવાબદારીપૂર્વક થવી જોઈએ. બાળકો શારીરિક દષ્ટીએ સ્વસ્થ અને સક્ષમ બને ,માનસિક રીતે ચેતતનવંતા બને તેમની બોદ્ધિક શક્તિઓનો વિકાસ થાય, તેનામાં નૈતિક મૂલ્યોના સંવર્ધન દ્વારા તે સ્વસ્થ, સમજદાર અને જવાબદાર નાગરિક બને તે જોવાની આપણી પ્રાથમિક ફરજ બની રહે છે.



# ‘વિકસિત ભારત’ સનાતન ધર્મના મૂળને ઉજાગર કરતો મંત્ર



ડૉ. નરેન્દ્રકુમાર ડી. વસાવા
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર
મો. : 9427876980

વિકસિત ભારતની સંકલ્પના રાષ્ટ્રનિર્માણની સીડી છે, જે રાષ્ટ્રના યુવાનોમાં નવી ચેતના ઊર્જિત કરવાના શુભ આશયથી આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિનું જીવંત ઉદાહરણ છે. ॐ सर्वे भवन्तु सुखिनःसर्वे सन्तु निरामयाः ...ના શુભ આશયથી રાષ્ટ્રનિર્માણનું કાર્ય યુવાનોનને ખભે મૂકી દુરંદેશી પ્રધાનમંત્રીનું આહ્‌વાન સર્વેને નવીન ઊર્જા બક્ષે છે. આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ “વસુધૈવ કુટુમ્બકમ્” વિચારધારાને પ્રાધાન્ય મળી રહ્યું હોય એમ લાગે છે. “વસુધૈવ કુટુમ્બકમ” એ સનાતન ધર્મનો મૂળ મંત્ર છે, જે મહાઉપનિષદ સહિત અનેક ગ્રંથોમાં લિપિબદ્ધ થયેલ છે. એનો અર્થ ધરતી જ પરિવાર છે એવો થાય છે. ઇતિહાસ સાક્ષી છે કે ભારતના મહાન વિચારકો અને સમ્રાટોએ વિશ્વના કલ્યાણ માટે હંમેશાં પ્રયાસ કર્યા છે. ચક્રવર્તી સમ્રાટ અશોકને યુદ્ધની ખાના ખરાબી વિશે સમજાયું ત્યારે તેમણે આત્મશાંતિ માટે યુદ્ધ છોડીને બૌદ્ધ ધર્મ અપનાવ્યો, આ મહાન સમ્રાટ જ નહીં પરંતુ મહાન ભારતીય સંસ્કારના સ્તંભનું ઉદાર અને વિસ્તૃત પાત્ર છે, જેમણે “વસુધૈવ કુટુમ્બકમ્”ની ભાવના દર્શાવી છે.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે કોઈપણ રાષ્ટ્રના જીવનમાં ઇતિહાસ એવો સમયગાળો પૂરો પાડે છે જે તેની વિકાસયાત્રામાં અભૂતપૂર્વ પ્રગતિ કરી શકે છે. ભારત દેશ માટે, આ સમય “અમૃત કાળ છે” અને ભારતના ઇતિહાસનો આ સમયગાળો અમૂલ્ય છે. આપણો દેશ ક્વોન્ટમ લીપ લેવા જઈ રહ્યો છે.

પ્રધાનમંત્રીએ પ્રેરણાનાસ્રોત તરીકે સ્વતંત્રતા માટેના ભવ્ય સંગ્રામનો પુનરોચ્ચાર કર્યો અને યુવાનોને તે વિષે અવગત થવા આહ્‌વાન કર્યું. આઝાદી પૂર્વેનો સમય સત્યાગ્રહ, ક્રાંતિકારી માર્ગ, અસહકાર, સ્વદેશી અને સામાજિક અને શૈક્ષણિક સુધારા જેવા દરેક પ્રયાસો દ્વારા સ્વતંત્રતા તરફ ધ્યાન દોરતો હતો. આ સમયગાળામાં કાશી, લખનૌ, વિશ્વભારતી, ગૂજરાત વિદ્યાપીઠ, નાગપુર યુનિવર્સિટી, અન્નામલાઈ, આંધ્ર અને કેરળ યુનિવર્સિટી જેવી યુનિવર્સિટીઓએ રાષ્ટ્રની ચેતનાને મજબૂત કરી. રાષ્ટ્રની આઝાદી માટે સમર્પિત યુવાનોની એક આખી પેઢી અસ્તિત્વમાં આવી જેના દરેક પ્રયાસો સ્વતંત્રતાના ધ્યેય તરફ નિર્દેશિત હતા. “આજે, દરેક સંસ્થા અને દરેક વ્યક્તિએ એક સંકલ્પ સાથે આગળ વધવું જોઈએ કે દરેક પ્રયાસ અને કાર્ય વિકસિત ભારત માટે થશે. પ્રધાનમંત્રીશ્રી એ યુવાનોને કહ્યું કે તમારાં ધ્યેયો, તમારા સંકલ્પોનું લક્ષ્ય માત્ર એક જ હોવું જોઈએ-વિકસિત ભારત.” વડાપ્રધાને જણાવ્યું હતું કે શિક્ષકો અને યુનિવર્સિટીઓ ભારતને વધુ ઝડપી ગતિએ વિકસિત દેશ બનાવવાના માર્ગો શોધવા અંગે વિચારણા કરે છે અને વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં સુધારણા માટે ચોક્કસ ક્ષેત્રોની પણ ઓળખ કરે છે.

પ્રધાનમંત્રી મોદીએ દરેક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને યુવાનોની ઊર્જાને ‘વિકિત ભારત’ના સામાન્ય ધ્યેયને હાંસલ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિચારોની વિવિધતાની નોંધ લેતા વડાપ્રધાને વિકસિત ભારતના નિર્માણ તરફના તમામ પ્રવાહોને જોડવા પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ Viksit Bharat@2047 ના વિઝનમાં યોગદાન આપવા માટે દરેકને તેમની મર્યાદાઓથી આગળ વધવા વિનંતી કરી. વધુમાં વધુ યુવાનોને આ અભિયાન સાથે જોડવા માટે તેમણે દેશની દરેક કોલેજ અને યુનિવર્સિટીમાં

વિશેષ અભિયાન ચલાવવાનું સૂચન કર્યું હતું. વડાપ્રધાને Viksit Bharat સંબંધિત આઈડિયાઝ પોર્ટલ લોન્ચ કરવાનો ઉલ્લેખ કર્યો અને માહિતી આપી કે પાંચ અલગ-અલગ થીમ પર સૂચનો આપી શકાય છે. ''શ્રેષ્ઠ દસ સૂચનો માટે ઈનામની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તમે MyGov પર તમારાં સૂચનો પણ આપી શકો છો'', તેમણે ઉમેર્યું. ''વિચારની શરૂઆત 'હું' થી થાય છે જેમ ભારત 'હું' થી શરૂ થાય છે'', વડાપ્રધાને ટિપ્પણી કરી હતી. કારણ કે તેમણે રેખાંકિત કર્યું હતું કે વિકાસનો વિચાર ફક્ત 'હું' થી જ શરૂ થઈ શકે છે.

સૂચનો મેળવવાની કવાયતને વિસ્તૃત કરતાં, વડાપ્રધાને રાષ્ટ્રીય હિતને સર્વોપરી રાખતી અમૃત પેઢી બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે શિક્ષણ અને કૌશલ્યથી આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને નાગરિકોમાં રાષ્ટ્રીય હિત અને નાગરિક ભાવના માટે સતર્કતા માટે હાકલ કરી હતી. 'જ્યારે નાગરિકો, કોઈ પણ ભૂમિકામાં, તેમની ફરજ બજાવવાનું શરૂ કરે છે, ત્યારે દેશ આગળ વધે છે', વડાપ્રધાને કહ્યું.

તેમણે પાણીના સંરક્ષણ, વીજળીની બચત, ખેતીમાં ઓછા રસાયણોનો ઉપયોગ અને જાહેર પરિવહનના ઉપયોગ દ્વારા કુદરતી સંસાધનોની જાળવણીનાં ઉદાહરણો આપ્યાં હતાં. તેમણે શિક્ષણશાસ્ત્રી સમુદાયને સ્વચ્છતા અભિયાનમાં નવી ઊર્જા આપવા, જીવનશૈલીના મુદ્દાઓ સામે લડવા અને યુવાનો દ્વારા મોબાઈલ ફોનથી આગળની દુનિયાની શોધખોળના માર્ગો સૂચવવા જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ માટે રોલ મોડલ બનવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સામાજિક વિચારસરણી શાસનમાં પણ પ્રતિબિંબિત થાય છે અને ડિગ્રી ધારકોમાં ઓછામાં ઓછું એક વ્યાવસાયિક કૌશલ્ય હોવું જોઈએ તે જોવા માટે સભાને કહ્યું. 'તમારે દરેક કેપ, દરેક સંસ્થા અને રાજ્યસ્તરે આ વિષયો પર વિચાર-મંથનની વ્યાપક પ્રક્રિયાને આગળ વધારવી જોઈએ', તેમણે ઉમેર્યું.

'વિકસીત ભારત'ના વિકાસના સમયગાળાને પરીક્ષાના સમયગાળાની સામ્યતા દર્શાવતા, વડાપ્રધાને વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ, તૈયારી અને સમર્પણ તેમજ લક્ષ્યને સિદ્ધ કરવા માટે જરૂરી શિસ્ત જાળવવામાં પરિવારોના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ટિપ્પણી કરી હતી કે દેશના નાગરિકો તરીકે અમારા માટે પરીક્ષાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. ''અમારી સામે અમૃતકાળના 25 વર્ષ છે. વિકસીત ભારતના ધ્યેય માટે આપણે 24 કલાક કામ કરવું પડશે. આ એવું વાતાવરણ છે જે આપણે એક કુટુંબ તરીકે બનાવવાનું છે'', વડાપ્રધાને ભાર મૂક્યો હતો.

દેશની ઝડપથી વધતી જતી વસ્તી યુવાનો દ્વારા સશક્ત થઈ રહી છે તેની નોંધ લેતાં શ્રી મોદીએ માહિતી આપી હતી કે આવનારાં 25-30 વર્ષ સુધી કામકાજની વયની વસ્તીના સંદર્ભમાં ભારત અગ્રેસર બનવા જઈ રહ્યું છે અને વિશ્વ તેને ઓળખે છે. પીએમ મોદીએ કહ્યું, 'યુવા શક્તિ પરિવર્તનની એજન્ટ છે અને પરિવર્તનના લાભાર્થી પણ છે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી 25 વર્ષ આજની કોલેજો અને યુનિવર્સિટીઓમાં યુવાનોની કારકિર્દી માટે નિર્ણાયક બનવાનાં છે. યુવાનો જ ભવિષ્યમાં નવા પરિવારો અને નવા સમાજનું નિર્માણ કરવાના છે. તેની નોંધ લેતાં વડાપ્રધાને કહ્યું કે વિકસિત ભારત કેવું હોવું જોઈએ તે નક્કી કરવાનો અધિકાર તેમને જ છે. આ ભાવના સાથે વડાપ્રધાને ઉમેર્યું હતું કે, સરકાર દેશના દરેક યુવાનોને વિકસિત ભારતની કાર્યયોજના સાથે જોડવા માંગે છે. વડાપ્રધાને દેશના યુવાનોના અવાજને વિકસિત ભારતના નિર્માણ માટે નીતિ વ્યૂહરચના બનાવવા પર ભાર મૂક્યો હતો અને યુવાનો સાથે મહત્તમ સંપર્ક જાળવી રાખતી શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રગતિનો રોડમેપ એકલા સરકાર દ્વારા નહીં પરંતુ રાષ્ટ્ર દ્વારા નક્કી કરવામાં આવશે. 'દેશના દરેક નાગરિકનો તેમાં ઈનપુટ અને સક્રિય ભાગીદારી હશે', શ્રી મોદીએ નિર્દેશ કરતા

કહ્યું કે સૌથી મોટા સંકલ્પો પણ સબકા પ્રયાસના મંત્ર એટલે કે જનભાગીદારી દ્વારા પૂર્ણ કરી શકાય છે.

તેમણે સ્વચ્છ ભારત અભિયાન, ડિજિટલ ઈન્ડિયા અભિયાન, કોરોના રોગચાળા દરમિયાન સ્થિતિસ્થાપકતા અને સબકા પ્રયાસની શક્તિને ઉજાગર કરતા સ્થાનિક માટે વોકલના ઉદાહરણો આપ્યાં હતાં. 'વિકસિત ભારતનું નિર્માણ માત્ર સબકા પ્રયાસ દ્વારા જ થવાનું છે.'

શ્રી મોદીએ આ પ્રસંગે ઉપસ્થિત વિદ્વાનો પાસેથી ઉચ્ચ અપેક્ષાઓનો પુનરોચ્ચાર કર્યો હતો. કારણ કે તેઓ જ દેશના વિકાસના વિઝનને આકાર આપે છે અને યુવા શક્તિને ચેનલાઇઝ કરે છે.

'દેશનું ભાવિ લખવાનું આ એક મહાન અભિયાન છે', વડાપ્રધાને સમાપન કર્યું અને તેમને વિક્ષિત ભારતની ભવ્યતાને વધુ વધારવા માટે તેમનાં સૂચનો સ્વીકારવા વિનંતી કરી.

## सतत विकास

करें गरीबी का निवारण,
मिलकर बचाए पर्यावरण,
हो समाज मैं आत्मनिर्भरता,
बिना फर्क किए हो लैंगिक समानता !

कोई व्यक्ति न भूखा सोए,
उद्योग, नवाचार, बुनियादी सुविधाएं,
उत्तम स्वास्थ्य और खुशहाली,
लक्ष्य हेतु हो हमारी भागीदारी !

गुणवत्तापूर्ण हो शिक्षा,
जलीय और थलीय जीवो की सुरक्षा,
स्वच्छ जल और स्वच्छता,
जलवायु परिवर्तन आपदा से सामना करने की क्षमता !

शांति, न्याय और हो सशक्त संस्थाएं,
संवहनीय शहर और समुदाय,
असमानताओं में कमी की चुनौती,
उर्जा हो प्रदूषण मुक्त और सस्ती !

सतत विकास देश में लाए,
जानिए इसकी सारी विशेषताएं,
भविष्य की पीढ़ी की भी पूरी हो आवश्यकताएं,
हम सब मिलकर भारत देश को विकसित बनाएं !!

**– डॉ. माधवी बोरसे**

# વિકસિત રાષ્ટ્રનિર્માણ માટે માતાપિતા અને શિક્ષકો શું કરી શકે?



મણિલાલ એમ. શ્રીમાળી
'મિલન'
અમદાવાદ.
મો. : 9723673183

સૌ પ્રથમ તો ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા વિકસિત ભારત@2024ના સંદર્ભે બાળકોના વિકાસ અને કેળવણીનું સ્તર-સ્થાન કેવું અને કેટલું હોવું જોઈએ, સાથે-સાથે બાળઉછેર કઈ રીતે થઈ શકે એવા ઉમદા વિચારોને પ્રજા સમક્ષ ખુલ્લા મૂકવા બદલ બાળ-વિશ્વવિદ્યાલય-ગાંધીનગરને લાખ-લાખ વંદન... સલામ સહ ધન્યવાદ આપવા જ ઘટે.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં માતા-પિતા અને શિક્ષકો પોતાની ભૂમિકા કેવી રીતે ભજવી શકે અને અસરકારક પરિણામ લાવી શકે એવા ઉચ્ચ ખ્યાલોને રજૂ કરવાના વિષયને આવકારતા આજે સાચે જ હૃદયમાં આનંદની અનુભૂતિ-લાગણી થાય છે.

પોતાનું સંતાન એ જ પોતાની સંપત્તિ હોઈ આપણે એને સાચવીશું તો જ એ આપણને સાચવશે. માટે એની પાસે નિયમિત બેસી સારી ચર્ચા-વિચારણા કરવી જોઈએ. આ માટે શિક્ષણ જ સર્વસ્વ છે એનો ખ્યાલ આપવો જોઈએ. બાળકોને સંભાળવાં અઘરામા અઘરું કામ છે. એ કામ આપણે જ કરવાનું છે. હું માનું છું કે બાળકોને ભણાવવાં કરતાં વધારે કેળવવાં જોઈએ.

બાળકોને સુષુપ્ત અવસ્થામાંથી ઢંઢોળીને જગાડવાં પડશે. એનામાં રહેલી શક્તિને ઉમરનાં પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા આપવી જોઈએ. પછી તો એ આપ મેળે જ ઊગશે. બાળકો ઈન્દ્રિયો દ્વારા ઘણું બધું શીખે છે. આ જગત જેના થકી બન્યું છે તેમાં રસ, રંગ, રૂપ, ગંધ, વર્ણ વગેરેને એ પોતાની સગી ઈન્દ્રિયો દ્વારા સમજવા માગતો હોય છે. વળી સૃષ્ટિના પશુ-પંક્ષીઓ જીવજંતુઓ સાથે આત્મસાત્ કરવા ઝંખતો હોય છે. એને એનું જ્ઞાન આપવું જોઈએ. એને એમ કરતાં રોકવો કે ટોકવો જોઈએ નહીં.

બાળક પાસે સ્પર્શની ભાષા હોય છે. એની પાસે શક્તિનો ખજાનો પડ્યો હોય છે. એ અનુભવથી શીખતો હોવાથી એને હંમેશાં પ્રવૃત્તિમયી રાખવો જોઈએ, જેથી એનો સંપૂર્ણ વિકાસ થાય.

આમ તો બાળક 5 થી 6 કલાક શાળામાં ને 15 થી 20 કલાક મા-બાપ સાથે રહે છે, જેથી એ પ્રમાણે મા-બાપ તથા શિક્ષકે એ સમય પ્રમાણે એનો ઉછેર-વિકાસ કેળવણીના કક્કાથી શીખવવાનો હોય છે. આપણે આદર્શ માતા-પિતા બનવા માટે બાળકોની બધી જ જરૂરિયાત પૂરી પાડવી જોઈએ. એનાથીયે આગળ બાળકને જે પ્રમાણે પ્રેમ-હૂંફ લાગણી, મમતા, સહવાસ જોઈએ છે. તે આપણે આપીએ છીએ ખરા ? કે માત્ર બાળકને રમકડાં હાથમાં પકડાવી શાંત કરીએ છીએ. ખરેખર તો બાળકને રમકડાં કે મોબાઈલ કરતાં વધારે જરૂર આપણે એને સમય (Time) આપવાની જરૂર છે. તો જ બાળકનો સાચો વિકાસ થઈ શકશે. એનામાં વિશ્વાસ સાથે પ્રેરણા આપવી જોઈએ. એ કોઈ ખાલી વાસણ નથી કે એનામાં જ્ઞાનને ઠાંસી ઠાંસી ભરી શકાય ! એમ કંઈ મોટો-મહાન માણસ ના બનાવી શકાય. માતા-પિતાએ આના માટે ઘણું બધું કામ કરવાનું હોય છે.

**માતા-પિતાની ભૂમિકા :**

- સારી ટેવો અને નિયમિતતા શીખવો.
- પ્રેરક પ્રસંગો ને મનગમતા વિષયોની વાત કરો.
- ઘરમાં બાળ સામયિકો કે સમાચારપત્રો લાવી વાંચી ને વંચાવો. દેશ-વિદેશના સમાચારોથી વાકેફ કરો.
- બાળકોના શોખ, રસ અને રુચિ પ્રમાણેના વિષયનું જ્ઞાન આપો. યોગ્ય માર્ગદર્શન પૂરું પાડો.
- વિવેક, વાણી, વિનય જેવા સુસંસ્કારનાં બીજ બાળપણથી રોપો.

- ઘરની પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફ કરી એ પ્રમાણે વર્તન કરવાનું કહો.
- બાળકો હંમેશાં જિદ્દી અને તોફાની હોય જ છે, એની જિદ પૂરી કરો પણ તાત્કાલિક નહિ. પહેલાં એને સમજાવી ફોસલાવી અન્ય વાતોમાં ધ્યાન દોરાવો.
- બાળકોનો અભ્યાસ કેવો ચાલે છે. એ પોતે કેવો સક્ષમ છે, એ માટે અવાર-નવાર શાળાની ચોક્કસ મુલાકાત લો. લેવી જ જોઈએ.
- એની પોતાની સ્કૂલબેગ અવાર-નવાર તપાસો.
- સ્કૂલમાં કે બહાર એના દોસ્તો, મિત્રો, બહેનપણી વિશની માહિતી મેળવો ને સહેજ પણ શંકા જાય તો એને એનાથી દૂર કરી શકો છો.
- સારા-માઠા પ્રસંગોએ સામાજિક મેળાવડાઓ કે અન્ય સ્પર્ધાઓમાં ભાગ લેતા કરો.
- આજના સોશિયલ મીડિયાથી બને એટલા દૂર રાખો. ટી.વી., મોબાઈલનો ઉપયોગ પણ અમુક ચોક્કસ સમય માટે કરતાં શીખવો. જ્ઞાનવર્ધનક કાર્યક્રમો બતાવો. બાળક વધારે પડતું મોબાઈલ કે ટી.વી. જોતું હોય તો એનાથી થતાં નુકાસનથી સચેત કરો/બચાવો.
- એનામાં સત્યપાલન, અહિંસા, નિયમિતતા, સ્વચ્છતાના ગુણો કેળવો.
- કોઈ પણ પ્રકારના વ્યસનથી હંમેશાં દૂર રાખજો.
- એનામાં આત્મવિશ્વાસ જાગે એવા કાર્યનું મૂલ્યાંકન કરો.
- જીવનમાં સફળતા મળે તો છકી ના જવું ને નિષ્ફળતા મળે તો હતાશ કે નિરાશ ના થવું એવું જ્ઞાન આપો.
- ઘર વપરાશની ચીજો જેવી કે વીજળી, પાણી અન્ય ઈલેક્ટ્રિક સાધનોનો વપરાશ યોગ્ય રીતે કરવા શીખવો, એની બચત કરતા શીખવો.
- વૃક્ષોનો મહિમા, પર્યાવરણ બચાવો, પ્રકૃતિની ઓળખાણ કરાવો.
- સંગીત, કલા-સાહિત્ય, રમતગમત, યોગ વગેરે વિષયોમાં પણ ખાસ રસ લેતા થાય એવું પ્લેટફોર્મ પૂરું પાડો.
- ખાસ તો મા-બાપે એ પણ ધ્યાન રાખવાનું હોય છે કે બાળક હંમેશાં સ્વમાની હોય છે. એવું સ્વમાન સાચવા મિત્રો/ સગા-સબંધીઓ કે શાળામાં કોઈની હાજરીમાં નીચો ના દેખાડો. ઉતારી ના પાડો. એને સારું વર્તન કરવા વિશે જણાવો.
- ગમે તેવી ગંભીર પરિસ્થિતિમાંથી કેમ બહાર નીકળવું અને તેમને સમજાવો કે ભૂલની જાણ માતા-પિતાને કરે. આવુ કરવાથી સમસ્યાનો ઉકેલ પણ આવશે અને યોગ્ય માર્ગદર્શન પણ મળશે.
- આ મૂલ્યવાન માનદેહનું મૂલ્ય સમજાવો.

**શિક્ષકની ભૂમિકા :**

ગુરુ-શિષ્યનો સબંધ હંમેશાં પવિત્ર ને નિર્મળ રહ્યો છે. એમાં ક્યાંય ઊણપ ન આવે એનું ધ્યાન રાખવું જોઈએ. ગુરુ-શિષ્ય સબંધનું યોગ્ય રીતે પાલન થવું જોઈએ.

ગુરુ-શિષ્ય એકબીજાના પૂરક છે. પોતાનાં બાળકો (શિષ્ય)ને કેવી રીતે આદર્શ વિદ્યાર્થી/રાષ્ટ્રનો નાગરિક બનાવી શકાય એ પ્રમાણેની કેળવણી શાળાના અભ્યાસ દરમ્યાન આપવી જોઈએ. એના માટે શિક્ષકે હંમેશાં ધ્યાન રાખવું જોઈએ કે...

- શાળામાં નિયમિતતા રાખવી ને શિસ્તપાલન કરવું.
- ખાસ તો બાળકો સાથે પ્રેમથી વર્તવું જોઈએ ને બાળક સાથે બાળક બની- મિત્ર બની શિક્ષણ આપવું જોઈએ.
- ઉપરાંત વર્ગખંડમાં બોલતાં પહેલાં- ભણાવતી વખતે પોતાની જીભ અને ભાષા ઉપર કાબૂ રાખવો જોઈએ. બાળકો સાથે- સામે ગમે તેવી ભાષાનો ઉપયોગ ન કરી શકાય, કારણ કે બાળક આનું અનુકરણ તરત જ કરી લેતો હોય છે.
- ગુરુપદેથી બાળકોને ભણાવવાની જવાબદારી ભગવાનને માથે રાખી સંપૂર્ણપણે અદા કરવી જોઈએ.
- આપણને તો પગાર મળે જ છે ને, ક્યાં કોઈ કાપી લેવાનું છે એવો ખ્યાલ દૂર કરવો ને માત્ર સમય પસાર કરી દિવસ પૂરો થતાં ઘેર નીકળી જવું એ એમને શોભતું નથી... શિક્ષકે તો પગારના પ્રમાણે બાળકોને

સાચું, સારું, આદર્શને સરળ-યોગ્ય શિક્ષણ આપવું જ જોઈએ.

- જે માતા-પિતાએ શાળા ઉપર શિક્ષકો ઉપર અને સંચાલકો ઉપર વિશ્વાસ મૂકી પોતાનાં બાળકોને ભણવાં મૂક્યાં છે એ ભરોસો-વિશ્વાસ ક્યારેય તૂટવા દેવો જોઈએ નહિ. કારણ કે બાળકોની જિંદગી-ભવિષ્ય બનાવવું શિક્ષકોના હાથમાં છે.
- બાળકોને સાહિત્ય-સંગીત-કલા, અન્ય રમત-ગમત, યોગ જેવાં કાર્યોની સ્પર્ધામાં ભાગ લેવા સંપૂર્ણ તૈયારી કરાવી યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં અવ્વલ નંબરે રહે એવી મહેનત કરાવવી જોઈએ.
- શાળામાં બાળવાર્તા કથન/બાળગીતો/અભિનય ગીતો/ઉખાણાં-જોડકણાં વગેરેના કાર્યક્રમો અવાર-નવાર રાખવા જોઈએ.
- પ્રવાસ પર્યટનનું આયોજન કરવું જોઈએ. વિજ્ઞાનમેળામાં ભાગ લેવા પ્રેરણા-માર્ગદર્શન આપી ભાગ લેવડાવવો જોઈએ.
- વ્યક્તિગત સમસ્યા, ઝઘડા કે મૂંઝવણનો પ્રભાવ શાળાના વર્ગખંડમાં ન પડવા દેવો જોઈએ.
- શૈક્ષણિક કાર્ય માટે ઉપલબ્ધ સાધનોનો વ્યવસ્થિત ઉપયોગ કરી બાળકોને સમજાવવાં જોઈએ.
- બાળકોની કોઈ પણ ભૂલ થઈ હોય તો એને પ્રેમથી સમજાવી, ફોસલાવી માફ કરવી જોઈએ. એને અન્ય વિદ્યાર્થી સમક્ષ સ્વમાન ઘવાય એવું વર્તન કે મારપીટ ના કરવી જોઈએ.
- બાળક સાથે બાળક બની રચનાત્મક કાર્યો કરવાં, પ્રેરણા આપવી.
- શાળામાં નાત-જાતના ભેદભાવ ક્યારેય રાખવા ના જોઈએ. એના માટે બધાં જ બાળકો સમાન ગણવાં જોઈએ.
- દરેક વિષયને પૂરતો ન્યાય આપી ભણાવવાં જોઈએ.
- બાળકોથી જો કોઈ ભૂલચૂક થઈ હોય તો એને શારીરિક કે માનસિક શિક્ષા કરવાને બદલે રચનાત્મક કે સર્જનાત્મક કાર્યો તરફ વાળવો જોઈએ.
- મોબાઈલ, ટી.વી.ના વળગણી દૂર રાખવો ને એનાથી થતાં નુકસાનથી ચેતવવો- કોઈપણ પ્રકારનું વ્યસન ન કરવુ જોઈએ. એની ઉપર ખાસ ભાર મુકાવો જોઈએ.
- બાળક પ્રત્યે હંમેશા હકારાત્મક અભિગમ રાખવો.
- પુસ્તકીયા જ્ઞાન ઉપરાંત ઈતર પ્રવૃત્તિ અને વિશેષ સામાન્ય જ્ઞાન શીખવાડવું જોઈએ.
- શિક્ષકે વાસ્તવિક જીવનના અનુભવો અને પ્રસંગો વિદ્યાર્થી સમક્ષ રસપ્રદ રીતે રજૂ કરવા જોઈએ. આ ઉપરાંત પરિસ્થિતિનો ઉકેલ મેળવવા વિદ્યાર્થીને જાતે વિચારતો કરવો જોઈએ.

આ બધાં ઉપરથી બાળકોને એ અનુભૂતિ થવી જોઈએ કે મારાં માતા-પિતા મને ખૂબ જ ચાહે છે ને મારા શિક્ષકો-ગુરુ પણ મને ખૂબ જ પ્રેમ કરે છે, ચાહે છે.


માતા-પિતા ને શિક્ષકો જો એમની ભૂમિકા યોગ્ય રીતે દિલથી ભજવશે તો ચોક્કસ આજનું બાળક આવતી કાલના રાષ્ટ્રનિર્માણનો સારો ઘડવૈયો/મહાન નેતા થઈ શકશે. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

એટલે જ મને આજે 'મુછાળી મા' તરીકે ઓળખાતા આપણા બાળસાહિત્યના ભીષ્મપિતામહ ગિજુભાઈ બધેકાનું અવતરણ અહીં ટાંકવાનું મન થાય છે, કે એમણે સાચે જ કહ્યું છે કે,

"મા-બાપે ક્લબમાં જવાનું છોડી બાળકને બાગમાં લઈ જવા જોઈએ. ગપ્પાં મારવાના બદલે બાળકોને પંખીઘર જોવા લઈ જવા જોઈએ. છાપુ વાંચવાનું છોડી બાળકોની વાતો સાંભળી રાત્રે સૂવડાવતી વખતે બાળકને મજાની વાર્તા કહેવી જોઈએ. એની પ્રત્યેક પ્રવૃત્તિમાં ઊંડો રસ છપાવવો જોઈએ. એટલે બસ, બધું જ આવી જાય.

વિકસિત રાષ્ટ્રનિર્માણમાં માતા-પિતા અને શિક્ષકની ઉપરોક્ત ભૂમિકાથી બાળકોનો અને રાષ્ટ્રનો વિકાસ કરવા શિક્ષણની કેડી આ રીતે કંડારી જીવનની ધન્યતા અનુભવવી જોઈએ.

# વિકસિતભારત@2047 અંતર્ગત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ગુજરાતના વિવિધ જિલ્લામાં 'યજ્ઞ' વ્યાખ્યાનમાળા





**38** અધ્યાપકો

**45** સ્થાનો

**13,294** વિદ્યાર્થીઓ

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
SSPOS Gandhinagar No. G-GNR-300. Licence valid upto 31-12-2025.
Published on 15th of every month and Posted on 20th of every month at SRO GNR.
Licence to Post without Prepayment No. PMG/HQ/108/2020-2022 Valid upto 31-12-2025.



**The aspirations of the youth of India can be achieved only through the mantra of**

**'Ek Bharat, Shrestha Bharat.'**

**- Shree Narendra Modi**

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧
ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ • ઈ-મેલઃ cu.balvishva@gmail.com
વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar